કુમાર

અંક ૧૨

ઊગતી પ્રજાનું માસિક

તંત્રી
રવિશંકર રાવળ

વર્ષ ૧ :: અંક ૧૨

માગશર

૧૯૮૧

લવાજમ

વરસના રૂ. [illegible] :: છ માસના રૂ. ૩

પરદેશના રૂ. ૭

છૂટક નકલના દસ આના

કુમાર કાર્યાલય
૪૪૮૦, રાયપુર : અમદાવાદ



દીનબંધુ ઍન્ડ્રુઝ

પુસ્તક પહેલું :: અંક ૧૨ — કુમાર — માગશર :: સંવત ૧૯૮૧

ઉગતી પ્રજાનું માસિક

તંત્રી : રવિશંકર રાવળ

કુમાર કાર્યાલય : ૪૪૮૦, ખાડિઆની પોળ, રાયપુર : અમદાવાદ

વરસના રૂ. ૬ :: ૭ માસના રૂ. ૩ :: પરદેશના રૂ. ૭ :: છુટક દસ આના.

બહારગામના એજન્ટો

નવજીવન કાર્યાલય, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ—૨.
વર્ધમાન ઍન્ડ સન્સ, ૧, પાયધુની, મુંબાઇ—૩.
કરાંચી બુકસ્ટૉલ, નેપીઅર રોડ, કરાંચી.
યુગાન્તર કાર્યાલય, લાલગેટ સામે, સુરત.

ગ્રાહકોને

¶ 'કુમાર'ના ગ્રાહકો વર્ષની શરૂઆતથી (એટલે ૧લા—પોષના—અંકથી) અથવા છ માસના બીજા હપતાની શરૂઆતથી (એટલે ૭મા—અષાડના—અંકથી) જ નોંધવાનો રીવાજ છે. એ સિવાય વરસની અધવચના કોઇ પણ મહીનેથી અમે ગ્રાહકો નોંધતા નથી. માટે ગ્રાહક થનારે ક્યારથી ગ્રાહક થવું છે તે સ્પષ્ટ લખી જણાવવું.

¶ 'કુમાર'ના રૅપર ઉપર દરેક ગ્રાહકનો ગ્રાહકનંબર લખવામાં આવે છે. ગ્રાહકોએ કોઈપણ પ્રકારનો પત્રવ્યવહાર કરતી વેળા એ ગ્રાહકનંબર અચુક લખવો. તે સિવાય કોઈ પણ જાતની વ્યવસ્થા કરવાનું બની નહિ શકે.

¶ ઘણીવાર છાપખાનાની કે એવી બીજી અડચણોને લીધે 'કુમાર'ના અંકો મોડા બહાર પડે છે; કેટલીક વાર ટપાલની ગરબડને લીધે પણ ગ્રાહકોને અંકો મોડા મળે છે, અથવા ગુમ થાય છે. એવે વખતે દર પુનમ પછી ગ્રાહકોએ આઠ દિવસ સુધી રાહ જોવી; અને ત્યાર પછી પણ અંક ન મળે તો ટપાલ ઓફિસે તેના પુરતી તપાસ કરીને જ અમને ખબર આપવા.

¶ લવાજમ વી. પી. કરતાં મનીઑર્ડરથી મોકલી વસુલ કરાવવું એ વધારે સુગમ અને ઓછું ખર્ચાળ છે.

લેખકોને

¶ પોતાનું પુરૂં નામ અને સરનામું, તથા પોસ્ટેજ નહિ મોકલ્યું હોય તો લેખ સંબંધી કોઇ પણ જાતનો જવાબ, કે ન સ્વીકારાએલા લેખો પાછા નહિ મોકલવામાં આવે.

¶ ઉગતા લેખકોના વિભાગ માટે ગ્રાહકોના જ લેખો સ્વીકારાય છે; એટલે તે વિભાગ માટે લખનારે પોતાનો ગ્રાહકનંબર લેખ પર લખી મોકલવો.

¶ લેખો બની શકે તેટલા ટુંકા, કાગળની એક જ બાજુએ, ચોકખે અક્ષરે અને શાહીથી લખેલા હોવા જોઇએ.

પુસ્તક કુમાર પહેલું

પોષ ૧૯૮૦થી માગશર ૧૯૮૧

મુખ્ય ચિત્રો

રંગીન

સાદાં

કાવ્યો

નાટિકા

જીવનચરિત્રો

વાર્તાઓ

લેખો

પરચુરણ



એક જ તરાપે વાઘ કિરીટની ગરદન પર ચડી ગયો ને હોદ્દાને વળગ્યો.

'કુમાર': માગશર' ૮૧

ફીનીક્ષ પ્રિન્ટિંગ વર્ક્સ



નવી સૃષ્ટિ

કલ્પનામાંથી સ્વપ્ન લાધે છે; અને સ્વપ્નમાં નવી ષ્ટિ જાગે છે. કૌમારની દેવી કલ્પના છે અને સ્વપ્નો એના સોબતીઓ છે. આજ તું કલ્પના કરીશ—સ્વપ્નાં રચીશ, અને કાલે નવી સૃષ્ટિ સરજાશે.

ચીલાચાલુ ન થા, ભાઈ. સર્વથા અસાધારણ બન. જુનાંઓથી તું જુદો પડે છે એટલા માટે ન અટકીશ—ન થોભીશ. તારી દુનીઆ ઘડવાનો કુદરતી હક તને જ છે. તો આવેલ અંતરાય ભેદી તારી ધુનમાં આગળ ધપજે, અને મહાપ્રાણ તું મેળવીશ.

તારી ચિત્રપોથીને ખુણેખુણે કલ્પનાની રમત કર, અને વિધાતાની શક્તિ તારી છે. તારી રોજનીશીને પાનેપાન સ્વપ્નની વાત માંડ, અને ભાવિનું મંડાણ તારે હાથ છે. તારા જીવનપંથની પળેપળ નવું ભાન જગાવ, અને જગતનો સુકાની તું છે.

........પણ તારી કલ્પના નિર્દોષ હોય, સ્વપ્ન સુંદર હોય અને સૃષ્ટિ સાચી હોય એ જાણવું ખસુસ જરૂરનું છે.

જોઇ શકે તો સામે નીસાસાનો ધોધ ગાજે છે, અને સાંભળે તો પાછળ આંસુનો સાગર ઉછળે છે.

જડતાને આર્દ્ર કરવાની અને બેડોળપણાને ઘાટમાં લાવવાની કલ્પના તારી છે. અપંગને આધાર દઈ દોરનાર, અનાથનો અણજાણ મદદગાર, બીચારા દરદીનો માયાળુ પરિચારક, દુઃખી ગરીબનો પક્ષકાર, અને દેશનો ધ્વજ લઇ ધસનાર,—એવા એવા સ્વપ્નના દેખાવ તારા છે.

અને હવે........મધરાતના આકાશી દીવાઓ તને મુંગી આશિષ દે છે—જગતની આતુર આંખ તારી વાટ જોઈ રહી છે.



પ્રભુકૃપાથી આ અંક સાથે 'કુમાર'નું પ્રથમ વર્ષ પુરૂં થાય છે; એ પ્રસંગે આપણે પરસ્પરનું અભિનંદન કરીએ. વર્ષની શરૂઆતમાં અમે કરેલી આગાહીઓને અમે કેટલે અંશે પાર પાડી શક્યા છીએ તેનો તોડ તો તમે જ કાઢો એ ઠીક. અમે તો અમારા મનથી બરોબર સમજીએ છીએ કે જે જે ધારણાઓ અમે બાંધેલી તેનો સોમો ભાગ પણ અમે હજુ બર લાવી શક્યા નથી. છતાં, ગુજરાતનાં માસિકોમાં 'કુમારે' કંઇક અનોખી જ ભાત પાડી છે કે નહિ, અને ગુજરાતની ઉગતી પ્રજાની કંઇક પણ સેવા તે કરી શક્યું છે કે નહિ એ વાતનો તો, તમારા પોતાના વિકાસમાં એણે કેટલે અંશે સહાય કરી છે તે પરથી, પ્રમાણિકપણે તોલ કરવાનું તમને જ સોંપીએ છીએ.

❧

અમારી સૌથી મોટી મુરાદ તો એ હતી કે 'કુમાર' દર મહીને નિયમિતપણે બહાર પડે. પરંતુ તેમાં યે છેલ્લા ત્રણેક માસથી અમે નિષ્ફળ નીવડ્યા છીએ, એ ઘણા સંકોચ સાથે અમે કબુલ કરીએ છીએ. ચિત્રોની તૈયારી અને 'કુમાર'ની ઢબની છપામણી કરાવવાનો જેને અનુભવ છે તેઓ સમજી શકશે કે એ વસ્તુ ઘણો વખત લે છે. કેટલીક છાપખાનાની અગવડને લીધે, અને કેટલીકવાર વધુ સુંદર વસ્તુઓ અમારા વાંચનારાઓ આગળ રજુ કરવાની હોંશમાં, અમારે નિયમિતતા તોડવી પડી છે. અમારી પ્રબળ ઇચ્છા છે કે એ અગવડોને

મીજાજ

મીજાજ એ શું છે તેની ઘણાયને ખબર નથી હોતી. તમે જ્યારે તે ખોઈ બેસો છો ત્યારે જ તે વિના તમે કેવા લાગો છો તેની સમજ પડે છે. તમે તે વખતે કહો છો, 'મારી સાથે હમણાં વાત ન કરશો; મારો મીજાજ ઠેકાણે નથી.'

પોતાનો મીજાજ ઠેકાણે નથી એટલી યે જેને ખબર પડે છે તેને તો હું ધન્ય કહું. કારણકે તે પળે ઘણી યે ભુલોથી બચી જવાની તેને તક મળે છે. પરંતુ ઘણા દુર્ભાગીઓને તેમનો મીજાજ જાય છે ત્યારે મુદ્દલ ભાન રહેતું નથી. તેની આસપાસનાં માણસોને તરત લાગે છે કે ભાઇસાહેબનો મીજાજ ગયો છે.

§

મીજાજ ખોઈ બેઠેલા માણસો પોતે શું કરે છે અને શું બોલે છે તેનું પણ તેમને ભાન રહેતું નથી. તેઓની વાત સાચી હોય છતાં ઉકળાટને લીધે તે બરોબર રજુ કરી શકતા નથી. ઘણીવાર તો દલીલ નહિ કરી શકવાથી, અગર પાછા પડવાને લીધે પણ મીજાજ ખોઇ તેઓ પોતાની બાજુએ વધારે નુકસાન કરે છે.

તેઓ હિતસ્વી અને દુશ્મન બંનેને એકસરખા ભાંડે છે, બેગુનાહ માણસો પર આરોપો મુકે છે, સૌ પર ચીડાય છે, અને ઘણીવાર ભયંકર નુકસાન કરી બેસે છે: અંતે જીંદગી સુધી પસ્તાતા રહે છે.

તેઓ સહેજવારમાં કુટુંબીઓને અળખામણા બની જાય છે, મિત્રોને દુશ્મન કરી બેસે છે અને જાતે સદા દુઃખી રહે છે.

§

તમને કે બીજાને જરાપણ ક્લેશરૂપ થાય એવો દેખાવ ઘડીભર પણ ન થવા દો. તમારા અંગેઅંગમાં ક્રોધ વ્યાપી જાય તે પળે પણ તમારો મીજાજ હાથમાં રાખો.

એ પળે તમારા ભાવો એકદમ બદલી નાખો. તમને શોભારૂપ ન હોય એવા ભાવ દાબી દો અને મીજાજ ઠેકાણે લાવવા તરફ તમારૂં મન વાળો. તમે પ્રયત્ન કરશો તો જેવા જોઇએ તેવા ભાવ તમે બદલી શકશો અને મીજાજ જરૂર ઠેકાણે રહેશે.

§

જ્યારે મીજાજ જાય ત્યારે તમારી જીંદગીના કોઈ ભવ્ય કાર્યનો વિચાર કરજો; અને એ કાર્યની ખાતર પણ મીજાજ સાચવવાનું તમને વ્યાજબી લાગશે.

જ્યારે જ્યારે તમારા આદર્શથી ઉલટી સ્થિતિમાં તમે જઈ પડો ત્યારે તમારા મનમાં કોઇ પ્રેરક વિચારો કરો, અને તેના આનંદમાં ગરક થઇ જાઓ.

તમારી કલ્પનાની સહાય લઇ ઉત્તમ સ્થિતિમાં તમારૂં મન પરોવી દેવાથી પણ તમારો મીજાજ કાબુમાં લાવી શકશો.

કોઇ પણ હલકી વૃત્તિને તાબે ન થતા. તમારી જાત પર પ્રભુ... સ્થાપી દો. તમારામાં હોય તેટલું બળ કરી અંદર હુકમ ચલાવો; અને બધાં જ્ઞાનતંતુઓ તમારાં મદદગાર થશે.

§

જ્યારે તમે નિરાશાની ખાડમાં પડી જતા લાગો ત્યારે મનમાં આનંદ, ઉત્સાહ અને બળવાળી કલ્પનાઓ કરો, અને કોઇપણ રીતે ખુશમીજાજ ટકાવી રાખો. ખાતરીથી માનજો કે તમે તમારા મનનું વલણ ધારશો તેવું લાવી શકશો.

તમે ગુસ્સે થવાની તૈયારીમાં હો, ઉશ્કેરાઇ જવાના હો, વ્યાકુળ થઇ જતા હો કે નારાજ બની જતા હો, તે પળે એકદમ તે લાગણીઓની સામે થાઓ. એવી નબળી લાગણીઓને વશ થઇ મીજાજ ખોઇ બેસવા માટે પોતાનો કોઇ જાતનો બચાવ કરવો તે અયોગ્ય છે.

§

ખુશમીજાજ ટકાવી રાખવાને હમેશાં તમારા મનમાં આનંદી જીવનનાં ચિત્રો રચ્યા કરો. આ રીત તમને ખુબ લાભદાયક અને ગમતો વિનોદ આપનારી થઈ પડશે. દરેક ફુરસદની પળે આ જ ભાવના ખીલવ્યા કરો.

તમે એમ જ માનો કે હું ખુબ સુખી અને સંતુષ્ટ છું; વિચારવંત અને સ્નેહાળ છું; મારો સ્વભાવ બહુ જ મધુર છે; હું પ્રકાશમય જીવન ગુજારૂં છું, અને માનવજાતના જીવનમાં જે કંઈ સભર, બળવાન ને સુંદર છે તે બધું મારી આસપાસ છે. મારી આરપાર ચેતન હસી રહ્યું છે.

યાદ રાખજો કે જે બાબતનો આપણે ખુબ વિચાર કરીએ છીએ તે જ આપણા જીવનમાં ઉગી આવે છે. માટે સૌ ખુશમીજાજ રહો.

સાચું જીવન મીઠી તંદુરસ્ત હાસ્યલહરીઓમાં જ છે.

કીર્તિની પાછળ ભટકી કાંઈ પણ કામ ન કરતા: તમારૂં કામ જો સારૂં હશે તો કીર્તિ જ તમારી પાછળ ભટકતી આવશે.

આ અંકને પહેલે પાને ચોડેલી પત્રિકા, તથા અંદર આપેલી "પાંચ રૂપીએ 'કુમાર'" વાળી યોજના તરફ વાંચનારાઓનું ધ્યાન ખેંચીએ છીએ.

પહોંચી વળવા જેટલાં સ્વતંત્ર સાધનો ને તૈયારીઓ 'કુમાર' ને હોય, ને બરોબર પુનમે અંક ગ્રાહકોના હાથમાં જઇને પડે. અમે તેને માટે પ્રયત્નો કરી રહ્યા છીએ; અને 'કુમાર' જો ખરેખર આ યુગની જરૂરીઆતનું જ અંગ હશે, તો એ ઇચ્છા પાર પડ્યા વિના નહિ રહે એવી અમારી ખાતરી છે.

❧

'કુમાર'ના વાંચનારાઓની જે સંખ્યા હાલ અમારી પાસે છે તે જોતાં ગુજરાત માટે નિરાશા જેવું ન જ ગણાય. છતાં આ નવા યુગનાં નવીન સાહસ, નવીન કલ્પનાઓ, નવીન યોજનાઓ અને નવીન વસ્તુઓ ગુજરાતની ઉગતી પ્રજામાં ઉતારવાને જે સંગીન પાયો આવા માસિકને જોઇએ તેના પુરતી સંખ્યા તો એ નથી જ. આ સ્થિતિ અમે આમ વારંવાર સ્પષ્ટપણે કહીએ છીએ તે ઉપરથી કોઇ એમ માનવાની ભુલ ન કરે કે અમે લેશમાત્ર હતાશ થયા છીએ. એનો જવાબ તો અમે અમારી આવતા વર્ષની સંગીન તૈયારીઓ વડે જ આપવાના છીએ.

આવતા વર્ષને માટે અમે વિશેષ પ્રેરક વાર્તાઓ, વધારે રસદાયક લેખો અને અનુભવી પુરુષોની આત્મકથાઓનો સંગ્રહ મેળવી શક્યા છીએ.

નવા હુન્નરઉદ્યોગ અને મુલકોના પરિચય, વિજ્ઞાન અને ખગોળના વધુ રસદાયક ભાગો, વિદ્યાર્થીઓનાં સાહસોની અને ઇતિહાસના અણજાણ્યા પ્રસંગોની પ્રોત્સાહક વાતો, કુદરતની પીછાન ને પ્રવાસોના અહેવાલો, જુનાંનવાં સાહિત્યમાંથી ચુંટેલાં રસદાયક ને પ્રેરક સચિત્રકાવ્યો, મનને આનંદ આપી બુદ્ધિ વિકાસ કરનારી ઇનામી હરીફાઇઓ, વગેરેની વધારે ચડીઆતી સામગ્રી અમારી પાસે આવી છે. અને પોતાની કલાની વિશુદ્ધિ ને રકતા, ચિત્રોની પસંદગી અને કલાયોજનામાં 'કુમાર' તદ્દન નીરાળું જ છે એ તો સૌ જાણે છે.

દીનબંધુ ઍન્ડ્રૂઝ

ઇંગ્લંડનો કોહીનૂર કહીએ એવું એક હૃદય છે,—કોમળ અને વીર હૃદય છે. એને આંસુ છે ને નીસાસા છે; પ્રેમ છે ને શૌર્ય છે. એ દીનબંધુ છે.

કોણ નથી જાણતું કે એ કોણ છે? આત્મા કંઈ નામથી નથી ઓળખાતો. હૃદય તો આપણને લાગે છે—કહેવાતું નથી.

શાન્તિનિકેતનના પ્રાણ કવિવર રવીન્દ્રનાથના એ પરિચર અને ગાંધીજીના પ્રિય સહચરઃ—એ ઍન્ડ્રૂઝ છે.

માનવજાતનો જાણે એ બીજો પ્રાણ છે; હીંદુસ્તાનનો ધર્મનો ભાઈ છે; ભાવિ રામરાજ્યનો આજનો લક્ષ્મણ છે.

આજના મીશનરીઓને માર્ગે ચડેલ એ ધર્મફેલાઉ પાદરી નથી; પણ ઇશુ ભગવાનનો પ્યાલો પીધેલ ખરો ખ્રીસ્તી ફકીર છે. કલ્પના અને કવિતા હોમીને જીવનઝોળી વરેલો એ જોગી છે. અમલ અને ધનની પાર ઉતરેલ એ અવધૂત છે.

એ પ્રભુનો માણસ છે, 'ગરીબોનો વાલી' છે, દુઃખીઆંનો બેલી છે, પતિતનો બાંધવ છે. તે પ્રેમનો જીવ છે, ચેતનનો પુજારી છે, સૃષ્ટિનો સેવક છે.


લલાટે એને કર્મયોગનો લેખ છે. બ્રિટિશ સલ્તનતના ઝેરમાંથી મળેલું એ અમૃત છે. એવાને કાજે લખાણ કે નોંધ ન જોઇએ;—હોય એક હૈયે પૂજ્યભાવ.

જન્મ


મિ. ઍન્ડ્રૂઝનું પુરૂં નામ 'ચાર્લ્સ ફ્રીઅર ઍન્ડ્રૂઝ' છે. એમનો જન્મ ઇંગ્લંડના ઉત્તર ભાગમાં આવેલા 'કાર્લાઇલ' નામના શહેરમાં, ઇ. સ. ૧૮૭૧ ના ફેબ્રુઆરીની ૧૨મી તારીખે થયો હતો. એમના પિતાનું નામ જૉન એડવિન ઍન્ડ્રૂઝ અને માતાનું નામ મેરી શારલોટ. જૉન એડવિન ઍન્ડ્રૂઝને ૧૪ સંતાન થયાં, જેમાંનાં ૫ પુત્ર ને ૬ પુત્રી અત્યારે હયાત છે. બાકીની ત્રણ પુત્રીઓ સ્વર્ગવાસી થઈ છે. મિ. ઍન્ડ્રૂઝ એમનાં માતપિતાના ચોથા સંતાન છે.

કેળવણી

નવ વર્ષની નાની ઉમરે તેમને બર્મિંગહામની 'કિંગ એડવર્ડ સ્કુલ'માં ભણવા મોકલવામાં આવ્યા. એમના વર્ગમાં એ સૌથી નાના હોવાથી ઘણીવાર મોટા છોકરાઓ એમને સતાવતા. શાળામાં દાખલ થતાંવેંત જ એમની ફી માફ થઇ ગઈ અને માસિક એક પાઉન્ડ છાત્રવૃત્તિ (સ્કૉલરશિપ) મળવા લાગી. શાળા છોડીને એમણે કૉલેજમાં પ્રવેશ કર્યો ત્યારે એમને વાર્ષિક ૫૦ પાઉન્ડની છાત્રવૃત્તિ મળતી હતી; અને ત્યાર પછી એમને ૮૦ પાઉન્ડની સ્કૉલરશીપ



દીનબંધુ ઍન્ડ્રૂઝ



'કુમાર'
માગશર '૮૧
પાનું: ૪૬૬

'મારા પતિનું ડોકું આવું જ ઢીલું લાગ્યું હતું.'

દીનાક્ષ પ્રિન્ટિંગ વર્ક્સ

મળી. આખરે એ કેમ્બ્રિજ વિદ્યાપીઠની સર્વોચ્ચ પરીક્ષા પસાર કરી કૉલેજના 'ફેલો' નીમાયા. એ બહુ જ તેજસ્વી વિદ્યાર્થી હતા.

> 'મિ. ઍન્ડ્રૂઝે પોતાનો આત્મા હીંદને સારૂ નીચોવ્યો છે. મિ. ઍન્ડ્રૂઝ સામાન્ય પ્રકારના અંગ્રેજ નથી. તે બહુ વિદ્વાન છે, ઉમદા કુટુંબના ગૃહસ્થ છે, કવિ ને ધર્મશાસ્ત્રી છે. તેમણે ઇચ્છયું હત તો પોતે મોટા સુબાની પદવી ભોગવી શકત, તેમણે ધાર્યું હત તો મોટી કૉલેજના પ્રિન્સિપાલ થઇ શકત ને તેમણે માગ્યું હત તો પાદરી તરીકે ઉચ્ચ પદવી ભોગવી શકત. પણ તેમણે લક્ષ્મીને જતી કરી છે, હોદ્દાને ગણકાર્યો નથી અને આજે નિષ્પરિગ્રહી રહી હીંદને અર્થે ભ્રમણ કર્યા કરે છે. આવા અંગ્રેજ પ્રત્યે આપણી શી ફરજ છે? જ્યાં સુધી અંગ્રેજ પ્રજામાં એક પણ ઍન્ડ્રૂઝ હોય ત્યાં સુધી તેમને ખાતર પણ આપણે અંગ્રેજો પ્રત્યે તિરસ્કાર ન કરી શકીએ.' —ગાંધીજી

એમની ઉમર તેત્રીસ વર્ષની હતી. ૨૦ મી માર્ચે તે મુંબાઈ ઉતર્યા.

મજુરો વચ્ચે

એ વેળા પોતાને સારૂ ઉંચા હોદ્દાવાળી નોકરી મેળવવી એ એમને માટે જરા પણ મુસ્કેલ નહોતું. પરંતુ એમનું લક્ષ્ય મોટા અધિકાર મેળવીને ધન એકઠું કરવાનો ન હતો. એટલે એમણે તો, આ પછીનાં ચાર વર્ષ દીનદુઃખી મજુરોની સેવામાં ગાળ્યાં. એ અરસામાં પોતે મજુરોની પેઠે જ અઠવાડીઆના ૧૦ શિલિંગ ઉપર પોતાનું ગુજરાન ચલાવતા. આ રીતે એમણે મજુરોનાં સુખદુઃખનો અનુભવ લઈ લીધો. આ ચાર વર્ષમાં એમણે પોતાનું જીવન અતિ સાદું અને સરળ બનાવી મુકયું.

હીંદુસ્તાનના દીનદુઃખી મજુરોનાં કષ્ટ ફેડવામાં તથા તેમની સેવા કરવામાં મિ. ઍન્ડ્રૂઝ જેટલો સમર્થ બીજો કોઈ અંગ્રેજ નથી નીવડયો તેનું મુખ્ય કારણ એ છે કે એમણે પોતાના દેશના મજુરોની સાથે રહીને, એમના જેવું જ જીવન જીવીને, કેટલાં યે વર્ષો લગી એમની જોડે કામ કર્યું છે.

ભવિષ્યવાણી

બાળપણથી જ એમને હીંદ ઉપર પ્રેમ હતો. નાનપણમાં એ ઘણીવાર પોતાની માને કહેતા કે 'મા તું ભાત રાંધતી જાને. કે જેથી મને ભાત ખાવાની ટેવ પડી જાય. કારણકે હીંદુસ્તાનમાં લોકો ભાત જ ખાય છે.' એ વેળા એમની માતા બહુ પ્રેમપૂર્વક કહેતી કે 'Charlie, you will some day go to India.' (ચાર્લી, તું જરૂર કોઈ દહાડો હીંદુસ્તાન જવાનો.)


અને સાચ્ચે જ, ૧૯૦૪ના ફેબ્રુઆરીની ર૦મીએ તે હીંદુસ્તાન આવવા સારૂ ઇંગ્લંડથી ઉપડ્યા. એ વેળા

અધ્યાપક ઍન્ડ્રૂઝ

હીંદમાં આવીને એ દિલ્હીની 'સેન્ટ સ્ટીફન્સ કૉલેજ'માં અધ્યાપક (પ્રોફેસર) તરીકે નીમાયા. થોડા જ વખતમાં કૉલેજના પ્રિન્સિપાલની જગ્યા ખાલી પડી. કૉલેજના સંચાલકોએ મિ. ઍન્ડ્રૂઝને પ્રિન્સિપાલ બનવાની દરખાસ્ત કરી. પણ એમણે તેનો સ્વીકાર ન કરતાં ઉત્તર દીધો કે 'પ્રોફેસર સુશીલકુમાર રુદ્રને જ આપે પ્રિન્સિપાલ તરીકે નીમવા જોઇએ; કારણકે એ મારી અગાઉ ૨૦ વર્ષ થયાં આ કૉલેજમાં કામ કરે છે; એટલે હું પ્રિન્સિપાલ થવાનો નથી. અને જો તમે કદાચ, પ્રો. રુદ્રને હીંદી હોવાને કારણે જ પ્રિન્સિપાલ ન બનાવતાં બીજા કોઈ અંગ્રેજને પ્રિન્સિપાલ તરીકે લાવશો, તો હું મારા હોદ્દાનું રાજીનામું આપીશ.' આખરે અધ્યાપક રુદ્રને આચાર્ય (પ્રિન્સિપાલ) નીમવામાં આવ્યા, અને મિ. ઍન્ડ્રૂઝે એમના હાથ નીચે રહીને કામ કર્યું.

એમના જીવનની કુંચી

પોતે હીંદીઓના નેતા બનવાનો પ્રયત્ન ન કરતાં એમના હાથ નીચે જ રહીને કામ કરવું એ મિ. ઍન્ડ્રૂઝના સફળ જીવનની કુંચી છે. પોતે કહે છે કે 'The position of subordination is the only true position of an Englishman who wishes to serve India. It is altogether a wrong position to assume authority and rule, and I have been very fortunate in escaping from that very wrong position' (હીંદની સેવા કરવા ઇચ્છનાર અંગ્રેજને માટે સર્વોત્તમ માર્ગ એ જ છે કે તેણે હીંદવાસીઓને અધીન રહીને કામ કરવું.



દીનબંધુ [આર્ટિસ્ટિક ફોટો એન્લાર્જિંગ કં. મુંબઈ]

અધિકારી બનીને તેમના ઉપર અમલ ચલાવવાની નીતિ તદ્દન ખોટી છે, અને તેથી હું તો મારૂં અહોભાગ્ય માનું છું કે શરૂઆતથી જ હું આ ખોટી નીતિને માર્ગે ચાલતો બચી ગયો.)

આજ વીસ વર્ષથી ઍન્ડ્રૂઝ હીંદમાં રહ્યા છે, પણ કદિ યે એમણે આપણા 'નેતા' બનવાનો પ્રયત્ન નથી કર્યો. એ જ એમની સફળતાનું મુખ્ય કારણ છે.

ઍંગ્લો ઇંડીઅનોના પાઠ

કેમ્બ્રિજ મિશનના મિશનરી બનીને ઍન્ડ્રૂઝ હીંદ આવ્યા હતા. અહીં આવતાંવેંત જ અહીંના ઍંગ્લો ઇંડીઅનોએ એમને પાઠ પઢાવવા શરૂ કર્યા. એક બે વખત નહીં, પણ કંઇ અનેકવાર એમને નીચેનો ઉપદેશ દેવામાં આવતો : ' Never, under any circumstances, give way to a 'native', or let him regard himself as your superior. We only rule India in one way,—by upholding our position. Though you are a missionary, you must be an Englishman first, and never forget that you are a Sahib. You may do incalculable mischief if you lower the dignity of an Englishman by allowing 'natives' to treat you familiarly, or take liberties with you: they are the inferior race, and we hold India by the sword. Be kindly by all means, but always be on your guard, and do not give away English prestige.'* (કોઈ પણ સંજોગોમાં, કદિ યે, કોઈ પણ 'નેટિવ' (દેશી) થી દબાતા મા, કે ન કદિ કોઈ 'નેટિવ' ના મનમાં એવો ખ્યાલ આવવા દેતા કે એ તમારાથી ઉચ્ચ છે. હીંદ પર આપણે એક જ રીતે રાજ્ય ચલાવીએ છીએ, અને તે આપણી 'પોઝિશન' (દરજ્જો) ઉંચો રાખ્યા કરીને. તમે જોકે મિશનરી છો, પણ તમારે પ્રથમ 'અંગ્રેજ' બનવું જોઇશે. કદિ પણ ન ભુલતા કે તમે 'સાહેબ' છો. કોઇ પણ 'નેટિવ' જોડે બહુ અંગત સંબંધ રાખીને કે છુટથી વર્તીને તમે અંગ્રેજોનો દરજ્જો ઉતારી નાખશો તો એથી તમે બેશુમાર હાનિ પહોંચાડશો. હીંદીઓ ઉતરતી જાતિના છે, અને આપણે હીંદ પર તલવારબળથી જ રાજ્ય ચલાવીએ છીએ. તમે એમના તરફ મહેરબાનીભરી વર્તણુક ભલે રાખો, પરંતુ સદા સાવધાન રહેજો, અને અંગ્રેજપણાનું ગૌરવ કદિ ન છોડતા.)

અનેકવાર આવી ભંભેરણી સાંભળવાથી મિ. ઍન્ડ્રૂઝને ભારે આશ્ચર્ય થયું. મુળ તો હીંદુસ્તાનમાં ભલા અંગ્રેજો આવે છે બહુ થોડા, અને થોડાઓની પણ સુજનતા અહીંના ઍંગ્લો ઈંડીઅનોની આવી શીખવણીથી કપુરની પેઠે ઉડી જાય છે. સુભાગ્યે મિ. ઍન્ડ્રૂઝે આવી કાનફુંક પર રજમાત્ર ધ્યાન ન આપતાં હીંદીઓ સાથેની પોતાની સમાનતાની વર્તણુક જારી રાખી.

---

* જુઓ મિ. ઍન્ડ્રૂઝ કૃત North India (નૉર્થ ઇંડીઆ) પાનું ૧૬૭

વિદ્યાર્થીપ્રેમ

હીંદના વિદ્યાર્થીઓ પર એમનો ભારે પ્રેમ છે, અને સહુ વિદ્યાર્થીઓ પણ એમને અતિશય ચાહે છે. ઈ. સ. ૧૯૦૯માં ગોખલેજીએ કહ્યું હતું કે ‘મિ. ઍન્ડ્રૂઝ હીંદી વિદ્યાર્થીઓના સર્વોત્તમ મિત્ર છે.’

આફ્રિકા જવું

હીંદનાં રાષ્ટ્રીય કાર્યો તરફ એમની સહાનુભૂતિ મુળથી જ છે. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી સત્યાગ્રહની લડત ચલાવી રહ્યા હતા તે વેળા માનનીય ગોખલેજીની સાથે રહીને મિ. ઍન્ડ્રૂઝ દિલ્હીમાં તે લડતની સહાયતા માટે પ્રયત્ન કરી રહ્યા હતા. એમણે ગોખલેજીને કહ્યું, ‘આફ્રિકા જઇને ગાંધીજીની સત્યાગ્રહની લડત નજરોનજર જોવાની મારી ઇચ્છા છે.’ ગોખલેજીએ એમના વિચારને ટેકો આપ્યો, ને ૧૯૧૩ની આખરમાં ઍન્ડ્રૂઝ પોતાના મિત્ર પીઅર્સન સાથે દક્ષિણ આફ્રિકા ગયા.

પ્રથમ દર્શન

આફ્રીકા જવા સારૂ એ મુંબાઇથી ઉપડ્યા તે વેળા ગાંધીજી આફ્રીકામાં જેલમાં હતા; પરંતુ મિ. ઍન્ડ્રૂઝની સ્ટીમર આફ્રિકા પહોંચતાં સુધીમાં તો ગાંધીજી છુટી ગયા હતા. એમનો સત્કાર કરવા સારૂ ગાંધીજી, મિ. પોલૉક તથા બીજા ઘણા સુપ્રસિદ્ધ હીંદીઓ સ્ટીમર પર આવ્યા હતા. પોતે ગાંધીજીને પહેલાં કદિ જોએલા નહિ, એટલે ઍન્ડ્રૂઝે મિ. પોલૉકને પુછ્યું, ‘Where is Mr. Gandhi?’ (ગાંધીજી કયાં છે?) ગાંધીજી પાસે જ ઉભા હતા; એમણે કહ્યું, ‘I am Mr. Gandhi.’ (હું જ ગાંધી.)

મિ. ઍન્ડ્રૂઝ લખે છે કે, ‘એ સમયે મારા અંતરમાં એવી પ્રેરણા થઇ આવી કે હું એમની ચરણરજ મારા મસ્તક ઉપર ચડાવું; અને મેં એમ જ કર્યું.’ આ હકીકતથી આફ્રીકાના અનેક ગોરાઓ ઘણા નારાજ થયા અને એક એશીઆવાસીનો ચરણસ્પર્શ કરવા માટે તેમણે મિ. ઍન્ડ્રૂઝની ભારે નિંદા કરી. જનરલ સ્મટ્સ સાથે કરેલી સંધિમાં ગાંધીજીને ઍન્ડ્રૂઝે સહાય કરેલી.



સ્કેચ: કનુ દેસાઇ] ઍન્ડ્રૂઝ

માતાનું મૃત્યુ

મિ. ઍન્ડ્રૂઝ હીંદથી આફ્રીકા જવાની તૈયારી કરતા હતા તે વેળા એમની માતા ઇંગ્લંડમાં બીમાર હતાં, અને તેમણે ઍન્ડ્રૂઝને પોતાની પાસે બોલાવ્યા હતા. જવાબમાં મિ. ઍન્ડ્રૂઝે એમને લખ્યું કે ‘દક્ષિણ આફ્રીકાના હીંદી ભાઇઓ ઉપર ભારે સંકટ છે. આપ આજ્ઞા કરો તો હું ત્યાં જાઉં, ને જો ઇચ્છો તો આપની સેવા કરવા આપની પાસે આવું.’ આ કાગળના જવાબમાં તેમની માતાએ લખ્યું કે ‘Go and help the Indian cause, and do not come back till your work is done.’ (દક્ષિણ આફ્રીકા જઇને હીંદીઓને જ સહાય કરજો, અને તમારૂં કાર્ય પતી ન જાય ત્યાં સુધી પાછા ન આવતા.)

પૂજ્ય માતાની આવી આજ્ઞા મેળવીને ઍન્ડ્રૂઝ આફ્રીકા ગયા. ત્યાં થોડા દિવસ બાદ એમને તાર મળ્યો કે ‘તમારી માતાનો દેહાન્ત થયો છે.’ ઍન્ડ્રૂઝે એ તાર ગાંધીજીને મોકલી દીધો. આફ્રીકાવાસી ભાઇઓએ મિ. ઍન્ડ્રૂઝ તરફ દિલસોજી બતાવી અને પૂજ્ય કસ્તુરબા તથા અનેક હીંદી સ્ત્રીઓ તેમને આશ્વાસન આપવા ગઈ. આથી ઍન્ડ્રૂઝના હૃદયને ભારે સાન્ત્વન મળ્યું. એ વખતથી એ હીંદી સ્ત્રીઓને

પોતાની માતા સરખી પૂજ્ય માને છે.

શાન્તિનિકેતનમાં

દક્ષિણ આફ્રીકાથી ઍન્ડ્રૂઝ વીલાયત થઇને હીંદ પાછા આવ્યા. આવીને તેમણે સેન્ટ સ્ટીફન્સ કૉલેજ સાથેનો સંબંધ છોડી દીધો અને ઇ. સ. ૧૯૧૪ માં કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના શાન્તિનિકેતનમાં જોડાયા. ત્યારથી શાન્તિનિકેતન જ એમનું ઘર બની ગયું છે.

ફીજીની યાત્રા

૧૯૧૫ માં એ ફીજીમાં વસતા હીંદીઓની દશા જોવા ત્યાં ગયા. આ વખતે પણ એમના મિત્ર મિ. પીઅર્સન એમની સાથે હતા. એ બંનેએ મળીને ફીજીમાં વસતા હીંદના ગીરમીટીઆ મજુરોના સંબંધમાં એક રીપોર્ટ લખ્યો અને તેને લીધે Indenture system (કુલી–પ્રથા) ની વિરુદ્ધ ચળવળ કરવામાં ભારે સહાયતા મળી.

દીનબંધુ

હિંદમાં રહીને કામ કરતાં એમને આજકાલ કરતાં વીસ વર્ષ વીતી ગયાં છે. આ વીસ વર્ષમાં એમણે આપણા દેશની અનેક નાનીમોટી સેવાઓ કરી છે, પરંતુ સૌથી મોટી સેવા તેમણે ' કુલી–પ્રથા ' ની ગુલામીને દૂર કરીને કરી છે. મુળથી જ એ દીનબંધુ—ગરીબોના વાલી હતા. આ ભારે કાર્ય કરીને એમણે એ આશીશ-સુચક ઉપનામ પ્રાપ્ત કર્યું છે. ૯૦ વર્ષ લગી આ ' કુલી–પ્રથા ' ની ગુલામી ચાલુ રહી; અને જો એમણે એની વિરુદ્ધ ભારે ચળવળ ન ચલાવી હોત તો બીજાં દસેક વર્ષ તે વધુ જારી રહેત.

બીજાં કાર્યો

આ વીસ વર્ષમાં એમણે બીજાં પણ અનેક મહત્ત્વનાં કામ કર્યાં છે. રાષ્ટ્રીય શિક્ષણનો પ્રચાર કરવામાં એમની સહાય નાનીસુની નથી. પંજાબના અત્યાચાર વેળાએ પોતે પંજાબમાં જાતે કેટલા યે મહીના સુધી રહીને અત્યાચારથી પીડાએલા પંજાબીઓને માટે સેવા ઉઠાવી હતી. આસામાના મજુરોને માટે પણ એમણે ખુબ કામ કર્યું છે. કેનીઆની ચળવળના તો એ ઉત્પાદક છે, અને પોતે બે વાર કેનીઆ જઇ આવ્યા છે. મલાયા અને સીલોનમાં વસતા હીંદીઓ માટે પણ એમણે ઘણું કર્યું છે. મજુરોની હડતાલો વખતે સમાધાન કરાવવામાં પણ એમનો ભાગ હોય જ. અને શાન્તિનિકેતનની વ્યવસ્થામાં એમનો હાથ ઓછો નથી.

જીવન પર એક દૃષ્ટિ

આ પ્રમાણે આપણી માતૃભૂમિની મિ. ઍન્ડ્રૂઝ અનેક પ્રકારે સેવા કરી જ રહ્યા છે. હવે એ હીંદને જ પોતાની માતૃભૂમિ માને છે. આ જમાનામાં તો મિ. ઍન્ડ્રૂઝ જ એક એવા અંગ્રેજ છે કે જેના ઉપર હીંદીઓનો આટલો બધો વિશ્વાસ હોય. આ વિશ્વાસનાં બે કારણ છે. એક મિ. ઍન્ડ્રૂઝની સચ્ચાઇ, અને બીજી એમની નિર્ભયતા. કાળા ગોરા સૌને એ સમાન સમજે છે. એમનું નિષ્કપટ હૃદય દીનદુઃખીઓનાં કષ્ટોથી સદા આર્દ્ર અને પીડિત રહે છે. એ પોતે નિર્ધન છે, કારણકે એ નિર્ધન જ રહેવા માગે છે. શાન્તિનિકેતનમાંથી એ કશું જ વેતન નથી લેતા

એ ભારતના ભક્ત, ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરના શિષ્ય, અને ગાંધીજીના 'My dearest Charlie' છે. એમના જીવનચરિત્રની ભૂમિકામાં ગાંધીજીએ લખ્યું છે કે, 'There does not exist in India, a more truthful, more humble and more devoted servant of hers than C. F. Andrews.' (હીંદમાં એનાથી વધારે સાચો, વધારે નમ્ર ને વધારે ભકિતમાન ભારતસેવક બીજો કોઇ નથી.)

એમનો જીવનબોધ

વિદ્યાર્થીઓએ એમના જીવનમાંથી પહેલો સાર લેવાનો છે તે એમનું અકૃત્રિમ નિરભિમાનપણું અને નિઃસ્વાર્થ દીનસેવા; અને બીજો એમનો ઉદ્યોગી—પરિશ્રમી સ્વભાવ. પણ એમના જીવનમાંથી મોટામાં મોટું શિક્ષણ તો એ લેવાનું છે કે, જ્યારે એમને એમ લાગે કે પોતાની માતૃભૂમિ ઈંગ્લંડ ભુલ કરે છે અને બીજા દેશો પર અત્યાચાર ગુજારે છે, ત્યારે તે પોતાની માતૃભૂમિનો ભારે વિરોધ કરે છે. ખરી વાત તો એ છે કે મિ. ઍન્ડ્રૂઝ જેવા અંગ્રેજોને લીધે જ ઇંગ્લંડની આબરૂ કંઇકે જળવાઇ રહી છે. ગાંધીજીએ બરોબર જ કહ્યું છે કે ' જ્યાં સુધી અંગ્રેજ પ્રજામાં એક પણ ઍન્ડ્રૂઝ હોય ત્યાં સુધી તેમને ખાતર પણ આપણે અંગ્રેજો પ્રત્યે તિરસ્કાર ન કરી શકીએ.'

બનારસીદાસ ચતુર્વેદી



વફાદાર જિગર

ચિત્રકાર : રવિશંકર પંડિત

ગીરનાં ઘાડાં જંગલોમાં માથોડું ઘાસ ઉગી નીકળે છે ને ચોમેર ઝાડવાંનાં ઝુંડથી મેદાનનાં મેદાન છવાઈ રહે છે. વચ્ચે વચ્ચે, અતિ ઘાડા પ્રદેશમાં કરમદીના ઢુવામાંથી કયારેક સિંહની ડણુક સાંભળી નબળુંપોચું હૈયું ધ્રુજી ઉઠે છે. આવા એક ભયંકર પ્રદેશમાં, પોતાનાં સો દોઢસો જાનવરોની વચ્ચે, મોટા તોતીંગ લાકડાની ધુણી પાસે, ભીખુ પગથી માથા સુધી ધાબળાની સોડ તાણી નીરાંતે ઘોરતો હતો. તેની પાસે એનો વિશ્વાસુ કુતરો ઘોળીઓ, અરધો જાગતો અરધો ઉંઘતો, પોતાના પેટમાં મોં ખોસી બેઠો હતો; અને વચ્ચે વચ્ચે, આટલે બધે મોડે સુધી ઉંઘી રહેવા માટે ઠપકાભરેલી એકાદ નજર તે ભીખુ તરફ ફેંકતો જતો હતો. આસપાસ બેઠેલાં ઢોર શાંતિથી ઝોલાં ખાતાં હતાં. ધુણીમાંથી વારંવાર તડતડ થતી થોડી ચીણુગારીઓ ઉડી ચમકતી હતી.

મોટાં મળસ્કાંનો વખત હતો, ને ચોમેર ગંભીર શાંતિ હતી. ઘોળીઓ જરાક ઝોકું ખાઇ આંખ ઉઘાડી જુએ છે તો તેણે પોતાના એક જાતભાઇને, દૂર બેઠેલી બેચાર ભેંશો વચ્ચે થઇને છાનોમાનો આવતો જોયો. એ નવા આવનારને ઘોળીઆના જાગ્રત સ્વભાવની બરોબર ખબર ન રહી કે કેમ, પણ એ તો સુંઘતો સુંઘતો છેક ભીખુની સોડ સુધી ચાલ્યો આવ્યો. ઘોળીઓ એની મહેમાનગતી કરવા તૈયાર જ હતો. નવો આવનાર ભુખથી લેવાઈ ગએલો હોવા છતાં પણ ઘોળીઆ સામે એણે ઠીક બચાવ કર્યો. ભીખુની સોડ પાસે જ કુરુક્ષેત્ર મંડાણું, અને પ્રથમના બેચાર 'આવાહન'ના અવાજ પછી બંને ભેટંભેટા આવી ગયા.

ભીખુ તો બીચારો સ્વપ્નામાં પોતાના ગામડામાં જઈ ચડયો હતો. ક્યારેક, આવાં સુખમય સ્વપ્નાંમાં તે પોતાના ગામમાં પોતાની મા પાસે જઈ વાતો કરવાનો આનંદ મેળવી લેતો. એની મા, જાણે ભીખુ પાસે રોટલાની થાળી મુકી દોણીમાંથી દડબા જેવું દહીં કાઢતી હતી, અને ભીખુ ગીરનાં જંગલોમાંનાં પોતાનાં પરાક્રમોની વાતો કરતો હતો. પણ આ યુદ્ધના વિચિત્ર અવાજોથી તેની વાત અધુરી રહી, અને તે જાગી ઉઠયો ! જુએ છે તો ન મળે મા, ન મળે રોટલાની



કુવાની પાળ પર આગલા બે પગ મુકી તેણે આનંદનો પોકાર કર્યો.

થાળી કે દહીંની દોણી! ધોળીઓ કોઇ નવા મહેમાનની પરોણાગત કરી રહ્યો હતો તેના અવાજ આવતા હતા! સામે ભેંશો બેઠી હતી, અને છેટે બીજાં તાપણાં બળતાં હતાં.

ભીખુએ ઉઠીને એકદમ હાકલ મારી, 'અરે, ધોળીઆ!' અને ધોળીઓ પણ, યુદ્ધના પુરા રસમાં હોવા છતાં ચમકીને અટકી ગયો. પણ આટલી વારમાં તો એણે પોતાના મહેમાનના કાન ઉપર સ્વાગતનો સીક્કો મારી દીધો હતો! ભીખુએ ઉભા થઇને તેને ફરી પડકાર્યો. ધોળીઓ પોતાના પાછલા બે પગમાં પુંછડી સંતાડતો, ડીલ સંકોચી નીચે મોંએ ભીખુ પાસે આવી લટપટાં કરતો ઉભો રહ્યો પણ હજી એનો યુદ્ધનો રસ સાવ ગયો નહોતો, એટલે વારંવાર નવા મહેમાન તરફ ચોરીથી નજર નાખી ઘુરકતો હતો. પેલો મહેમાન તો રણક્ષેત્રમાં ચત્તોપાટ પડ્યો હતો. ભુખના દુઃખથી ને પડેલા મારથી તેનામાં એટલી અશક્તિ આવી હતી કે તે ઉઠી શકતો ન હતો. ભીખુએ ઠપકાભરી આંખ ધોળીઆ તરફ કાઢી કહ્યું, 'આપણે ત્યાં કોઈ આવે તેની મહેમાની આમ થાય કાં?'

ધોળીઆને આ ટીકા બહુ પસંદ ન પડી; અને જ્યારે ભીખુએ પેલા નવા આવેલા કુતરાને પાટાપીંડી બાંધી, સારવાર કરી, દુધ પીવડાવી ધુણીની હુંફમાં સુવાડ્યો ત્યારે તો એને પોતાના માલીક પર થોડો ગુસ્સો પણ ચડ્યો. દૂર બેસી, જાણે પોતે તદ્દન બેપરવા હોય એવો ઢોંગ કરતો, પેલા નવા આવનાર તરફ તે છાની છાની નજર નાખતો હતો. અને એ નવો કુતરો પોતા તરફ જુએ કે તરત, વાદવિવાદ માટે તૈયાર હોય એમ, ધીમું ધીમું ઘુરકતો હતો. પછી તે છેવટે પેલા નવા મહેમાને એની સામે જોવું જ બંધ કર્યું.

એ નવા કુતરાનું નામ ભીખુએ 'બાવળો' પાડ્યું. બાવળો પણ ધીમે ધીમે ધોળીઆનો મિત્ર બની ગયો. અને પછી તો, કયારેક સવારમાં, કુતરાં જાણે પોતે બહુ અગત્યના કામે નીકળ્યાં હોય એમ ઠાવકાં થઇને નીકળી પડે છે તેમ, આ બંને મિત્રો ફરવા નીકળી પડતા.

એક વખત મળસ્કે બંને કુતરા આમ ફરવા ગયા હતા. છેક દસ બજે એ બેમાંથી એકલા બાવળાને જ પાછો આવતો જોઇ ભીખુના પેટમાં ધ્રાસ્કો પડ્યો. તે દહાડે સાંજ સુધી તેણે વાટ જોઈ પણ ધોળીઓ આવ્યો નહિ. સાંજ પડતી ગઇ તેમ તેમ, ભીખુ બહુ જ ઉદાસ બનતો ગયો. છેલ્લા છેલ્લા દિવસોમાં પોતે બાવળાને હાથમાં ને હાથમાં

રાખેલો તથા ઘોળીઆ તરફ વારંવાર બેદરકારીભરી વર્તણુક ચલાવેલી તે તેને યાદ આવી, અને તેની આંખમાં ઝળઝળીઆં ભરાઇ આવ્યાં. ચોતરફની ઝાડીઓ ને દૂરની ટેકરીઓ તે ખુંદી વળ્યો, પણ ઘોળીઆનો પત્તો લાગ્યો નહિ. અંતરના મિત્ર જેવો પોતાનો ઘોળીઓ આમ અચાનક ગુમ થવાથી બે દહાડા સુધી ભીખુ ખાધાપીધા વિના ઉદાસ થઇ ફરતો રહ્યો. ઘણી યે વાર ઉંડા વિચારમાં ઝાડ નીચે બેસી તેના આવવાના રસ્તા તે નીહાળ્યા કરતો પણ ઘોળીઓ ન આવ્યો.

ઘોળીઓ ખાસ કરીને બહુ ફરતો નહિ; પણ છેલ્લોછેલ્લો બાવળાની જોડે તે પણ નીકળી પડતો. હમેશાં બંને સાથે નીકળ્યા પછી, થોડે દૂર જઈ તેઓ જુદે જુદે રસ્તે ફરવા ઉપડી જતા; પણ પાછા આવતા ત્યારે ઘણુંખરૂં સાથે જ આવતા. ઘોળીઆના ગુમ થવા પછી બે દહાડા સુધી બાવળાએ ચોતરફ ઘુમ્યા કર્યું. છેવટે ત્રીજે દહાડે સવારે, જેવો શીરામણીનો રોટલો મળ્યો કે તરત તે બહાર જવા ઉપડ્યો.


ત્યાર પછી બાવળો, હમેશાં સવારમાં નિયમિત વખતે બહાર નીકળી પડતો. શીરામણી વખતે ભીખુએ રોટલો નાખ્યો, કે તરત જ બાવળો ઉપડ્યો જ છે. આ તેની રીત પર ટીકા કરતાં ભીખુએ એક દહાડો કહ્યું કે 'આ બાવળાભાઈ તો શીરામણીની જ વાટ જુએ છે.'

દિવસના ભાગમાં પણ જો ક્યાંકથી રોટલાનો કટકો બટકો મળે તો તરત બાવળો જઇને તે ધુળમાં સંઘરી આવતો. ભીખુ કહેતો કે બાવળો હમણાં લોભી બન્યો છે. પોતે પેટ પુરૂં ખાતો નથી, ને તેમાંથી યે સંઘર્યા કરે છે. કોણુ જાણે ક્યા ભવ સારૂ?

એક દહાડો ભીખુના કાકાએ આ જોયું. તેણે ભીખુને પુછ્યું, 'આ કુતરો આટલાં બધાં કટકાં બટકાં કેમ ભેગાં કર્યે રાખે છે?' ભીખુ કહે, 'કોણુ જાણે; એને હમણાં એ જ ટેવ પડી છે.' પણ થોડી વારમાં તો શીરામણીનો રોટલો લઈ બાવળો ઉપડ્યો.

એકાએક ભીખુને કંઇક વિચાર આવ્યો. તેણે વિચાર્યું કે આમ રોજ, વખતસર, બાવળો શીરામણીનો રોટલો લઇ જાય છે તેમાં કંઇક ભેદ હોવો જોઇએ. એટલે તે પણ છાનોમાનો બાવળાની પાછળ પાછળ ગયો. કેટલીક ઝાડીઓ વટાવ્યા પછી, એક ઠેકાણે ઝાડના એક ઘાડા ઝુંડમાં, એક અવાવરૂ કુવા આગળ જઇ બાવળો ઉભો રહ્યો. કુવાની પાળ પર આગલા બે પગ મુકી તેણે આનંદનો પોકાર કર્યો. તરત જ કુવામાંથી પણ ઉપકારભર્યો આનંદનો એ અવાજ આવ્યો. ભીખુ છેક પાસે આવ્યો. નીચે નમી સાંભળ્યું તો કુવામાંથી ઘોળીઆનો અવાજ આવતો પરખાયો. બાવળો રોજની શીરામણી અને બપોરનાં કટકાં બટકાંના સંગ્રહનું શું કરતો હતો તેનો ભેદ હવે ભીખુને સમજાઇ ગયો.

રોજની ટેવ મુજબ ફરવા જતાં ઘોળીઓ, ઉંચા ઘાસ ને ઝાડવાંનાં ઝુંડથી



દયામણી નજરે ઉંચું મોં કરી પોતાના જુના માલિકને ભેટવા અર્ધું શરીર ઉચક્યું.

ઢંકાઇ ગએલા આ કુવામાં અકસ્માત પડી ગયો હતો. ભીખુએ શોધ તો ઘણી યે કરેલી, પણ એને ખ્યાલ સરખો યે પણ ક્યાંથી આવે કે તે કુવામાં પડી ગયો હશે? પણ બે દહાડા સુધી ભટકીને બાવળાએ પોતાના જોડીદારને શોધી કાઢચો હતો અને રોજ તેને નિયમિત ખોરાક પહોંચાડતો હતો.

એકદમ ભીખુ પોતાના નેસ તરફ દોડચો, અને ટોપલી તથા દોરડું લઇ આવી ધોળીઆને બહાર કાઢી, વહાલથી છાતીસરસો ચાંપી પંપાળ્યો. ધોળીઓ તો આનંદમાં ગાંડો થઇ ભીખુને આખે શરીરે કુદીકુદીને ચાટવા લાગ્યો.

* * *

આ વાતને તો વર્ષો વીતી ગયાં છે. ધોળીઓ હવે આ દુનીઆમાં નથી. ભીખુએ, તેની નીશાની પોતાને આંગણે એક પત્થર રૂપે સાચવી છે. બાવળો પણ ઘરડો થઇ મરવા સુતો છે. ભીખુ પણ હવે જુવાન થયો છે અને બાળપણનાં જુનાં સ્વપનાં સંભારતો થોડે દૂર છેલ્લા શ્વાસ ભરતા બાવળા તરફ ભીની આંખે જોતો ફળીઆમાં બેઠો છે. એવામાં એક રબારી ત્યાં આવી પહોંચ્યો. તેના ખભા પર કામળી ને કડીઆળી ડાંગ હતી. ડાંગને ખભેથી ઉતારી ખખડાવી તેણે કહ્યું 'કાં ભીખુ, શું કર છ?'

'આવો આવો નાજાભાઇ; આ જુઓને, અમારો બાવળો આજે......'

પણ ભીખુનું વાક્ય પુરૂં થાય તે પહેલાં તો બાવળો પોતાના શરીરનું બધું ચેતન ભેગું કરી કુદ્યો હતો. જાણે કશો જ મંદવાડ ન હોય તેમ, એક જ ફલાંગે તે નાજાના પગ પાસે આવી પડચો.

'ઓ હો! આ તો મારો બાવળો, ભીખુ! બહુ વરસ થયાં ખોવાયો છે. મારો કુતરો તારી પાસે ક્યાંથી?'

જમીન પર પડેલા બાવળાએ દયામણી નજરે ઉંચું મોં કરી, પોતાના જુના માલિકને ભેટવા અરધું શરીર ઉંચુ કર્યું. નાજો તેને પંપાળવા નીચે નમ્યો. પણ તેનો હાથ અડતાંવેંત જ બાવળાના પ્રાણ ચાલ્યા ગયા હતા. પોતાના જુના માલિકના સાદે તેના પ્રાણને મૃત્યુના મોંમાંથી કુદાવ્યા હતા; પણ એ કુદકો છેલ્લો જ હતો.

[સૂચિત]



એક અભિમાની જુવાનીઓ વકીલની સલાહ લેવા ગયો. વકીલ સાહેબ સાક્ષીઓને પઢાવવાના કામમાં હોવાથી તેને અરધો કલાક બહાર બેસવું પડચું. ભાઇનો તો મીજાજ ગયો. ઓરડામાં આવતાંવેંત તેણે વકીલને સંભળાવ્યું, 'મને ઓળખો છો, હું કોણ છું? મારા પિતા મીલમાલેક છે.'

વકીલ ઠંડે પેટે બોલ્યા, 'ખુરશીએ બેસો.'

'અને મારા કાકા શાહીબાગના બંગલામાં રહે છે.'

એટલા જ ઠંડા મીજાજે વકીલે જણાવ્યું, 'ત્યારે બે ખુરશીઓ લઇ બેસો!'

*

૧લો માણસ—મૉટરની મુસાફરીએ ગએલા તમારા ભાઈના શા ખબર છે?

૨જો માણસ—તેનો એક કાગળ પોલીસની ચાવડીથી અને બીજો દવાખાનામાંથી હતો.

સુધરેલા જમાના પ્રમાણે શેઠ ગાડી હાંકતા હતા અને નોકર પાછળ બેઠો હતો. આ જોઇ બે ગામડીઆ છોકરા વિચારમાં પડચા.

પહેલો છોકરો બોલી ઉઠચો, 'આ ગાડી હાંકનાર નોકરનો રોફ આટલો બધો કેમ હશે?'

બીજાએ જરા અક્કલ ચલાવી ખરી વાત સમજાવી કે, 'શહેરમાં નોકરના પગાર રહ્યા ભારે. એટલે વખત જતાં નોકર થઈ ગયા પૈસાદાર અને શેઠનાં ગજવાં ખાલી પડચાં. એટલે જ આ ગાડી હાંકનાર નોકર આટલા રોફમાં છે, અને શેઠ આવા મુફલીસ થઇ ગયા છે.'

*

જેલર—તને કેટલી જેલ મળી, અલ્યા?

કેદી બહારવટીઓ—એક મહીનો.

જેલર—(નવાઈ પામીને) બસ?

કેદી બહારવટીઓ—ના, પછી તો હું ફાંસીએ જવાનો છું.

કેનીઆ

૧

'સબ ભૂમિ ગોપાલકી, વામેં અટક કહાં ?'

ઉપલી લીટીનો વધુ ઉપયોગ કોઇએ કર્યો હોય તો તે અંગ્રેજોએ. સામ્રાજ્ય જમાવી એકચક્રવે રાજ કરવાનો એમનો લોભ એટલો જબરો છે કે ન પુછો વાત. મુળ ઇંગ્લંડ રહ્યું અતિશય નાનું, અને તેના પ્રમાણમાં વસતી ઘણી મોટી. એ કારણે પણ તેમને બહાર વસાહત કરવાની જરૂર પડી છે.

બહુ જુની વાત તાજી કરીએ તો, જ્યારે લોકોની સંખ્યા જુજ હતી અને પૃથ્વીની સપાટી માણસ વગર સુની હતી ત્યારે, જેમ જેમ પ્રજા વધતી ગઈ તેમ તેમ નવા નવા દેશો અને અનુકુળ પ્રદેશો શોધીને તે આગળ ને આગળ વસવાટ કરતી ગઈ. મુળના જંગલી વતનીઓને હાંકી કાઢીને પણ જુદાં જુદાં ટોળાંએ ફળદ્રૂપ ભૂમિમાં વાસો લીધો. પછીથી તેમણે મુળ વતનીઓને પોતાનામાં ભેળવી, કેળવી બને તેટલા અપનાવ્યા. આટલું થતાં સુધી તો નવા દેશોમાં વસાહત કરવી એ પાપ નહોતું. પણ પછી તો સંસ્થાનો અને સામ્રાજ્યો સ્થપાયાં. દેશ મેળવવા માટે પ્રજાઓ અંદર અંદર લડવા લાગી. બળવાન પ્રજાઓ નાની પ્રજાઓને ગળી જવા લાગી. એ પ્રજાઓ એકબીજાની સરકાર અને રૈયત થઇ. આ જાતની ચડાઇઓ અને લડાઇઓ એ ઇશ્વર અને કુદરત સામે ચોખ્ખો બળવો જ હતો.

અંગ્રેજ પ્રજાની વાત કરીએ તો, પ્રથમ તેણે અમેરિકામાં યુનાઇટેડ સ્ટેટ્સ સ્થાપીને ત્યાંના 'રેડ ઇન્ડીઅનો'નું નિકંદન કાઢ્યું. હવે તેમણે એ લોકનો સ્વીકાર કર્યો છે, પણ સમાજના ભેદ ટાળ્યા તો નથી જ. એ યુનાઇટેડ સ્ટેટ્સની ઉત્તરે કૅનેડા નામે બીજો મોટો દેશ પણ તેમણે વસાવ્યો. હજુ સુધી ઉજ્જડ પડેલા ઑસ્ટ્રેલીઆની ભૂમિ પણ તેમણે કૈંક વસતીવાળી કરી છે. દક્ષિણ આફ્રીકાનો પ્રદેશ પણ અંગ્રેજોએ પચાવ્યો છે. ન્યુઝીલાંડમાં પણ એ જ લોકે સારો પગપેસારો કર્યો છે. ઉપલા બધા દેશોમાં તો તેઓએ મોટી સંખ્યામાં જઇ પોતાની સરકાર અને પોતાની જ પ્રજા બાંધી છે.


પરંતુ જે દેશોમાં મુળ વતનીઓની સંખ્યા થોકબંધ છે ત્યાં એ લોક પોતાનાં સંસ્થાન સ્થાપી શક્યા નથી. ત્યાં તો રાજ કરનારી 'સરકાર' તરીકે જ તે પોતાને ઓળખાવે છે. આયર્લંડમાં હાથ ઘાલ્યો હતો, પણ વરસો પછી મુળ પ્રજા જાગી ત્યારે વરસોની ઝપાઝપી પછી તેણે પોંચો પાછો ખેંચી લીધો. ઇજીપ્તમાં પણ એવું જ બન્યું. હીંદુસ્તાનના તો એ મુરબ્બી સત્તાધીશ થઇ બને તેટલું પોતાનું કરીને જ બેઠા. ઍબિસીનીઆ, ઇરાન, તુર્કસ્તાન, ચીન અને તીબેટમાં પણ તેઓ પ્રવેશ કરવા મથે છે.

જો આ બધી માયાજાળ તેઓ 'બ્રિટિશ એમ્પાયર' જમાવવા જ પાથરતા હોય તો આપણે નમ્રપણે એ જાતને જણાવી દેવું જોઇએ કે 'એમાં સાચી માનવતા નથી. ગ્રીસ રોમ આદિ અનેક સામ્રાજ્યો ઘડી ટકીને હમેશ માટે નાબુદ થઇ ગયાં છે. તમારો દેશ સાંકડો હોય અને સમાસ ન થતો હોય તો ખુશીથી સરખા હકદાર ભાઇ તરીકે અમારે ઘેર આવીને રહો; પણ મહેરબાની કરીને 'મોટા ભાઇ' બનવાનો દાવો કોઇ દહાડો કરશો નહિ.'


બહારનાં રાજ્યો પચાવી પાડવાનો જેને કદિ ખ્યાલ સુદ્ધાં ન આવ્યો હોય એવી એક જ પ્રજા છે, અને તે આર્યપ્રજા. પરદેશીઓના હુમલાઓમાંથી જેને કદિ પણ જંપ ન વળ્યો હોય એવી એક જ પ્રજા છે, તે આર્યપ્રજા. કોઇ દિવસ અંદરઅંદરના ઝગડા અને ધરકંકાસ, લુંટ અને લડાઇ વગર ઠરીને ઠામ ન

બેઠી હોય એવી એક આર્યપ્રજા.

બીચારો આફ્રીકા એવો હતભાગી ખંડ છે કે તે જુદી જુદી પ્રજાઓનો ભોગ થઇ પડ્યો છે. અરબ, જર્મન, ફ્રેન્ચ, અંગ્રેજ, પોર્ટુગીઝ અને ઇટાલીઅન, સૌએ આ મહાકાય આફ્રીકાને પીંખી ખાધો છે. ત્યાંની મુળ જાતો એટલી પછાત અને ભોળી છે કે એમનો લાભ લેવા યુરપની એક્કેય પ્રજા ભુલી નથી. આફ્રીકાનો કેટલોક પૂર્વ પ્રદેશ અંગ્રેજોના તાબામાં છે. તેમાં ઘણાં ગીચ જંગલો આવેલાં હોવાથી તેઓએ વસવાટને લાયક એ પ્રદેશ ગણ્યો નહિ.



કેનીઆની રાજધાની મોમ્બાસાનું બારૂં



કેનીઆ પર્વત

પણ ગોરાઓ અહીં આવ્યા તે અગાઉ સૈકાઓ પહેલાં હીંદમાંથી ઘણા વેપારી લોક અહીં આવી વસેલા. તેઓએ વેપાર ચલાવ્યો, મુળ વતનીઓ જોડે સંબંધ કેળવ્યો, ઘરનાં મકાન બાંધ્યાં ને જમીનો ખરીદી, આરોગ્ય ન જળવાય એવા પ્રાંતોમાં પણ તેઓએ વસવાટ કર્યો અને વેપારને અનુકુળ સાધનો ઉપજાવ્યાં.

આજ હવે અંગ્રેજો જાગ્યા છે. તેમને જાણ થઇ છે કે વસવાટને યોગ્ય વિશાળ, શીતળ અને ઉચ્ચ ભૂમિ ત્યાં મળે તેમ છે; અન્ન ફળ જથ્થાબંધ ઉગાડી શકાય એવું છે. પણ હવે હીંદી લોક તેમને ખુંચે છે. તેઓ કહે છે કે 'તમે હીંદીઓ આફ્રીકાનો દરીઆકીનારો છોડી અંદરના ગરમ ભાગમાં રહેવા જાઓ; તમારાં ઘરબાર અને વાડીવજીફા વેચી ચાલ્યા જાઓ, અને અમને આ હવા ખાવાનાં ઉંચાં સ્થળો સોંપી દો.'

હીંદુસ્તાનમાં જે ઘડીએ 'કેનીઆનો પોકાર' પડે છે તે જ ઘડીએ અમારી પરદેશની ટપાલનું એક માસિક મોટે મથાળે લખે છે:

'બ્રિટિશ સામ્રાજ્ય ભાડે દેવાનું છે; ખાલી જગ્યાઓ પુરો.'

બીજી જ પળે આફ્રીકાના મુળ વતનીઓનું એક પત્ર અમને વંચાવે છે:

'કાળા માણસને પોતાના ઘરમાં લુંટી આ લોક શાંતિપાલન કરવાનું સૂચવે છે—શીખવે છે. શાન્તિ શાની? અમને લુંટીને શાન્તિ શાની?'

અંગ્રેજ લોકની દુનીઆભરમાં આવડી મોટી વસાહત છે. એ વસાહતમાં એક સરસ સંજોગ એવો છે કે જો અંગ્રેજો પ્રજાપ્રજા વચ્ચે ભાઇચારો વધારવા માગે તો બીજી કોઇપણ પ્રજા કરતાં તે વધુ વધારી શકે. પણ...પણ બ્રિટિશ સામ્રાજ્યની મનોવૃત્તિ જુદી જ જણાય છે. ઇંગ્લંડનું રાજતંત્ર સામ્રાજ્યને વિશાળ અને મજબુત બનાવવા પાછળ ખાઇપી મંડ્યું છે. દોર, દમન અને દારૂગોળો તજી દઇને દુનીઆની દરેક જાતિને હાથ મીલાવવા એ પ્રજા ખડી થશે તે દહાડે ભ્રાતૃભાવ અને એકસંપનો ખુદાઇ પેગામ મળ્યો મનાશે. હાલ એમ ન બને ત્યાં લગી આપણે એકતા અને શાન્તિનો સ્વધર્મ ન ભુલીએ અને પ્રેમ તથા આહસાનો ઇશ્વરી સંદેશ સારા સંસારમાં મોકલીએ.

૨

કોઇ એક પ્રજા બીજી જાતિની પ્રતિપાળ બની બેસે અને પોતાનો ખુદાઇ હક રજુ કરે ત્યારે તે એ પરમુલકને ' સ્ટેટ પ્રોટેક્ટોરેટ ' (એટલે રક્ષિત રાજ્ય) તરીકે ઓળખાવે છે. ત્યાર પછી એ પ્રજા પોતાને માટે ત્યાંની જે જમીન રોકી લે તેટલા ભાગને 'કોલોની' કહે છે. 'કોલોની' એટલે સંસ્થાન. આફ્રીકા ખંડના કાંઠા ઉપર એવાં કેટલાં યે કોલોની પારકી પ્રજાનાં સ્થપાઈ ગયાં છે. બ્રિટિશ પૂર્વ આફ્રીકામાં કેનીઆ એ અંગ્રેજ લોકનું એવું એક રક્ષિત રાજ્ય કે કોલોની છે. એ પ્રદેશમાં કેનીઆ નામનો સમુદ્રની સપાટીથી ૧૭૦૦૦ ફુટ ઉંચો એક પહાડ આવેલો છે, તે ઉપરથી એ પ્રાંતનું નામ કેનીઆ પાડ્યું છે.

કેનીઆની ઉત્તરે ઍબિસીનીઆનું દેશી રાજ્ય અને ઇટાલીનું સોમાલી લૅંડ, દક્ષિણે ટાંગાનૈકા, પૂર્વે હીંદી મહાસાગર અને પશ્ચિમે યુગાન્ડા છે. કદમાં કેનીઆ ઈંગ્લંડથી ચારગણો છે; એટલે એનું ક્ષેત્રફળ ૨,૪૭,૦૦૦ ચોરસ માઇલનું છે. એમાંનું વિક્ટોરીઆ ન્યાંઝા નામે મોટું સરોવર જ લગભગ અરધા ઈંગ્લંડ જેવડું તો છે. વિષુવવૃત્ત એને બરોબર વચ્ચે વીંધીને જાય છે.

દક્ષિણ તેમજ પૂર્વ આફ્રીકાની ભૂમિ દરીઆ-કાંઠાથી ઉત્તરોત્તર ઉંચે ચડતી જાય છે; તેથી એ ઉચ્ચ પ્રદેશની હવા ઠીકઠીક ઠંડી રહે છે. દરીઆકાંઠો, સરોવર અને ખીણો હોવાને લીધે પણ ગરમ આબોહવાથી ત્યાં રૂડું જતન થાય છે.

ઇતિહાસને પાને કેનીઆની નોંધ હજુ તાજી જ છે. મુળ ત્યાં 'કીકુયુ' અને 'મસાઇ' નામની તથા બીજી જાતિઓ રહેતી. તે વેળા એ જાતિઓનું કે ત્યાંનાં જંગલો ને સપાટ રેતાળ મેદાનોનુ પ્રભુ સીવાય કોઇ માલીક નહોતું. સવારસાંજ જેવો સુરજ ઉગે તેવો આથમતો. કુદરતનું ભવ્ય સાન્દર્ય ચોમેર પથરાતું અને ત્યાંના નગ્ન વતનીઓ એમાં ઓર વધારો કરતાં. દરીઆનું કે પરદેશનું કો પંખેરૂં ઉડીને આવતું, ઝાડીને એક ખુણે બેસી બે ઘડી એ વેરાનમાં ગીત કલ્લોલતું અને પાંખ ફફડાવી પાછું આકાશમાં અલોપ થતું. દુધની ધારા જેવી ચાંદની રેતી સાથે કે ઝાડવાંઓમાં રમીને થાકીને ચાલી જતી. અંધારીઆની ઘોર રાતમાં હિંસક પશુઓના કારમા અવાજ કાને પડતા અને ત્યાંના અલમસ્ત વતનીઓ પણ કાંપી ઉઠતા.

આફ્રીકાના મોટાભાગમાં ફરેલો મુસાફર લિવિંગ્સ્ટન પણ કેનીઆ પર્વતનાં દૂરથી જ દર્શન કરી પાછો વળ્યો હતો, છતાં મોમ્બાસા એ કેનીઆનું જુનું



નાઇરોબી પ્રાંતનો 'કીકુયુ' જાતનો મુળ વતની: કાનની બુટ વીંધીને તેમાં વજનદાર વસ્તુઓ કે પ્યાલા લટકાવવા એને તેઓ શણગાર ગણે છે.



કેનીઆનો 'મસાઈ' જાતનો છેલબટાઉ વતની: ચરબી અને લાલ માટીથી વાળની લટો વણી, અંદર શીંગડાં ગુંથી એ લોકો આવાં રૂપ કાઢે છે.

વેપારી મથક, મુખ્ય શહેર અને મોટું બંદર છે. જુદી જુદી વેપારી જાતો આજ પાંચસો વરસથી મોમ્બાસાનો વેપાર ખેડે છે. પોર્ટુગાલનો નામચીન સફરી વાસ્કો ડ ગામા હીંદુસ્તાન આવતો હતો ત્યારે ઇ. સ. ૧૪૯૮ ના એપ્રીલ માસમાં મોમ્બાસા આગળથી પસાર થયો હતો. એ અરસામાં ત્યાં અરબ લોકનું રાજ્ય ચાલતું હતું. મોમ્બાસા આબાદ અને સુખી હતું. પછીથી અરબોને કાઢીને પોર્ટુગીઝોએ એ દેશ ઉપર અમલ બેસાડયો અને સો વરસ ચલાવ્યો. પણ અરબોએ પાછો તે જીતી લીધો. અંગ્રેજોના હાથમાં કેનીઆ ઇ. સ. ૧૮૮૬માં આવ્યો.

અંગ્રેજોની પહેલાં આશરે ચારસો વરસ પર હીંદીઓ વેપાર અર્થે અહીં આવ્યા હતા. મુલક કબજે કરવાનો કે સત્તા ભોગવવાનો એમનો ઇરાદો હતો જ નહિ. તેઓ ત્યાંની પ્રજાને જોઇતી વસ્તુઓ પુરી પાડતા ને ઉજ્જડ પ્રદેશમાં ઘરબાર બાંધી વસાહત કરતા. હીંદીઓનો દાખલો લઇને બીજી પ્રજાઓનાં કોઇ કોઇ માણસ પણ અહીં આવી વસતાં. ઇ. સ. ૧૮૯૬માં અહીં હીંદી પ્રજાએ હીંદી મજુરો વડે રેલ્વે બાંધવી શરૂ કરી. જંગલ અને વેરાન વચ્ચે થઇને રેલ્વે કાઢવી કેટલી મુશ્કેલ છે તેનો ખ્યાલ આપણને અહીં બેઠાં ન આવે. હીંદીઓએ પરસેવો અને પૈસો વાપરીને, માણસોનો પણ ભોગ આપીને મોમ્બાસાથી ઠેઠ યુગાન્ડા સુધી લગભગ ૬૦૦ માઇલની રેલ્વે સડક બાંધી. એ આખું રાષ્ટ્ર, ખરૂં કહીએ તો હીંદીઓએ જ નિર્માણ કર્યું છે. કર્નલ વેજવૂડે આ સંબંધે પોતાના એક પુસ્તકમાં લખ્યું છે કે 'રાષ્ટ્ર નિર્માણ કરવાના અને રેલ્વે બાંધવાના કામમાં હીંદીઓએ હાડની કાંગસો કરી નાખી છે. રેલ્વે અને પરચુરણ વેપાર તો તેઓ ચલાવે જ છે, પણ સાથે સાથે જથ્થાબંધ વેપારનો ઘણો મોટો ભાગ પણ એક રીતે તેમને જ હસ્તક છે, કારણકે તે વેપાર હીંદ સાથે જ હોય છે. લડાઇ ફાટી નીકળી ત્યારે પણ એ જ બહાદુર હીંદીઓ જર્મનો સામે સંસ્થાનમાં રહી ઝઝુમ્યા હતા. હીંદી રેલ્વે અને રેલ્વેનાં માણસોએ જ લડાઇ ચલાવી રાખી હતી. જર્મન પૂર્વ આફ્રીકાનાં જંગલોમાં પ્રાણ પાથરનાર પંજાબી શીખ સીવાય બીજું કોણ હતું?'

મોમ્બાસાના નીચા ભેજવાળા કાંઠાની પછીનો મુલક કાંટાળી ઝાડીઓથી રૂંધાએલો છે. ટીપું પાણી ન મળે એટલું વિકટ, અને અંદર પેસવાની છાતી ન ચાલે એવું ઘોર એ જંગલ છે. જંગલ પછીનો સપાટ પ્રદેશ ઝાડપાન વગરનો સાવ વેરાન છે. અહીં પહેલાં જંગલી પ્રાણીઓનું રહેઠાણ હતું. રેલ્વે બંધાતી હતી તે દરમ્યાન કેટલા યે હીંદી મજુરો સિંહના શીકાર થયા હતા. એ સિંહની જાત ઘણી ઝનુની હતી. એક વાર કોઇ અંગ્રેજ રેલ્વે ટ્રેનના ફર્સ્ટ કલાસમાં મુસાફરી કરતો હતો. એકાએક કેટલાક સિંહ ચાલતી ગાડીએ ફાળ ભરી ડબ્બાની બારીએ બાઝયા અને અંદર દાખલ થઇ બાપડા અંગ્રેજને બારી વાટેથી બહાર ઘસડી ગયા. હવે જેમ જેમ વસતી વધે છે તેમ તેમ હિંસક પ્રાણીઓ ઓછાં થતાં જાય છે; તોપણ હજુ છેક નાબુદ થયાં નથી.

જુના વખતમાં અરબો હાથીદાંત શોધવા અને ગુલામો પકડવા ક્યારેક અંદરના ઝાડીવાળા ભાગમાં દાખલ થતા. ત્યાંના મુળ વતનીઓ તો નીચા પ્રદેશમાં રહેવાનું પસંદ કરતા. કારણકે ત્યાં તેઓને ઓછી મહેનતે ફળફુલ અને ખેતીના પાક મળતા. તેમનામાં પણ મસાઇ જેવી લડાયક કોમ જ્યારે હલ્લો કરતી ત્યારે બીચારા બીજા વતનીઓ બીકના માર્યા આ ઉચ્ચ પ્રદેશમાં નાસી છુટતા અને સંતાઇ રહેતા. આ સિવાય ઉચ્ચ પ્રદેશમાં વસતી નહિ જેવી હતી.

કેનીઆમાં મકાઇનો પાક ઘણો નીપજે છે અને ત્યાંના લોકનો મુખ્ય ખોરાક પણ તે જ છે. આ ઉપરાંત ઘઉં, બટાટા, કોબીજ ને ટમેટાં પણ ઠીક પ્રમાણમાં ઉગે છે. ગરમ પ્રદેશમાં લીંબુ, કેળાં, કોપરી, ડાંગર ને કપાસ પણ થાય છે.

કેનીઆ પર્વતનો સઘળો ઉચ્ચ પ્રદેશ ખેતીને ઘણો અનુકુળ છે. નીચાણનો ભાગ બહુ ઢોળાવવાળો અને ઉંડો છે. તેમાં 'ધ ગ્રેટ રિફ્ટ' કરીને એક વિશાળ ખીણ છે. એ સઘળી જમીન ગોચર તરીકે વપરાય છે. આ સઘળા પ્રદેશમાં નાની રેલ્વેઓ દોડે છે. તેઓ તૈયાર પાક મોમ્બાસા અને યુગાન્ડા સુધી પહોંચાડે છે. અહીંની ભોં રસાળ ને ઢોરઢાંખરના ઉછેરને ખાસ અનુકુળ છે. કોફીની નીપજ એટલી મોટી છે કે ઘણીક

તો પરદેશ ચડે છે. અનાજ અને ફળફુલના વેપાર પણ ધીકતો ચાલે છે.

હાલ કેનીઆમાં ૧૦,૦૦૦ જેટલા ગોરા, ૨૫,૦૦૦ જેટલા હીંદીઓ, અરબો તેમજ ૨૫,૦૦,૦૦૦ જેટલા મુળ વતનીઓ છે. આ બધી જાતો વચ્ચે કેનીઆ કેમ વસાવવો તેની યોજના એક કેનીઆવાસી ગોરા ભાઇએ ઘડી છે. એ કહે છે કે દેશની ખરી મુડી પૈસો નથી પણ માણસ છે. દરેક માણસ દેશની થાપણ છે. માણસ કાચા માલમાંથી પાકો માલ તૈયાર કરીને



'અરબ અને હાથીદાંત' એ બે તો કેનીઆનાં જ. કેનીઆનાં જંગલોમાંથી પુષ્કળ હાથીદાંત મળી આવે છે. આ ચિત્રમાં ઉભેલા બે અરબોએ પકડેલી હાથીદાંતની મોટી જોડમાંનો એક વજનમાં ૨૩૦ રતલ, ને બીજો ૨૩૫ રતલ છે.

પૈસો પેદા કરી શકે છે; માટે તે પૈસા કરતાં વધુ શક્તિવાન છે. જો ઉજ્જડ દેશ વસાવવો હોય તો તેમાં પૈસા કરતાં માણસની જરૂર વધારે છે. સરકાર પાસેથી જોઇએ તેટલી જમીન ખેડવા લઇ શકાય, ને દરેક ભાગીદાર માણસ ફળફુલ, શાક લીલોતરી, ખેતીવાડી અને ઉદ્યોગધંધાઓ વડે પોતાનું ભરણપોષણ કરી શકે. વળી સરકારને જમીન ખેડવા દીધા બદલ જે વાંધોટી ઠરાવી હોય તે પણ ઉપજ અને આવકમાંથી ભરી દેવાય. અમુક વરસ વીત્યે જે વધારો વધે તેને માણસદીઠ મુકરર ભાગે વહેંચી અપાય.

પણ આ ભાઇની યોજનામાં એક મોટી ખોડ છે. તેમાં ગોરાકાળાનો અનહદ ભેદભાવ ભર્યો છે. એ ભાઇએ એવા આંક મુક્યા છે કે યુરોપની પ્રજાનો કોઈ ગોરો અહીં વસાહત કરીને કામ કરે તો તે માણસની ૫૦૦ પાઉન્ડ જેટલી થાપણ ગણાય; અરબ કે હીંદી જેવો કોઇ પરદેશી વસીને કામ કરે તો તેને ૨૦૦ પાઉન્ડની થાપણ માનવી; અને મુળ વતની જો કામ કરે તો તેના ૫૦ પાઉન્ડ લેખવા! ઓછીવત્તી બુદ્ધિ અને શરીરની મહેનત સરખાવી જોઇએ તોપણ જણાશે કે ૫૦૦, ૨૦૦ અને ૫૦ પાઉન્ડ વચ્ચેનો મોટો ફેર અન્યાયી છે. એથી તો તવંગર અને ગરીબ, મુડીદાર અને મજુર, શેઠ અને ગુલામ એવા ચોખ્ખા ભેદ ઉભા થાય છે.

વળી, આજકાલના કેટલાક ગોરાઓનો વિચાર તો જુના વસાહતી હીંદીઓને ત્યાંથી હાંકી કાઢી, એ બધું બથાવી પાડી, પોતાનું સંસ્થાન કરી લેવાનો છે. કારણકે, હીંદીઓ ત્યાંના મુલક તથા લોકોના ટેવાએલા, જુના અનુભવી અને બુદ્ધિ તથા વેપારવૃત્તિમાં એમનાથી ઉતરે તેવા ન હોવાથી ગોરાઓને તેઓ આંખમાં કણાની જેમ ખટકે છે. આવાં કારણોને લીધે તેઓ હીંદીઓની આડે કેનીઆમાં અનેક જાતની હરકતો, અડચણો ને મુસીબતો નાખે છે.

હાલ ૩૫૦૦ ગોરાઓ કેનીઆમાં વસાહત કરવાને તૈયાર થયા છે; અને એ એટલાની સગવડ ખાતર અંગ્રેજ સરકાર ત્યાંની આખી પ્રજાને અનેકવિધ ત્રાસ આપી રહી છે. હવે હીંદીઓને જમીન ખરીદ કરવાનો

હક નથી, કેળવણી કે મત મેળવવાનો અધિકાર નથી. જમીન ખેડનાર નવા ગોરા 'પ્લૅન્ટર્સ' આવે તેમને અનુકુળતા કરવાને સરકાર ઘણી મથામણ અને ઘણો જુલમ કરી રહી છે. કેનીઆમાં રહેવું પણ ભારે પડે એવી આપખુદી તેઓ ચલાવે છે. હીંદ આ બાબત પોકાર કરી રહ્યું છે; પણ સરકારને સામ્રાજ્યનો અતિ-લોભ લાગ્યો છે એટલે કશું જ સાંભળતી નથી.

આ સઘળાં વીતક વેઠીને પણ કેનીઆની લડત લડી લેવી એ જ આપણને લાજિમ છે. પરંતુ ઘરના હક તરફ બેદરકાર રહીને આપણે બહારના હકદાર થવા ક્યાં સુધી જાશું? આપણે જાણીએ છીએ કે ગોરાઓના કરતાં હીંદીઓનો હક કેનીઆમાં વધુ સાચો છે; પરંતુ આપણે પહેલી સંભાળ મુળ વતનની લેવી ઘટે છે. હીંદના જ હુન્નરઉદ્યોગના વિકાસ અને સ્વાતંત્ર્યની લડતમાંથી ચાતરીને પરદેશના વેપારઉદ્યોગ ને હક સંભળાવા દોડવું એ તો કોઇ પણ રીતે મુનાસબ નથી.

પૂછો તંત્રીને

વીજળીની પહેલવહેલી શોધ કરનારા માણસનું નામ જણાયું નથી, પરંતુ ગ્રીક લોકો જુના કાળમાં પણ વીજળી વીશે ઘણું જાણતા હતા. સોળમા સૈકાથી વિજ્ઞાનની પદ્ધતિએ વીજળીનો અભ્યાસ થવા લાગ્યો.

ગ્રામોફોનની પ્લેઈટ 'વલ્કેનાઇટ' નામના પદાર્થમાંથી બને છે. રબ્બર અને ગંધકના મિશ્રણથી જે પદાર્થ બને છે તે વલ્કેનાઇટ.

અંગ્રેજોમાં કોઈને ઘેર જતાં કે કોઈને મળતી વેળા ટોપી ઉતારવાનો રીવાજ જુના વખતથી ચાલતી આવેલી એક રૂઢી ઉપરથી પડ્યો છે. પહેલાંના વખતમાં કોઇ અંગ્રેજ સરદાર કોઈને ત્યાં મહેમાન થઇને જતો, ત્યારે માથા પરથી ટોપી ઉતારતો. આથી તે એમ જણાવતો કે હું મારી તલવારને બળે નહિ, પણ યજમાનના ભરોસા ઉપર છું. ત્યારથી એ લોકોમાં—ખાસ કરીને સ્ત્રીઓ આગળ—ટોપી ઉતારવાનો ચાલ પડ્યો છે.

મુળ તત્ત્વો પાંચ છે: પૃથ્વી, જળ, વાયુ, તેજ અને આકાશ. કોઈ મરી જાય છે ત્યારે આપણે કહીએ છીએ કે તે પંચત્વ પામ્યો. પંચત્વ એટલે પાંચપણું. પાંચ તત્ત્વોમાં મળી જવું તે પંચત્વ પામવું. મૃત્યુ પછી આત્મા ઉડી જાય છે અને દેહ પાંચ તત્ત્વોમાં વહેંચાઇ જાય છે. હાલ રસાયનશાસ્ત્રે કુલ ૮૪ તત્ત્વો શોધી કાઢ્યાં છે. તત્ત્વોના પરમાણુઓના ભાર સરખાવી જોતાં માલુમ પડે છે કે હજુ બીજાં ૭ તત્ત્વો શોધવાનાં બાકી રહે છે. એટલે કુલ મળીને ૯૦ તત્ત્વો થશે.

દુનીઆમાં કુલ ભાષાઓ ૩૪૨૪ અને માણસોની સંખ્યા ૧૬૦૦૦૦૦૦૦૦ છે.

નવા સવાલ

દુનીઆમાં વધુમાં વધુ ગરમીવાળું શહેર કયું?


વાયરલેસનો સંદેશો ગમે તેટલી અડચણો ભેદીને પણ દોરડાં વિના કેવી રીતે જઇ શકતો હશે?

બરફ પાણીમાં તરે છે કેમ?

દીવાની જ્યોત ઉંચી કેમ બળે છે?

મીઠું ખાવાથી તરસ કેમ લાગે છે?

ગણિત-ગમ્મત



એક જમીનદારને આ આકૃતિ પ્રમાણે ચોરસ જમીન છે, અને તેમાં, આકૃતિમાં જણાવ્યા મુજબની જગ્યાએ આંબાનાં બાર ઝાડ આવેલાં છે. તે જમીનદારને ચાર છોકરા છે, અને તે દરેકને જમીન તથા ઝાડ સરખે ભાગે વહેંચી આપવાનાં છે: પણ તે એવી રીતે કે દરેકને જે જમીન મળે તે સરખા આકારની હોવી જોઇએ. તમે વહેંચી આપશો?

*

ડોસો ડોશી બે મણીઆં, છોકરાં બે અધમણીઆં;
નાવ ઉપાડે એક મણ ભાર, ક્યમ કરી જાવું સામે પાર?

*

ત્રણ છગડા એવી રીતે ગોઠવો કે જેનો સરવાળો ૭ થાય.

ગઈ વખતના દાખલાનો જવાબ

૮, ૧૨, ૫, અને ૨૦. તે આવી રીતે:

$$૮ + ૨ = ૧૦$$
$$૧૨ - ૨ = ૧૦$$
$$૫ \times ૨ = ૧૦$$
$$૨૦ \div ૨ = ૧૦$$

———

૪૫



નગરશેઠના દીકરાની વાત

એક હતા નગરશેઠ. તેને ચાર દીકરા હતા. ચારે દીકરા મોટા ને સૌસૌનું સંભાળી લે તેવા હતા. એક વાર નગરશેઠ બહુ માંદા પડ્યા ને બચે એવા ન રહ્યા. સૌએ આશા છોડી કે હવે શેઠ નહિ જીવે.

શેઠનો જીવ કેમે જાય નહિ. આથી મોટા દીકરાએ પુછ્યું, 'બાપા, તમારો જીવ કેમ નથી જતો? તમારો જે વિચાર હોય તે કહો; અમે તે પ્રમાણે કરીશું.'

શેઠ કહે, 'ભાઇ, બીજું તો ઠીક; પણ મારી પાછળ રોજ એક રૂપીઓ ધર્માદામાં વપરાય એવું પણ લે તો મારો જીવ જાય.'

મોટો દીકરો કહે, 'એવું પણ કાંઇ લેવાય નહિ. પૈસા તો આજ છે ને કાલ નથી; તો પછી રોજ ધર્માદો ક્યાંથી થાય?'

ત્યાર પછી શેઠે બીજા દીકરાને બોલાવી કહ્યું. તેણે પણ ના પાડી. ત્રીજાને કહ્યું તેણે પણ કહ્યું કે મારાથી એવું ન બને.

ત્યાર પછી સૌથી નાનો દીકરો આવ્યો તેણે પુછ્યું, 'બોલો બાપા, તમારી શી ઇચ્છા છે? જે કહેશો તે કરવા તૈયાર છું.'

શેઠ કહે, 'ભાઈ, મારે બીજી તો કાંઇ ઇચ્છા નથી; પણ મારી પાછળ રોજ એક રૂપીઓ ધર્માદામાં વાપરે તો મને સદ્દગતિ થાય.'

નાનો દીકરો કહે, 'બાપા, તમારા જીવને સદ્દગતિ કરજો. હું રોજ તમારી પાછળ એક રૂપીઓ વાપરીશ.' એમ કહ્યું ને તરત જ શેઠનો જીવ ઉડી ગયો.

નાનો દીકરો તો રોજ એક રૂપીઓ ધર્માદામાં નાખે ત્યાર પછી જ અનાજ લે. એમ કરતાં કરતાં ઘણા દિવસ વહી ગયા. એકવાર એક બ્રાહ્મણે આવી શેઠના નાના દીકરાને કહ્યું, 'શેઠ, મારે એ દીકરીને કન્યાદાન દેવું છે. માટે મને એટલા રૂપીઆ આપો.' નાના દીકરાએ તરત જ પોતાની ડોકમાં એક હીરાકંઠી પહેરી હતી તે કાઢીને આપી દીધી.

તેનો મુનીમ પાસે બેઠો હતો. તેને આ ગમ્યું નહિ. તેણે તરત આ વાત તેના મોટા ભાઇને કરી.

નાના દીકરાનું નામ મોતીચંદ હતું. તે દુકાનેથી ઘેર આવ્યો અને બંને ભાઇ સાથે જમવા બેઠા.

જમતાં જમતાં મોટા ભાઇએ મોતીચંદને પુછ્યું, 'તારી ડોકમાંથી કંઠી ક્યાં ગઇ?' મોતીચંદે કહ્યું કે એ તો એક બ્રાહ્મણને કન્યાદાન દેવું હતું તેને આપી દીધી.

મોટાભાઇનાં ભવાં ચડયાં; કપાળે કરચલી પડી ને બોલ્યો, 'એવા ધર્માદા કરવા બેસીએ તો પાર ક્યાં આવે? ખબરદાર, જો હવેથી કોઇને કાંઈ આપ્યું છે તો. જ્યાં સુધી બોલતા નથી ત્યાં સુધી ઠીક છે.'

મોતીચંદને બહુ ખોટું લાગ્યું. તેણે તરત જ મનમાં વિચાર કર્યો કે આ ગામનું પાણી મારે હવે પીવું નહિ. ખાધું ન ખાધું ને એકદમ ઉઠ્યો, ને કોઇને કહ્યા વિના ચાલતો થયો. રસ્તામાં તેને બે દિવસના અપવાસ પડયા, કારણકે બાપની પાછળ પણ લીધા મુજબ એક રૂપીઓ ધર્માદામાં નાખ્યા વિના તે ખાતો નહિ.

ત્રીજે દિવસે તે એક ગામમાં આવી પહોંચ્યો. ત્યાં બજારમાં એક વાણીઆની દુકાન ઉપર જઇને બેઠો. મોતીચંદના બેસવાથી દુકાનવાળાને બહુ વકરો થયો. જ્યારે દુકાન બંધ કરવાનો વખત થયો ત્યારે તે વાણીઓ બોલ્યો, 'ભાઇ, તું કેવો છે?' મોતીચંદ કહે, 'હું વાણીઓ છું, ને નોકરી માટે નીકળ્યો છું.'

વાણીઆએ પુછ્યું, 'તું જમ્યો છે? મોતીચંદ કહે, 'ના, મેં બે દિવસથી ખાધું નથી, કેમકે મેં મારા બાપના મોઢા આગળ પાણી મુક્યું છે કે એક રૂપીઓ રોજ ધર્માદામાં નાખીશ; પણ બે દિવસથી મેં કાંઇ નાખ્યું નથી, એટલે અન્ન પણ લીધું નથી.'

વાણીઓ તેને પોતાની સાથે પોતાને ઘેર તેડી ગયો. આ વાણીઓ કાંઇ બહુ ભણ્યો ન હતો. તેના મુનીમ તેના વેપારમાંથી બધું ખાઇ જતા; પણ આ શેઠને કાંઇ ખબર પડતી નહિ. મોતીચંદે એક દિવસમાં જ તેની દુકાનમાં ચાલતો ગોટાળો જોઇ લીધો હતો.

ઘેર આવ્યા પછી મોતીચંદ બોલ્યો, 'શેઠ, તમારી દુકાનમાં તો બહુ ગોટા ચાલે છે. તમે કાંઇ ધ્યાન આપતા નથી ને મુનીમો તો બધું ખાઇ જાય છે.'

શેઠ કહે, 'ભાઇ, મને શી ખબર કે એ લોકો શું કરે છે? તેમ મારે એકેય દીકરો પણ નથી કે જે દુકાનનો કારભાર ચલાવે. ખોટ ન આવે ત્યાં સુધી હું તો જાણું ઠીક ચાલે છે. પણ હવે તું મારે ઘેર રહે ને દુકાનનો કારભાર ચલાવ. મારે દીકરો નથી. આજથી તું મારો દીકરો.'

મોતીચંદ કહે, 'એ તો ઠીક. પણ મારે રોજ એક રૂપીઓ ધર્માદામાં નાખવો જોઇશે તેનું કેમ?' શેઠ કહે, 'તું તારે નાખજે; તને કોણ ના કહે છે?'

ત્યાર પછી એક ચોપડો લાવી શેઠે લખ્યું કે 'આજથી તું મારો દીકરો છે ને તું કરે તે મારે કબુલ છે.' મોતીચંદે લખ્યું કે 'તમે મારા બાપ છો અને તમારી આજ્ઞા પાળવા હું તૈયાર છું.'

બીજે દિવસે બંને જણા સાથે દુકાને ગયા. શેઠે તરત જ મુનીમને કહ્યું કે આજથી આ મોતીચંદ મારો દીકરો છે. દુકાનનું કામ તે સંભાળશે. માટે હવેથી કાંઇ પુછવું કરવું હોય તો મને ન પુછતાં એને જ પુછશો.

પછી મોતીચંદે બધા ચોપડા જોયા. મુનીમ પાસે જે પૈસા લેણા નીકળતા હતા તે લાવવા તાકીદ કરી ને બધા નોકરોને તેણે કાઢી નાખ્યા. દુકાનનું કામ પોતે ઉપાડી લીધું. વેપાર ધમધોકાર ચાલવા માંડ્યો. આથી આખા ગામમાં બધા વેપારીની દુકાનોને નુકસાન પહોંચવા લાગ્યું. જ્યાં હોય ત્યાં મોતીચંદ સૌથી પહેલો. બધા વેપારી મોતીચંદ ઉપર ખુબ ખારે બળે ને કહે કે આ સાલ ક્યાંથી ગામમાં આવ્યું?

થોડા વખત પછી મોતીચંદને જાવાની મુસાફરી કરવાનું મન થયું. તેણે શેઠને કહ્યું કે બાપા, મારે તો જાવે જવું છે. શેઠે પહેલાં તો ના પાડી. પણ મોતીચંદે બહુ આગ્રહ કર્યો ત્યારે હા પાડી. મોતીચંદ તો સાત વહાણ ભરી જાવે જવા નીકળ્યો. છ મહીને જાવે પહોંચ્યો. ત્યાં તેનો માલ ઝપાટામાં ખપી ગયો ને પાછો એણે ત્યાં નવો માલ ભર્યો. રસ્તામાં માલ વેચતો જાય ને નવો ભરતો જાય. એમ કેટલેક વરસે મોતીચંદ પાછો પોતાને ગામ આવ્યો. તેણે ગામના રાજાને એક આખું વહાણ ભેટ આપ્યું; તેથી રાજા પણ તેના પર બહુ પ્રસન્ન થયો.

મોતીચંદે આ વખતે એક બીજું મકાન લઇ ત્યાં માલ ઉતાર્યો હતો. તેથી ગામના બધા વાણીઆ શેઠને ભંભેરવા લાગ્યા કે 'જુઓ શેઠ, તમે તો ભોળા છો. તમે જાણ્યું કે આ જ મારો દીકરો છે. પણ એમ કાંઇ પારકાં પોતાનાં થયાં છે તે થાય? તમારા પૈસાથી રળીને આવ્યો ને માલ બધો નોખો રાખ્યો. હવે એ તમને દાદ નહિ દે.'

શેઠ પણ કાચા કાનના. એમણે તો બધું સાચું માન્યું એ તો ચોપડો લઇને મોતીચંદ પાસે દોડ્યા ને કહ્યું, 'અલ્યા, તારે મને છેતરવો છે, પણ એમ કાંઇ તારાથી હું નહિ છેતરાઉં. મારા રૂપીઆ જેટલા લઇ ગયો હતો એટલા પાછા લાવ ને આ ચોપડામાં લખી આપ કે તારે ને મારે કાંઇ સગપણ નથી.' મોતીચંદે કહ્યું, 'બાપા, આમ શું કરો છો? તમે મારા બાપ છો ને હું તમારો દીકરો છું. તમને વળી આવું કોણે શીખવ્યું?' પણ શેઠ તો સાંભળે જ શેના? એમણે તો ચોખ્ખું લખાવી લીધું કે 'તારે ને મારે કાંઇ

નથી.' મોતીચંદે તેના લીધા હતા તેટલા રૂપીઆ પાછા આપી દીધા.

ત્યાર પછી મોતીચંદનો વેપાર ધમધોકાર ચાલ્યો. રાજાનો પણ મોતીચંદ તો બહુ માનીતો થઇ પડ્યો.

એમ કરતાં મોતીચંદને વળી પાછી મુસાફરી કરવાની મરજી થઇ. તેથી વહાણ ભરીને ફરીથી તે બીજી સફરે ઉપડ્યો. રસ્તામાં એક બંદરે તે ઉતર્યો. ત્યાં તેણે કેટલાએક ખારવાને સાચાં મોતી લેવા જતાં જોયા. તેમને જોઇને તેણે પુછ્યું, 'ભાઇઓ, તમે ક્યાં જાઓ છો?' ખારવાઓએ કહ્યું કે અમે તો સાચાં મોતી લેવા જઇએ છીએ.

મોતીચંદ પણ તેમની સાથે ગયો. બધા ખારવાઓએ ડુબકી મારી ને મોતીની છીપો કાઢી. છેવટે મોતીચંદે કહ્યું, 'હવે મને પણ ઉતરવા દો જોઇએ. મારૂં નશીબ કેવુંક છે?' મોતીચંદે દરીઆમાં ડુબકી મારી અને એક હાથે મુઠી ભરી તરત જ બહાર આવ્યો. મુઠી ઉઘાડીને જોયું તો તેના મુઠીમાં મોતી ન હતાં; પણ એ ચંદ્રકાંત મણિ હતા. એને ખબર ન હતી કે આ શું છે. તેણે ખારવાઓને પુછી જોયું, 'આ વળી શું? આ મોતી તો નથી!'

ખારવાએ તરત જ મણિ જોઇને કહ્યું, 'તમે તો બહુ ભાગ્યશાળી લાગો છો. એ ચંદ્રકાંત મણિ છે. અમારા ઘરડેરા કહેતા કે અહીં ચંદ્રકાંત મણિ થાય છે. અમે તો આટલાં વરસથી મોતી લેવા આવીએ છીએ, પણ અમારા હાથમાં એ કોઇવાર નથી આવ્યા. આ મણિમાં એવો ગુણ છે કે પુનમની રાતે જ્યારે ચંદ્રમા બરાબર માથે આવે ત્યારે ચાંદનીમાં મુક્યો હોય તો તેમાંથી મોટો સોનાનો થાંભલો થઇ જાય!

સૌ ત્યાંથી પાછા વળ્યા. મોતીચંદ આગળ ન જતાં પાછો પોતાને ગામ આવ્યો. રાજાને ખબર પડી કે મોતીચંદ પાસે એ ચંદ્રકાંત મણિ છે. તેથી જ્યારે મોતીચંદ તેને મળવા ગયો ત્યારે રાજાએ એક મણિની માગણી કરી.

ફુલપાંદડી *

સુંદર નિશાએ પોતાના પ્રવાસની તૈયારી કરી. પોતાના રૂપેરી દેહ ઉપર શ્યામ સાડી ઓઢી, કપાળમાં ચંદ્રક કરી, અલબેલી નિશાએ જતાં જતાં મને કાનમાં કહ્યું, 'હું **એ**ને શોધવા જાઉં છું.'

નિશા ઝડપથી **એ**ની શોધમાં નીકળી પડી.

ઉષા શરમાતી શરમાતી બહાર આવી. એણે મને પુછ્યુ' કે 'તને **એ**ની મુલાકાત થઇ છે? હું **એ**ને શોધવા આવી છું.' મેં ડોકું હલાવી ના પાડી.

ઉષા પણ **એ**ને શોધવા પ્રવાસે નીકળી.

મને લાગ્યું કે પવન અને સરિતા પણ **એ**ને જ શોધવા ભટકે છે, અને હિમગિરિ ઉંચું મસ્તક કરી **એ**ની જ રાહ જોઇ રહ્યા છે. પણ મારામાં હવે **એ**ને શોધવાની તાકાત રહી નથી. એટલે હું તો આ રેતીના કિનારા ઉપર બેસી **એ**ના ગીતથી જ સંતોષ માનીશ.

*

એક વખતે કોઈએક કવિ હતો. જગતના લોકો તેને સમજી શકતા ન હતા.

આથી કેટલાક લોકોએ વિચાર કર્યો કે આવા માણસની દુનીઆને જરૂર નથી.

લોકો દોડ્યા અને જગતને એક ખુણે જ્યાં કવિ રહેતો હતો ત્યાંથી તેને ખેંચી લાવ્યા.

કવિએ લોકોને કહ્યું, 'પણ હું તમારૂં ડહાપણ સમજી શકતો નથી, માટે ડાહ્યો નથી થઇ શકતો.'

આથી ગુસ્સે થઇ એક પંડિતે કવિના હૃદયમાં ડહાપણની કટારી મારી.

કવિ હસતાં હસતાં તે લોકોના પગ આગળ મરણ પામ્યો. હાસ્ય મીઠું પણ અસહ્ય હતું.

હજીએ જગતમાં એ હાસ્યના હૃદયભેદક પડઘા પડે છે.

પૃથુરાજ શુકલ

*એ નામના નરતમાં જ પ્રસિદ્ધ થનાર પુસ્તકમાંથી.]

મોતીચંદ કહે, આપને જોઇએ તો મારૂં ઘરબાર, ઘરવખરી બધું લઇ લો, પણ એ મણિ નહિ આપું. રાજાને ખોટું તો લાગ્યું, પણ મોતીચંદ જેવા માણસને કાંઇ પણ કરવું યોગ્ય નહિ; ને એમ પણ વિચાર કર્યો કે એના આવવાથી મારૂં ગામ વેપારમાં વધ્યું છે, વળી એના જેવા પૈસાપાત્ર માણસ મારા ગામમાં રહે તેમાં મારી આબરૂ છે, એમ ધારી કાંઇ બોલ્યો નહિ.

મોતીચંદ પણ રાજાને પુષ્કળ નજરાણું આપતો. તેને કાંઇ ખોટ ન હતી. દર પુનમે બે સોનાના થાંભલા મણિમાંથી થતા. મોતીચંદનો વૈભવ તો રાજા કરતાં પણ વધી જાય એવો હતો. મોતીચંદને ઘેર બધી ચીજો સોનાની જ હતી. પલંગ જુઓ તો સોનાના, હીંડોળાખાટ જુઓ તો સોનાની, વાસણ જુઓ તો તે પણ સોનાનાં. બારણાં અને તાળાકુંચી પણ સોનાનાં. જ્યાં જુઓ ત્યાં સોનું જ સોનું !

રાજાના બહુ આગ્રહથી મોતીચંદે ગામના પ્રધાનની દીકરી સાથે લગ્ન કર્યાં. મોતીચંદ બહુ જ સુખમાં રહેવા મંડયો. પુનદાન પણ ખુબ કરે. એકવાર એને વિચાર આવ્યો કે હું તો અહીં મજા કરૂં છું, પણ મારા ભાઇ, મારી મા ને મારી સ્ત્રીનું શું થયું હશે? તેણે એકદમ કેટલાક માણસોને પોતાને ગામ ખબર કાઢવા મોકલ્યા. પણ ઘેર કોઈ ન હતું. માણસોએ આવીને કહ્યું કે ત્યાં તો કોઇ નથી.

બનેલું એવું, કે ત્યાં દુકાળ પડવાથી મોતીચંદના ત્રણ ભાઇઓ, ભોજાઇઓ, એની મા ને એની સ્ત્રી, આઠે જણાં જ્યાં ધંધો મળે ત્યાં જવા નીકળી પડેલાં. મોતીચંદને આ વાતની ખબર પડી, એટલે તેમને શોધી કાઢવાની તેણે એક તરકીબ યોજી. તેણે એક મોટું નવાણ ગળાવા માંડ્યું. બધાં દુકાળીઆં ત્યાં આવવા મંડ્યાં.

મોતીચંદે પોતાનાં માણસોને કહેલું કે રોજ જે માણસો કામ કરવા આવે એને મારી પાસે લાવવાં. આમ કરવામાં એનો હેતુ એ જ હતો કે એનાં ઘરનાં માણસો આવે તો ખબર પડે.

એમ કરતાં ઘણા દિવસો ચાલ્યા ગયા. એકવાર મોતીચંદે પોતાના નોકરને સાતઆઠ માણસોને લઈ આવતાં જોયો. મોતીચંદે તરત જ એ બધાંને ઓળખી કાઢ્યાં.

નોકરે આવીને કહ્યું કે આજે નવાં આઠ જણ આવ્યાં છે. મોતીચંદે કહ્યું, 'તેમને ડેલીમાં બેસાડો. એ લોકોને નવાણ ખોદવા લઇ જવાનાં નથી.'

મોતીચંદ તો બધાંનો દેખાવ જોઇ વિચારમાં જ પડી ગયો. તેની સ્ત્રી તો વાઘરણ જેવી જ દેખાતી હતી. પોતે કુટુંબની વહેલી ખબર ન કઢાવી તેથી તેને ઘણો પસ્તાવો થયો. મોતીચંદને વિચારમાં જોઇ તેની નવી સ્ત્રી (પ્રધાનની દીકરી) બોલી, 'આ લોકોને જોઇ તમે કેમ વિચારમાં પડી ગયા છો?' મોતીચંદનું ધ્યાન તો તેની જુની સ્ત્રીને જોવામાં જ હતું. તેણે કાંઇ જવાબ ન આપ્યો. પ્રધાનની દીકરી ફરીવાર બોલી, 'તમારે નહાવાનો વખત થઇ ગયો છે. પાણી ઠરી જશે; ગુલાબજળની વાસ પણ ઉડી જશે.' મોતીચંદે તેના સામું જોઇ કહ્યું, 'પેલી સ્ત્રીને અહીં તેડી લાવો.'

પ્રધાનપુત્રી વિચારમાં પડી કે આ સ્ત્રીને બોલાવવાનું શું કારણ હશે? તેને વિચારમાં પડેલી જોઇ મોતીચંદ બોલ્યો, 'તમારે વિચાર કરવાની જરૂર નથી. તે મારી પરણેલી સ્ત્રી છે. જે ડોશી છે તે મારી મા છે. ત્રણ પુરુષો છે તે મારા ભાઇ છે; ને પેલી ત્રણ બેઠી છે તે મારી ભોજાઇઓ થાય.'

પ્રધાનની દીકરીને આ ખબર પડતાં જ તે રાજી થતી તેમને બોલાવવા ચાલી. જ્યાં પેલાં આઠ જણ બેઠાં હતાં ત્યાં જઇ તેણે પેલી બાઇને કહ્યું, 'બેન, ચાલો તમને શેઠ બોલાવે છે.' પેલી તો બાચારી એકદમ ગભરાઇ, કે શેઠ મને શું કામ બોલાવે? આવો મોટા રાજાથી પણ વધી જાય એવો શેઠ. એની પાસે તે જવાય? પ્રધાનની દીકરીએ ફરીવાર કહ્યું, 'ચાલો બેન, શેઠ વાટ જુએ છે.' પેલી બાઇએ તરત જ તેની સાસુ સામે જોયું. સાસુએ વિચાર કર્યો કે વહુ નહિ જાય તો આ શેઠ આપણને દાડીએ નહિ રાખે. પેટ ભરવા માટે તો આવ્યાં છીએ. તેથી વહુને કહ્યું, 'જાઓ જોઇએ, શેઠ શું કહે છે? પણ બેટા, તમારો ધરમ સાચવજો.' સાસુએ કહ્યું

એટલે એ તો ઉઠીને તરત પ્રધાનપુત્રીની પાછળ પાછળ ચાલી. ઉપર જાય ત્યાં તો શેઠ સોનાની હીંડોળાખાટ ઉપર હીંચકતા હતા. તેણે તેની જુની સ્ત્રીને જોઇ કહ્યું, 'બાઇ, આમાં પાણી કાઢ્યું છે તે ઠરી જાય છે; માટે મને નવરાવો. મેં તમને એટલા માટે જ બોલાવ્યાં છે.' પેલી બાઈ તો બીચારી વિચારમાં પડી ગઇ. ઘડીક રહીને તે નવડાવવા તૈયાર થઇ. મનને કીધું કે જો દાડી કરવાનું અને પેટ ભરવાનું ન હોત [illegible] કાળે પણ કબુલ ન થાત. અંદરખાને તેને એવો તો તિરસ્કાર આવ્યો! પણ શું કરે?

શેઠ પાટલા ઉપર બેઠા ને બાઇ તેને શરીર ચોળી નવડાવવા લાગી. નવડાવતાં શેઠની ડોકે એક લીલું લાખું હતું તે બાઇએ દીઠું. એ ઘડીએ તેને પોતાના પતિની સ્મૃત થઈ અને તેનું હૈયું ભરાઇ આવ્યું. તેનાં આંસુ શેઠના વાંસા પર પડ્યાં. શેઠે તરત જ પાછું વાળીને જોયું ને બાઇને પુછ્યું, 'તમે શું કામ રૂઓ છો?'

બાઇ તો બીચારી કાંઇ બોલી નહિ. શેઠે ફરીવાર આગ્રહથી પુછ્યું ત્યારે તે બોલી, 'તમારી ડોકે લીલું લાખું જોઈ મને રોવું આવ્યું. મારા પતિની ડોકે આવું જ લીલું લાખું હતું, ને તે તમારા જેવા જ હતા. પણ ક્યાં તમે ને ક્યાં એ? એની તો શી યે વલે થઇ હશે! કેટલાં યે વરસથી ગયા છે, પણ કાંઇ ખબરપતર નથી.' એમ કહી બાઇ તો નીચું ઘાલી રોવા લાગી. શેઠે કહ્યું, 'તમે ખસી જાઓ. હવે હું મારી મેળે જ નાહી લઇશ. મારે એટલું જ કામ હતું. હું જ એ મોતીચંદ છું.' આ સાંભળીને બાઇનું હૈયું તો હરખથી ફાટુંફાટું થઇ રહ્યું.

મોતીચંદ નાહી રહ્યો એટલે તેણે પ્રધાનની દીકરીને કહ્યું કે 'આને તું ચોળીને નવરાવ; પછી સારાં કપડાંલત્તાં ને ઘરેણાં પહેરાવ. એનો પણ તારા જેટલો—તારાથી પણ વધારે હક છે.'

ત્યારપછી મોતીચંદે તેની જુની સ્ત્રીને કહ્યું, 'જા, હવે તું જઇને બધાંને ઉપર તેડી લાવ.' એ તો બીચારી શરમાતી શરમાતી નીચે ઉતરી. સાસુએ એને છેટેથી દેખીને તરત જ ગાળો દેવી શરૂ કરી. મનમાં બબડી, 'રાંડે જરૂર કાંઇ કાળું કર્યું. શું મોઢું લઇને આપણી પાસે આવતી હશે? મને ખબર જ હતી, કે જરૂર કાંઇક નવાજુનું થશે. શેઠ તે એને શું કામ બોલાવે?' એમ કહે છે ત્યાં તો વહુએ આવીને કહ્યું, 'બાઇજી, ચાલો ઉપર; તમારા દીકરા તમારી વાટ જુવે છે.'

સાસુ કહે, 'જા રાંડ, મારો દીકરો અહીં કેવો! જો મને સાઠ વરસની ડોશીને બનાવવા આવી છે! શું જોઇને અમને મોઢું દેખાડવા આવી?'

વહુ તો બીચારી આ સાંભળી ગભરાઇ ગઈ અને રોઇ પડી. રોતાં રોતાં બોલી, 'તમે ઉપર આવી એકવાર ખાતરી કરો; પછી મને જે કહેવું હોય તે કહેજો.'

બધાં ઉપર ગયાં. માએ તો તરત જ મોતીચંદને ઓળખ્યો. મોતીચંદ દોડીને માના પગમાં પડ્યો. પછી ત્રણે ભાઇને મળ્યો.

મોતીચંદ બોલ્યો, 'આટલી વારમાં જ તમે બધાં મને ભુલી ગયાં?'

મા કહે, 'ભાઈ, અમને શી ખબર કે તારો વૈભવ આવો બધો વધી ગયો હશે? અમને તો એમ કે કોણ જાણે ક્યાં રખડતો હશે. મેં તો તને જોવાની આશા જ છોડી હતી. પણ ભાઈ, કહે તો ખરો કે ઘેરથી નીકળ્યા પછી શું શું જોયું?'

મોતીચંદે બધી વાત માંડીને કહી. છેવટે એ પણ કહ્યું કે 'તમારી ખબર કઢાવી પણ તમે આપણા ગામમાં ન મળ્યાં, ત્યારે તમને મળવા માટે મેં નવાણ ગળાવા માંડ્યું. મારી આશા સફળ થઇ ને તમે આવ્યાં. મા, આ બધા ધર્માદાના પ્રતાપ છે એમ મને લાગે છે.

મોટાભાઇને તો બહુ પસ્તાવો થયો કે મેં શા માટે કંઠી આપવા સારૂ ઠપકો આપ્યો. અત્યારે નાના ભાઇની ચડતી કળા જોઈ તે પણ ખુશ થયો.

બધાં બહુ રાજી થયાં. થોડો વખત સૌ ભેળાં રહ્યાં. પછી મોતીચંદે તેમને ઘણું દ્રવ્ય આપ્યું ને કહ્યું કે હવે તમે આપણા ગામમાં જાઇ વેપાર કરો. જે જોઇએ તે અહીંથી મંગાવી લેજો. કોઇ વાતે મુંઝાશો નહિ. સૌ રાજી થઇને ઘેર ગયાં.

મોતીચંદ ને તેની બંને સ્ત્રીઓ અહીં રહ્યાં. હવે તો મોતીચંદ સૌ વાતે સુખી હતો.

ગામના રાજાને કાંઇ સંતાન નહોતું, તેથી રાજા ઘણીવાર બહુ દિલગીર થઇ જતો. રાજા વૃદ્ધ થવા આવ્યો ત્યારે તેને ઘેર પુત્રનો જન્મ થયો. રાજાને બહુ બહુ હરખ થયો. આખા ગામમાં આજે આનંદ વર્તી રહ્યો હતો. પ્રજા પણ રાજાને ઘેર દીકરો આવવાથી ઘેલીઘેલી થઇ. રાજા પણ આજ છુટે હાથે દાન કરતો હતો. કોઈ ભિક્ષુક રાજા પાસેથી ખાલી હાથે પાછો વળતો નહિ.

રાજકુંવરને ચારે તરફથી ભેટો આવવા માંડી. રાજાએ કહ્યું કે ભેટમાં આવેલી વસ્તુઓ હમણાં રાખી મુકો. એકવાર દરબાર ભરીને આપણે જોઇશું કે કઈ વસ્તુઓ કોણે ભેટ મોકલી છે.

મોતીચંદને તો રાજાને ઘેર દીકરો જન્મ્યો તેથી આનંદનો પાર ન રહ્યો. તેને વિચાર થયો કે હું રાજકુંવરને ભેટમાં શું આપું? છેવટે વિચાર કર્યો કે રાજાએ એકવાર મારી પાસે ચંદ્રકાંત મણિ માગ્યો હતો, પણ મેં આપ્યો નથી. મારી પાસે તો એ મણિ છે; માટે એક રાજકુંવરને ભેટ ધરીશ.

એમ વિચાર કરી તેણે તીજોરીમાંથી મણિ કાઢ્યો ને એક કાગળના પડીકામાં મુક્યો. પડીકાને પોતાના પલંગના ગાદલા નીચે રાખ્યું. પડીકા ઉપર લખ્યું હતું કે 'રાજકુંવરને ભેટ.'

તે દિવસે જ મોતીચંદની નવી સ્ત્રી, જે ગામના પ્રધાનની દીકરી હતી, તે પલંગ આગળ ઉભી રહી માથું ઓળતી હતી. માથું ઓળતાં જે ગુંચ નીકળી તેને એક કાગળમાં નાખી તેનું પડીકું વાળી પલંગના ગાદલા નીચે મુક્યું.

જ્યારે મોતીચંદ રાજકુંવરને દેવા માટે મણિ લેવા ગયો ત્યારે મણિવાળા પડીકાને બદલે તેણે ભુલથી વાળવાળું પડીકું લઈ લીધું ને તેને જ ભેટ મુકવા પોતાના માણસને મોકલ્યો.

રાજા દરબાર ભરી બેઠો છે. સૌની ભેટો આવી ગઇ છે. રાજાએ સૌથી પહેલાં મોતીચંદની ભેટ જોઇ. નાનું એવું પડીકું ભાળી તેને નવાઇ લાગી કે આમાં તે શું હશે! જ્યાં ઉખેડીને જુએ ત્યાં અંદર વાળ!

રાજાને તો કાંઇનો કાંઈ ગુસ્સો ચડ્યો. તેણે તરત જ હુકમ કર્યો, 'કોઈ છે કે? જાઓ, અત્યારે ને અત્યારે મોતીચંદને દેશનીકાલ કરી દો. મારે ઘેર જતે દહાડે દીકરો આવ્યો એ એનાથી ન ખમાણું. એને ક્યાં ખોટ હતી? શું મારૂં આવું અપમાન? મારા દીકરાને ભેટમાં વાળ! જાઓ, જલદી જાઓ; એ ઘડી પણ મારા રાજમાં ન રહે.'

સીપાઇઓ તરત જ દોડ્યા ને મોતીચંદને કહ્યું કે રાજાનો હુકમ છે કે તમારે એક ઘડી પણ આ ગામમાં ન રહેવું. મોતીચંદ તો વિચારમાં પડી ગયો. ઘડીવારમાં આ શું? મારી શી કસુર થઇ તે પણ મને જણાવ્યા વગર એકદમ દેશનીકાલની સજા? ઠીક: પ્રભુએ નાખી તે ઉપાડવી. વળી કાંઇ બાકી રહી ગયું હશે.

મોતીચંદે તેની નવી સ્ત્રીને તેને પીઅર મોકલી ને જુનીને લઇ લુગડાંભર હાથેપગે નીકળી ગયો. દરબારી માણસોએ ત્યાં તાળાં દઇ દીધાં.

મોતીચંદ ને તેની સ્ત્રી બંને ચાલ્યાં જાય છે. મોતીચંદને રોજ વિચાર આવ્યા કરે છે કે મારો વાંક શું એ પણ કહ્યું નહિ! ચાલતાં ચાલતાં એક ગામમાં આવ્યાં. બંને જણ થાકીને લોથ થઇ ગયાં.

મોતીચંદની સ્ત્રી સગર્ભા હતી ને તેને પુરા દિવસ જતા હતા. તેને કકડીને ભુખ લાગી હતી, તેથી તેણે મોતીચંદને કહ્યું, 'મને ભુખ લાગી છે. મારાથી હવે આગળ એક પગલું પણ ચલાશે નહિ. આજે આપણે આ ગામમાં જ રાત રહીએ. મોતીચંદ કહે 'ઠીક.' એમ કરી તેઓ એક ઓટલા ઉપર બેઠાં.

એ ગામમાં એક વાણીઆને ત્યાં વિવાહ હતા. અત્યારે બધાં જમી રહ્યાં હતાં ને વધેલું જે માગે તેને આપતા હતા. મોતીચંદને ખબર પડી એટલે તેણે વિચાર કર્યો કે હું તો ભુખ્યો રહીશ, પણ આ નહિ રહી શકે; માટે લાવને એના માટે થોડુંક માગી લાવું. એમ કરીને તે ગયો. પણ ત્યાં તો બધું અપાઈ ગયું હતું. મોતીચંદે એક માણસને કહ્યું, 'ભાઈ, મને થોડુંક ખાવાનું આપો; તમારૂં સારૂં થશે.' પેલો માણસ બોલ્યો, 'અત્યારે હવે ખાવાનું શાનું છે! માગીને પેટ ભરવું હોય ત્યારે જરા વહેલા આવીએને!'

મોતીચંદને બહુ લાગી આવ્યું, પણ શું કરે? તેણે ઘણા કાલાવાલા કર્યા ત્યારે તેને થોડોક જલેબીનો ને ભગજનો ભુકો મળ્યો. તે લઈને ચાલ્યો; પણ જરા આગળ ગયો ત્યાં ભુખ્યો હોવાથી ચકરી આવી ને પડી ગયો, ને ભુકો વેરાઈ ગયો. થોડી વારે ભાનમાં આવતાં લાચાર થઈ પોતાની સ્ત્રી પાસે આવ્યો. તે બીચારી વાટ જોઈને બેઠી હતી.

મોતીચંદે આવીને બધી વાત કરી એ રાત આખી ઓટલા ઉપર જ કાઢી. સવારે ઉઠીને મોતીચંદ બેઠા છે. બેઠા બેઠા વિચાર કરે છે કે 'ક્યાં હું પહેલાંનો હતો તે, ને ક્યાં અત્યારનો! મારે ઘેર હજારો માણસોને હું પાળતો. અત્યારે મારે ખાવાનું ઠેકાણું નથી. વાહ

મને છે સ્વાગી,
એ બલની દરકાર.

અટકી ઉભી અમિત અડચણો આડીઅવળી અપાર;
તોપણ કદી આવી નિરાશા ફરકે નહિ આ દ્વાર:
મને છે સ્વાગી,
એ બલની દરકાર.

કરે ભલે સંસાર સર્વ જે કુવ્યવહાર—પ્રહાર;
હટે ન તો યે સત્યમાર્ગથી શ્રદ્ધા કોઈ પ્રકાર:
મને છે સ્વાગી,
એ બલની દરકાર.

ધનવૈભવના જે અર્ણવમાં અસ્થિર સૌ સંસાર;
તેથી પણ નવ ડગવા પામે: મન બની જાય પહાડ:
મને છે સ્વાગી,
એ બલની દરકાર.

નસીબની અવળાઈઓ પેખી દિલમાં પડે દરાર;
પીઠ પાછળ ત્યાં છુપી નિરખે અખંડ તારી વા'ર:
મને છે સ્વાગી,
એ બલની દરકાર.

સ્વ. હાજીમહમ્મદના રચેલા અધુરા ગીતની પૂર્તિ.]

પ્રભુ! તારી ગતિ ન્યારી છે.' એમ વિચાર કરે છે ત્યાં એક ડોશી છાણનો સુંડલો લઇ નીકળી. ડોશી પાછું વળીવળીને મોતીચંદ સામે જોતી જાય ને ચાલી જાય. મોતીચંદે પુછ્યું, 'મા, તમે મને કેમ જોઇ રહ્યાં છો?'

ડોશી કહે, 'તમારા જેવો જ એક મારી બેનનો દીકરો છે; પણ તે અહીં ક્યાંથી હોય? પણ તું અહીં આવ જોઇએ?' મોતીચંદ ડોશીની પાસે ગયો. ડોશીએ તરત જ તેનું માથું નીચું કરી ડોક જોઇ એકદમ ઓળખીને કહ્યું કે 'તું જ મારો મોતીચંદ. અહીં ક્યાંથી? ચાલ આપણે ઘેર.' બંને જણાંને તે ઘેર તેડી ગઈ, અને ખવડાવ્યા પીવડાવ્યા પછી વાત પુછી. મોતીચંદે માંડીને બધી વાત કરી. મોતીચંદની વાત સાંભળી માશી તો ખુબ રોયાં.

અહીં મોતીચંદની સ્ત્રીને દીકરો આવ્યો. માશીએ તેમને બહુ સારી રીતે રાખ્યાં. માશી પાસે થોડા રૂપીઆ હતા તે લઈ મોતીચંદે એક દુકાન માંડી ને પોતાની સ્થિતિમાં સંતોષ માની રહેવા લાગ્યો.

કેટલાક વખત પછી રાજાને વિચાર આવ્યો કે આજે મોતીચંદનું મકાન જોવા જાઉં. થોડાક દરબારીઓને સાથે લઇ રાજા મોતીચંદના મહેલમાં આવ્યા. દરવાજે સવા મણનું સોનાનું તાળું દીધું હતું. તે ઉઘાડીને અંદર ગયા. જ્યાં જુએ ત્યાં સોનું! રાજાએ જોયું તો મોતીચંદના મહેલ આગળ પોતાનો રાજમહેલ કાંઇ હીસાબમાં ન હતો. મોતીચંદના જવાથી રાજાને ગમતું તો નહોતું. ચારેકોર જોઇ રાજા બોલ્યો, 'આમાંથી એકાદો સોનાનો થાળ મારા કુંવરને ભેટ આપ્યો હોત તો એને ક્યાં ખોટ આવે એમ હતી?'

ફરતાં ફરતાં રાજા મોતીચંદના પલંગ પાસે આવ્યો. પલંગ સાવ સોનાનો હતો. ઉપર ત્રણ રેશમી ગાદલાં હતાં. રાજા ગાદલાં જોવા લાગ્યો. ગાદલાં જોતાં નીચેથી તેના હાથમાં એક પડીકું આવ્યું. રાજાએ તે હાથમાં લીધું. ઉપર જુએ તો લખેલું કે 'રાજકુંવરને ભેટ.' રાજાએ તરત જ તે ઉખેડ્યું, ને જોયું તો અંદર ચંદ્રકાંત મણિ! હવે રાજાને ખબર પડી કે ભેટ તરીકે ચંદ્રકાંત મણિ આપવાનો હશે, પણ કાંઇક ગોટાળો થયો લાગે છે.

રાજાએ તરત જ મોતીચંદની તપાસ કરવા માટે દસે દિશાએ સવારો મોકલ્યા. એમાંથી કેટલાક સવાર જ્યાં મોતીચંદ હતો તે ગામમાં આવી પહોંચ્યા. ગામમાં તપાસ કરતાં એક દુકાન ઉપર મોતીચંદને જોયો. તરત સવારો સલામ કરીને બોલ્યા, 'શેઠ, ચાલો હમણાં ને હમણાં; તમને રાજાજી બોલાવે છે.'

મોતીચંદને લાગ્યું કે હજી કાંઇક બાકી રહ્યું હશે. રાજઆજ્ઞા એટલે શું કરે? તરત જ તૈયાર થઈ સવારોની સાથે ચાલી નીકળ્યો.

રાજા મોતીચંદની ઘણી જ અધીરાઇથી રાહ જોતો હતો. મોતીચંદને જોયો કે તરત જ રાજા સામે દોડ્યો ને પ્રેમથી ભેટી પડ્યો. રાજા બોલ્યો, 'મોતીચંદ, મને માફ કર. મારો વાંક નથી. તારા નસીબમાં એટલું દુઃખ માંડ્યું હશે. નહિતર આવું ન થાય.'

મોતીચંદ કહે, 'પણ કહો તો ખરા કે મને શા માટે દેશનીકાલ કરવામાં આવ્યો હતો?'

રાજાએ અથેતિ કહી. મોતીચંદને હવે જ ખબર પડી કે શા માટે તેને દેશનીકાલ કર્યો હતો. મોતીચંદને પણ લાગ્યું કે એમાં રાજાનો વાંક નહોતો.

રાજાએ તેનો મહેલ તેને સોંપી દીધો. મોતીચંદે પોતાનાં સ્ત્રીપુત્રને માશી પાસેથી તેડાવી લીધાં. નવી સ્ત્રીને પણ પીઅરથી તેડાવી. રાજકુંવરની ભેટના પડીકાના ગોટાળાની વાત કરતાં મોતીચંદ બોલ્યો કે 'પલંગ નીચે વાળનું પડીકું કોણે મુક્યું હશે?' પ્રધાનની દીકરી આ સાંભળી ઝંખવાણી પડી ગઈ અને બોલી 'એ તો મેં મુક્યું હતું.'

ત્યારપછી સૌ સુખમાં ખાય, પીએ ને આનંદ કરે.

લીલાવતી મણિશંકર

[આવી બીજી વાર્તાઓ આવતા વર્ષમાં 'કુમાર'માં વારંવાર આપવામાં આવશે.]

શૈશવ

ઉષસ્‌તેજ ક્ષણક્ષણ જે ખાલતુ
બાલરવિ કિરણે શામ્યું.
એવું બાલપણું ઘુઘવતું
શિશુવયમાં જો લય પામ્યું;
થયો પ્રાચી સમ બુદ્ધિવિકાસઃ
નાચતું શૈશવ મધુરે હાસ.

ઘુઘરા છુટયા, ધાવણીઓ ગઇ,
ચાલણગાડી આવી હાથ;
રમકડાંનાં રાજ્ય રચાયાં,
થયા ઢીંગલીઓના સંગાથ;
રાતદિવસ એની બરદાસઃ
નાચતું શૈશવ મધુરે હાસ.

દિલ દિલાવર દરીઆ જેવું
જે માગે તે આપી દે,
હેતહીણું હૈયું દેખે ત્યાં
સન્મુખ ડગ ન કદાપિ દે;
પ્રસન્નતા વેરી ચોપાસઃ
નાચતું શૈશવ મધુરે હાસ.

વિશાળ વિશ્વતણા રચનામાં
આવી ઉભું એ અણજાણ,
આ શું? એ શું? પુછે પળપળ
માગે સૌની સત્ય પીછાણ;
અંતર ભરતું જ્ઞાનસુવાસઃ
નાચતું શૈશવ મધુરે હાસ.

રવિ શશી તારા લટકે અદ્ધર,
ઉપર ગંભીર નભની પોલ;
ધરતીની બહુવિધ ધમાલો
નીરખે ચોગમ રહી અબોલ;
પ્રગટે એના આત્મવિલાસઃ
નાચતું શૈશવ મધુરે હાસ.

શું શોધે એ કુદરતઘેલા?
સઘળું તે પરખી લે?
રૂંએરૂંએ આ ચંચળતા શી?
ઘડીએ ના વિશ્રાન્તિ લે?
લેતું શું ઉદ્યમના રાસ?
નાચતું શૈશવ મધુરે હાસ.

રવિ શશી ગ્રહવા, સાગર તરવા,
વાદળીઓ પર સ્વાર થવા;
પતંગીઉં થઇ ઉંચે ઉડવા
ઘાટ ઘડે કૈં નીતનવા;
વિરાટનો એ સૌમ્ય સમાસઃ
નાચતું શૈશવ મધુરે હાસ.


જડ માંહે પણ ચેતન જગવે,
એ શું કૈંક વિનોદ મચે;
પશુપંખીની વાચાઓના
મનગમતા શ્રુતિબોધ રચે;
જગ ખેલે એને ચોપાસઃ
નાચતું શૈશવ મધુરે હાસ.

સરસ્વતીનાં સૂત્રો સરખી
ઉઘડી વાચા રસકલ્લોલ;
ભાંગ્યાતુટયા સુધામધુર મુખ
કાલાકાલા ઝરતા બોલ;
મંગલમય ગુંજે ગૃહવાસઃ
નાચતું શૈશવ મધુરે હાસ.

સ્વમાનની એ સુંદર મૂર્તિ!
હઠ તારો હય પાણીદાર;
પ્રેમતણા એ દેવ મનોહર!
શરમતણા તારે શણગાર;
કુદકા જેનો જીવન પ્રવાસઃ
નાચતું શૈશવ મધુરે હાસ.

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ

કિરીટ



લેખકઃ શ્રી ધનગોપાલ

ચિત્રકારઃ રવિશંકર પંડિત

સૌથી પહેલું અમારી તરફ લીલી વનરાજીમાંથી ચમકારા કરતું સોનેરી રંગનું હરણાંનું એક ટોળું દોડી આવ્યું, ને તરત બીજી બાજુ અદૃશ્ય થયું. ત્યાર પછી થોડીવાર બધે શાંતિ છવાઇ રહી હતી; તેમાં એકાએક ગેંડાનો છીંકોટો સંભળાયો. એ તો હમેશની જેમ મારપછાડ કરતો, ને પોતાની હડફેટે જે આવ્યું તેનું સત્યાનાશ વાળતો સીધો જ ધસમસી આવ્યો. એને જોઈ કિરીટે જરા મોં મરડયું; કારણકે હાથી જેવાં શાણાં પ્રાણીને ગેંડાના આવા ઉધમાત પ્રત્યે સ્વાભાવિક તિરસ્કાર હોય છે. ગેંડો પણ અમને જોઇ બાજુની ઝાડીમાં અદૃશ્ય થયો. પછી થોડીવારમાં જ મોટી દાતરડી વાળું ડુક્કર અને તેની પાછળ નોળીઆં, જંગલી બીલાડા અને કદિક કદિક દેખાતી લોંકડીની ધીંધની ધીંધ નીકળી આવી. તેની વાંસે વળી એક ચીત્તો પણ કુદી આવ્યો. પણ એ સૌ ખુલ્લા મેદાનમાં ન આવતાં, જાણે કોઇ લીલા જાળીવાળા પડદા પાછળથી પસાર થતાં હોય તેમ, ઝાડીમાં ને ઝાડીમાં જ નીકળી આવી અદૃશ્ય થયાં.

એવામાં એકાએક ખીજવાટભર્યો વાઘનો ઘુઘવાટ સંભળાયો. તે કાને પડતાં જ હોદ્દામાં બેઠેલો પેલો ગોરો નીશાન લેવા માટે પોતાની બંદુક સંભાળી સજ્જ થઇ ગયો. વળી પાછી બધે ગંભીર શાંતિ છવાઇ રહી. તે શાંતિમાં દૂરદૂરથી પાસે આવતા જતા ઢોલ-ત્રાંસાવાળાઓ અને હાંકનારાઓના અવાજ સંભળાતા હતા. અચાનક, જાણે મોટાં કાળાં વાદળાં ઝાડીમાંથી પસાર થતાં હોય તેમ, હાથીનું એક મોટું ટોળું, બહુ જ શાંતિથી જરા પણ ખખડાટ કે ઉધમાત કર્યા વિના ત્યાં થઇને ચાલ્યું ગયું.

ફરીવાર જંગલ આખામાં એક ભયાનક ત્રાડ ફેલાઇ વળી. આ વખતે તે અમારી ઘણી નજીક સંભળાઇ. ઢોલત્રાંસાવાળા અને હાંકનારાઓનો શોર-બકોર ફરીથી નજીકમાં સંભળાયો; પરંતુ નજીક આવતા જતા વાઘની ત્રાડોમાં એ બધું દબાઈ જતું હતું.

એક કુદકે તે મેદાનમાં આવીને ઉભો; પરંતુ બીજી જ ક્ષણે પાછો ઝાડીમાં અદૃશ્ય થયો. અમે એને એક ઝુંડમાંથી બીજામાં, ને ત્યાંથી ત્રીજામાં પેસતો જોયો. થોડે દૂર જઇને તે અટકયો. તેના પાછલા પગ ઝાડીમાંથી થોડા થોડા દેખાતા હતા.

કંઇપણ ચેતવણી આપ્યા વિના, કે લેશમાત્ર વિચાર કર્યા વગર, પેલા અંગ્રેજે અધીરા થઇ વાઘના પાછલા પગપર બંદુકનો બાર કર્યો. બીજી જ પળે, કોઇ ભીષણ મેઘગર્જના જેમ ત્રાડતો તે હાથીની સામે કુદી આવ્યો. કિરીટ જરા પાછો હઠયો, અને બે ડગલાં પાછે પગે ચાલી એક ઝાડને થડે પોતાની પીઠ ટેકવી ઉભો. હવે સ્થિતિ એવી બની ગઇ કે અંગ્રેજ બીજો બાર કરે તો મારા માથા સોંસરી ગોળી નીકળે તેમ હતું. હું બરોબર તેની ને વાઘની વચ્ચે હતો. તેણે નીશાન લેવા ઘણો પ્રયત્ન કર્યો; પણ વ્યર્થ. એટલે તે રાહ જોઇને ઉભો.

પણ એટલામાં તો વાઘ ફરી કુદ્યો. એક જ તરાપે તે હાથીની ગરદનપર ચડી હોદ્દાને બાઝી પડયો. તેની ને ગોરાની વચ્ચે એક બંદુક પુરતું પણ છેટું ન રહ્યું; ત્યાં પેલો નીશાન કેવી રીતે લે? હું તો ગભરાઇ જ ગયો! વાઘના પંજા બરોબર મારી બેઠક પર ચોંટેલા હતા. મારી વાંસળી વાંસળીને ઠેકાણે રહી, ને હું તો પેલા ગોરાને ગાળો ભાંડવા લાગ્યોઃ 'એલા ભુંડના ભાઇ! બાપદાદે કોઈ દહાડો શીકાર કરેલા ખરા? શીકારને જોયા કર્યા વિના એમ અટકળીઆ ઘા તે કદિ કરાતા હશે? અક્કલનો બોથમીર નહિ તો. એમ પાછલા પગપર ગોળી માર્યે તારો કાકો ઠાર થાય ખરો?'

ગોરો તો બીકથી બેબાકળો બની જ ગયો હતો. તેની બંદુક તો તેના હાથમાં જ રહી. તેના ડોળા ફાટી ગયા. વાઘ પંજો લંબાવી તેના પર ઝાવાં નાખતો હતો. શું કરવું તેની કશી સુઝ તેને રહી નહિ. કિરીટ પોતાનામાં હતું તેટલું બળ કરીને, વાઘને ઉથલાવી પાડવા સારૂ પોતાની પીઠના ચામડી ઉપરનીચે કરી. પણ વાઘના પંજા તેના શરીરમાં ખીલીની જેમ ખુંચી ગયા હતા. તેની વેદનાથી તેણે કારમી ચીસ પાડી. પોતાની સુંઢ ઉંચી કરી, જરા આગળ વધી ખુબ જોરથી પાછળના ઝાડના થડ જોડે તેણે પોતાની પીઠ અફાળી. પણ વાઘે ચસ દીધો નહિ.

વાઘનો પંજો જેમજેમ નજીક આવતો ગયો તેમ તેમ ગોરો હોદ્દાના પાછળના ભાગ તરફ હઠતો ગયો ને પાછલે ખુણે જઇ ભરાયો. આને લીધે તેની ને વાઘની વચ્ચે થોડું અંતર પડવાથી તેને નીશાન લેવા પુરતી જગ્યા મળી ગઈ. આ પળે મેં વાઘની આંખ, પહેલાં લાલ અને પછી પીળી થતી જોઇ. તેણે એક ભયંકર ઘુરકાટ કર્યો. શીકાર જ્યારે પોતાના હાથમાં હોવાની ખાતરી થઈ જાય છે એવે વખતે વાઘ આવો ઘુરકાટ કરે છે. એ સાંભળતાંવેંત જ શીકારના છક્કા છુટી જાય છે.

મેં નક્કી માન્યું કે હવે ગોરાનું આવી બન્યું. બીજો કશો જ ઉપાય હાથ રહ્યો ન હતો, એટલે મેં તરતબુદ્ધિ વાપરી કિરીટને પેલો 'ભયસૂચક અવાજ' દીધો. બીજી જ પળે કિરીટે આગળ વધી પોતાની સુંઢ નજીકના ઝાડની એક જાડી ડાળમાં ભરાવી, અને મોટા કડાકા સાથે તેને નીચે તોડી પાડી. આથી વાઘ ચમક્યો, અને કડાકો કઇ દિશામાંથી આવ્યો તે જોવા તેણે મોં ફેરવ્યું. હવે તેનું માથું બરોબર મારી સન્મુખ આવી રહ્યું; અને હુમલો મારા પર કરવો, કે પોતાના પહેલાંના શીકાર તરફ ફરવું તેના વિચારમાં તે પળેક થોભ્યો. પણ એ પળ તો મને યુગના યુગ જેવડી લાગી. બીકથી મારૂં શરીર જાણે પાણીપાણી થઈ ગયું. પણ મેં મનમાં વિચાર કર્યો કે જો આમ બીશ તો માર્યો જઇશ. એટલે ફરી પાછી મેં દિલમાં હીંમત આણી. કિરીટે પોતાની સુંઢવડે વાઘને પકડવા પ્રયત્ન કર્યો; પણ વાઘે તેની સુંઢપર પંજાવડે ઝાવાં નાખવા માંડયાં. એટલે તેનું યે કંઇ ફાવ્યુ નહિ. મારા બધા આશા છુટી ગઇ. મોત હવે હાથવેંતમાં હતું.

એકાએક મારી નજર અંદર ગોરા ઉપર પડી. પોતાની ને વાઘની વચ્ચે ખાસ્સી બંદુક વા જગ્યા જોઇ તે બંદુક ઉચકી નીશાન લેતો હતો. આ જોઇ મેં મારી બંસી વડે વાઘના પંજાના હાડકા ઉપર જોરથી મારવા માંડયું. તેણે મારી તરફ ફરી ઝાવું નાખ્યું; પણ મારી કેડે વીંટેલી શાલમાં તેના નહોર ભરાયા. શાલને ચીરાતી સાંભળી મારા મનમાં 'હાશ' થઇ, કેમકે વાઘના નહોર ઠેઠ મારા શરીર સુધી પહોંચી શક્યા નહોત.

એ જ પળે મેં ગોરાને પોતાની બંદુકની નળી વાઘના કાનમાં ગોઠવતો જોયો. તે પછી શું થયું તે મને યાદ નથી,—સીવાય કે મારા માથા ને મોં પર થઇને ગરમ લોહીનો ધધુડો વહેતો હતો! કિરીટ જીવ લઇને નાઠો, અને મેદાન વીંધી સામે છેડે ઝાડીમાં જઇ ઉભો. તેની ગરદનપર થએલા નહોરના ઉઝરડા સીવાય તેને બીજો કશો મોટો જખમ થયો નહોતો. એટલામાં તો બીજા માણસો પણ આવી પહોંચ્યા, એટલે મેં કિરીટને નીચે ઝુકાવ્યો અને અમે હેઠે ઉતર્યા. પેલો ગોરો, વાઘ કેવડો મોટો હતો તે જોવા સારૂ મેદાનમાં ગયો, ને હું કિરીટને લઇ મારી ભાંગેલી બંસી શોધવા નીકળ્યો. ભાણખુડેથી શીકારીઓ વાઘનું ચામડું ઉતરડી રહ્યા. એ માપ્યું તો પુંછડી બાદ કરતાં નવ ફુટ લાંબું હતું.

હાથી આમ તો જોકે બહુ નિઃસ્વાર્થી પ્રાણી છે, છતાં તે પણ જ્યારે ચોમેરથી તંગ થાય છે, ને કશો જ ઈલાજ નથી રહેતો તે ઘડીએ માણસની પેઠે જ સ્વાર્થીપણે વર્તે છે. હું શું કહેવા માગું છું તે નીચેના બનાવથી તમને વધુ સમજાશે.

એક દહાડો અમારી નદીમાંની એક માલ ભરેલી હોડીને ઉપલાણ તરફ જવું હતું. પણ પાણીનું તાણ એટલું હતું કે ભારે મહેનત કરવા છતાં ખારવાઓ તેને એક હાથ સરખી પણ સામે વહેણે હકારી શક્યા નહિ. એટલે છેવટે તેમણે હોડીને ખેંચાવી લઇ જવાનું ઠરાવ્યું, અને અમને તેડું મોકલ્યું. હું કિરીટને લઇને ગયો. હોડીને લાંબાં દોરડાં બાંધી કિરીટને તેની સાથે જોતર્યો અને કાંઠેકાંઠે હાંકવા માંડયો. અગાઉ કદિ કિરીટે આમ ભાર ખેંચેલો નહિ, એટલે આ જોઇ મને બહુ ગમ્મત પડી. એણે તો ખુબ જોરથી આંચકો મારી ખેંચવા માંડયું. આથી દોરડું એટલું તો ચસકવા લાગ્યું કે જાણે હમણાં તુટી જશે. આંચકો વાગવાથી હોડી પણ હીલોળાઇને એક બાજુ નમી પડી. મને લાગ્યું કે હમણાં ઉંધી વળશે; પણ સહેજ માટે બચી ગઇ ને પાછી બીજી બાજુ નમી. આમ થવાથી ઉંધી વળવાની બીકે અંદરનાં માણસો બુમાબુમ કરવા લાગ્યા.

પણ કિરીટ તો સાંભળે જ શેનો? બસોએક વાર સુધી તે ખેંચે ગયો, ને પછી એકાએક અટકયો! સામા પુરનું પાણીનું જોર તો ભારે હતું જ, તેમાં તે આમ અચાનક અટકવાથી વળી પાછો હોડીને આંચકો વાગ્યો, ને અંદરના માણસો બુમાબુમ કરી

પાંચ રૂપીએ 'કુમાર'

પહેલા વર્ષના ગ્રાહકો માટે એક નવી યોજના

'કુમાર'ને એક સજ્જન તરફથી સહાય અર્થે રૂા. ૧૦૦) મળેલા; તેના ઉપયોગ સારૂ નીચેની યોજના ઘડી છે:

૧. 'કુમાર'ના આવતા વર્ષના પહેલા અંકથી—એટલે આવતા પોષ મહીનાથી એક વર્ષ માટે સો 'વિદ્યાર્થી-ગ્રાહકોને' 'કુમાર' પાંચ રૂપીએ આપી શકાશે.

૨. આ યોજનાનો લાભ **પહેલા વર્ષના ગ્રાહકો માટે જ** છે. તે બધાની માગણીઓ આવી ગયા પછી જો સંખ્યા ઘટશે તો જ નવા ગ્રાહકોને તેનો લાભ મળી શકશે.

૩. લાભ લેવા ઇચ્છનાર ગ્રાહક **'વિદ્યાર્થી'** હોવો જોઇએ; અને તે કોઇ પણ હાઇસ્કુલ કે વિનયમંદિરમાં ભણતો હોવો જોઇએ: પછી ભલે તે કુમાર હોય કે કુમારી.

૪. આ યોજનાના ગ્રાહક તરીકે માગણી કરનારે પોતાના પત્ર જોડે પોતાની હાઇસ્કુલ કે વિનયમંદિરના હેડમાસ્તરની સહીનું, પોતે સદરહુ હાઇસ્કુલ કે વિનયમંદિરમાં ભણે છે એવી ખાતરી આપનારૂં પ્રમાણપત્ર મોકલવું જોઇએ.

૫. આ યોજનાનો લાભ પુરા આખા વર્ષ માટે જ લઈ શકાશે; છ મહીનાને માટે નહિ.

૬. બધી માગણીઓ પોષ શુદ ૧ તા. ૨૬મી ડિસેમ્બર ૧૯૨૪ પહેલાં 'કુમાર કાર્યાલય, ૪૪૮૦: રાયપુર, અમદાવાદ' એ સરનામે પહોંચી જવી જોઇએ. **વહેલો તે પહેલો.**

ઉઠયા. આવી રીતે પાણીમાં હોડી ખેંચવી હોય ત્યારે તેને જરાપણ આંચકો ન આવે એ રીતે, ઘણી જ ધીમેથી આછે બળે ખેંચી હોય તો તે સપાટાબંધ સરકાતી આવે. મેં કિરીટને આ વાતની સમજણ પાડી ધીરેધીરે ખેંચવા કહ્યું. એક કલાકમાં તો તે આ રીત શીખી ગયો, ને પછી આખી મુસાફરી રમકડાંની માફક હોડીને સરકાવ્યે આવ્યો. સફર પુરી કરીને અમે કિનારા પર રમતે ચડયા. કપિ તો હાથીની પીઠપરથી ઉતરીને કાંઠે કાંઠે આગળ ભાગવા લાગ્યો. મેં કિરીટને તેની પાછળ જ જવાનું કહ્યું. પણ વાંદરાની ઠેકાઠેક પાછળ ઘુમવામાં શું ફળ આવે? આ ઘુમામણમાં, અમે ક્યાંથી ક્યાં જતા હતા તેની દિશાનું મને કશું ભાન રહ્યું નહિ, એટલે મેં પ્રાણીઓની જ યાદશક્તિ અને પ્રેરણા ઉપર આધાર રાખ્યો.

પણ વાંદરાએ અમને ખરેખર ફસાવ્યા જ હતા. અમે એક કલણ–'ભુવા'માં આવી પડયા હતા, ને કિરીટ અંદર ગરતો જતો હતો. કલણ એટલે જમીનના ઉપલા પડ નીચે ઢંકાઇ રહેલું પોલાણ. નદીઓમાં પુર આવવાથી અથવા ભરતીઓટ થવાથી પાણીનો પટ વધે છે. આથી કાંઠા ઉપર જ્યાં જ્યાં પાણીનાં વમળ પડયાં હોય છે, ત્યાં પાણી ઘુમાઇ ઘુમાઇને ઉંડા ખાડા પડી જાય છે. જ્યારે ઓટ આવે છે કે પાણી ઉતરી જાય છે ત્યારે આ ખાડાઓમાં કીચડ એકઠો થાય છે. સાધારણરીતે કાંઠા પરનો કીચડ સુકાઇ જાય છે ત્યારે તેના પર થઇને માણસો આવજા કરે છે; પણ આવા વમળની જગ્યાએ પડેલા ઉંડા ખાડાની અંદરનો કીચડ સુકાતો નથી; માત્ર તેનું ઉપલું પડ સુકાએલું હોય છે. આથી માણસ તેના પર ભુલથી ચાલતાં અંદર ખુંચી જાય છે. આવાં કલણને 'ભુવા' અથવા 'ફોડા' પણ કહે છે. જેમજેમ માણસ તેમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરે છે, તેમતેમ તે અંદર ગરક થતો જાય છે. આવે વખતે માણસે કાંઇ પણ બળ ન વાપરતાં તરત ચત્તા સુઇ જવું, અને સાથે કોઇ માણસ હોય તો તેને દૂર રહી કપડું કે દોરડું નાખવાનું કહેવું, અને તે પકડી રાખી પેલા માણસને ખેંચી લેવાનું કહેવું. સાથે કોઇ માણસ ન હોય તો ચત્તા સુઇને પછી આળોટતાં આળોટતાં પણ તે ખાડો ઓળંગી જવાથી બચી જવાય છે.

કિરીટ બહાર નીકળવાને બળ કરતો હતો તેમ તે અંદર વધારે ગરક થતો જતો હતો. આથી તે એટલો ગભરાયો કે કોઇ પણ ઉપાય શોધવા માટે ફાંફાં મારવા લાગ્યો. તેણે કપિને પકડવા પોતાની સુંઢનું ઝાવું નાખ્યું. તેના મનમાં કે આ નક્કર વસ્તુ છે, એટલે તેના પર પગ મુકીને હું બહાર નીકળી જઇશ! પણ એ વાંદરો તે હાથમાં આવે? એ તો ચીચીઆરી કરતો ભાગ્યો ને ઝાડે કુદી બેઠો.

પછી કિરીટે પોતાની સુંઢ ફેરવી પાછળની બાજુએ લંબાવી, ને પીઠ પરની ગાદી ખેંચી કાઢી તેના પર પગ મુકવા ફાંફાં માર્યાં: પણ વ્યર્થ. એટલે તેણે ફરીથી સુંઢ લંબાવી મારા પર ઝાવું નાખ્યું. કોઇ

આટલું તો આજે જ કરો

આવતા અંકથી 'કુમાર'નું બીજું વર્ષ શરૂ થશે. એ નવા વર્ષમાં અમે વાંચનારાઓને રૂચતા ફેરફારો કરવા માગીએ છીએ. એક આખા વર્ષ લગી તમે 'કુમાર'ના પરિચયમાં આવ્યા છો. એ અરસામાં તમને એમાં શી શી ખામીઓ જણાઇ છે? અથવા કઈ કઇ બાબતો નવી ઉમેરવા જેવી લાગી છે? એ સુધારવા જેવી કે નવી દાખલ કરવા જેવી હકીકતો વીશે તમારી સુચનાઓ તંત્રીને લખી મોકલશો?

ગયા વર્ષમાં અમને છુટક છુટક તો ઘણી સુચનાઓ થઈ છે, પણ 'કુમાર'ના નિયમિત ગ્રાહકોની સુચનાઓને અમે પ્રથમ આદર આપીશું.

આ બાબતમાં અમે દરેકે દરેક ગ્રાહક તરફથી કંઈ ને કંઇ જાણવાની ઉમેદ રાખીએ છીએ; એટલે સૌ પોતાને લાગ્યું હોય તે લખી મોકલે. વધુ નહિ તો એક પોસ્ટકાર્ડ પણ ચાલશે. ગયા વર્ષમાં આવેલી કઇ કઇ બાબતો તમને ગમી છે, કઇ કઇ નથી ગમી, અને શું શું આવે તો વધારે ગમે તે અચુક લખી મોકલો.

જરા પણ અચકાતા ના. તમને જે ઠીક લાગે તે સાચેસાચું ને સીધેસીધું લખી મોકલો. તમારી સુચનાઓ પર અમે પુરૂં ધ્યાન આપીશું, અને અમારાથી બની શકશે તેટલો અમલ કરીશું. કારણકે 'કુમાર' અમારૂં નથી પણ 'તમારૂં' છે.

માટે આજે જ એક કાર્ડ લખી મોકલો.

બીહામણો અજગર પોતાના શીકારને ગળવા જતો હોય એવી તેની સુંઢ ધીમે ધીમે વીંટળાતી તેના માથા પર થઇ મારા તરફ લંબાઇ. તેના સ્વાર્થની હવે હદ આવી હતી. પોતાની જાતને બચાવવા ખાતર, પગ તળે મુકવા માટે તે મને પણ પકડવા તૈયાર થયો હતો!

કપિએ આ જોઇને ઝાડની ટોચેથી ચીચીઆરી કરી મુકી. એક ક્ષણમાં હું કિરીટની પીઠ પરથી કુદી દૂર જમીન પર પડયો, ને તરત ત્યાંથી ઉઠી નાઠો. એ તો ચીસો પાડતો ને મદદ માટે બુમબરાડા કરતો જ રહ્યો. બહાર નીકળવાના દરેક પ્રયત્ને તે વધુ ને વધુ અંદર ખુંચતો જતો હતો. તેનો આગલો ભાગ છાતી સુધી અંદર ખુંચી ગયો હતો, પણ પાછલો ભાગ જરા વધારે બહાર હતો; એટલે તે એવી ત્રાંસી રીતે ખુંચેલો હતો કે પોતાની જાતને ઉચકતાં તેને વધારે મુશ્કેલી પડતી હતી.

હું મદદ લેવા નજીકના ગામડામાં દોડયો. અમે દોરડાં ને પાટીઆં લઇને આવ્યા તે વેળાએ તે આખો હડપચી સુધી ખુંચી ગયો હતો; માત્ર શ્વાસ લેવા માટે તેણે સુંઢ બહાર ઉચકી રાખી હતી. એક જ ઉપાય હાથમાં હતો; અને તે એ કે હાથીને તેના પોતાના જ બળ વડે બહાર કાઢવો. એટલે અમે એક લાંબું દોરડું લઇ સામેના એક ઝાડને થડે બાંધ્યું, ને તેનો બીજો છેડો હાથી તરફ ફેંક્યો. તેણે તે પકડીને જોરથી ખેંચ્યું. દોરડું ચસકવા લાગ્યું, અને હાથીના જોરથી ઝાડ પણ કડાકા કરવા મંડયું. પણ આનું કંઈ બહુ સારૂં પરિણામ આવ્યું નહિ. હાથી કાદવમાં ને કાદવમાં જરાક આગળ સરકાઇ આવ્યો હતો, ને તેનો પાછલો ભાગ કાદવમાં વધારે ખુંચ્યો હતો. હવે તે આખો યે ભુવામાં સપડાઇ ગયો.

પણ આથી એક બીજી વાત બની. તેની સુંઢમાં દોરડું આવ્યું, ને તેણે જાણ્યું કે પોતાને ઉગરવાનો એ એક જ રસ્તો છે, એટલે તે દોરડાને કોઇ કાળે છોડે એમ નહોતો. તેને તે જીવની પેઠે વળગી રહ્યો હતો, એટલે હવે તેની નજીક જવામાં ભય નહોતો. તેનો પાછલો ભાગ હજી જરા અદ્ધર હતો, તેથી તેની નીચે પાટીઆં ગોઠવવાનો અમે વિચાર કર્યો. પણ એમાં યે અમે નિષ્ફળ નીવડયા. તેના પગ ઠેઠ ખાડાને તળીએ જઇને અડયા હતા. પરંતુ આથી અમને એક નીરાંત થઇ, કે તે હવે વધારે ઉંડો ખુંચીને ગુંગળાઇ મરશે નહિ.

એના શરીરનો આગલો ભાગ જો કોઇ પણ ઉપાયે ઉચકવામાં આવે, તો પછી બાકીનું શરીર તો એ ખેંચી કાઢી શકશે એમ અમને આશા પડી. પણ એ બને કેવી રીતે? એ મોટા ડુંગરને ઉચકવા માટે બીજો કોઇ હાથી જ હોય તો બને. આમ વિચારી અમે આસપાસનાં ગામોમાં હાથીની તપાસમાં નીકળ્યા. નસીબજોગે પાસેના જ એક ગામના રાજાને ત્યાંથી એક હાથણી મળી આવી. તપાસ કરતાં એ તો કિરીટની જ મા નીકળી. અમે એ રાજાને ત્યાં એને વેચી હતી. પણ આ ધમાધમમાં સાંજ પડી ગઇ, ને અંધારૂં જામવા લાગ્યું. એટલે અમે કિરીટને ઇશ્વરને ખોળે સોંપી રાતની રાત તેને ભુવામાં જ પડી રહેવા દીધો.

બીજે દહાડે સવારે ઉઠીને જોયું તો તે એ જ સ્થિતિમાં હતો. સુંઢમાંનું દોરડું એણે જરા ઢીલું મુકયું હતું ખરૂં, પણ વધારે ઉંડો તે ખુંચ્યો નહોતો. તેને પણ હવે ખાતરી થઇ ગઇ હતી કે અમે તેને બચાવવા માટે જ મથામણ કરી રહ્યા હતા, તેથી હવે તે અમને પોતાની પાસે આવવા દેતો હતો. પાટીઆં ગોઠવી, તેની બરોબર કસોટી કરી, કિરીટની માને તેની પાસે લઇ જવામાં આવી. તેણે કિરીટની ગરદન આસપાસ સુંઢ વીંટાળી તેને ઉચકવા માંડયો. પણ થોડો ઉંચો થયો ન થયો, ત્યાં તો તેણે દરદથી બરાડવા માંડયું. કારણકે તેનું ગળું ભીંસાવાથી તેને ગુંગળામણ થતી હતી. આથી તેને છોડી દેવામાં આવ્યો, એટલે વળી પાછો એ ઉંચો થએલો તેટલો અંદર ખુંચવા લાગ્યો. પણ અમે વેળાસર ઝટપટ તેની છાતી અને કાદવની વચ્ચે પાટીઆં ગોઠવી દીધાં.

એ ઉપરાંત, નદી કાંઠે ઉભેલી એક હોડીમાંથી

અમને કોઇએ એક લાંબું અને મજબુત દોરડું આપ્યું, તે પણ અમે ઝટપટ તેના શરીર નીચેથી સેરવી લીધું. પછી તેનો ગાળીઓ કરી સરકણી ગાંઠ બાંધી, અને તેનો બીજો છેડો કિરીટની માના શરીરની આસપાસ બાંધ્યો. તેણે પોતાનામાં હતું તેટલું જોર કરીને ખેંચવા માંડયું. એ પણ ભારે જોરાવર નીકળી. જોતજોતામાં તેણે કિરીટનો આગલો ભાગ ખેંચી કાઢી ઉંચો કર્યો અને તેના પગ કાદવપર ખદબદવા લાગ્યા. પણ એટલામાં અકસ્માત દોરડું તુટી ગયું, અને કિરીટના આગલા પગ પાટીઆ ઉપર જઇને પડયા. પરંતુ તેના પાછલા પગ વળી પાછા ખુંચવા લાગ્યા. અમારી આવેલી આશા પાછી ઉડી ગઇ. અમે ધાર્યું કે તે પાછો ફસાયો.

પણ અમે કલ્પી એટલી બધી ખરાબ સ્થિતિ નહોતી થઇ, કારણકે બીજું દોરડું સહેલાઇથી નાખી શકાય એટલી જગ્યા હતી. આ વેળા અમે બેવડું દોરડું નાખી તેને મજબુત ગાંઠ વાળી, અને તે ઉપરાંત પેલા ઝાડ સાથે બાંધેલા દોરડાનો છેડો પણ કિરીટની સુંઢમાં ટેકા તરીકે આપ્યો. તે એટલો હતાશ થઇ ગયો હતો, કે હવે તો એ દોરડું પણ લેવાની ના પાડતો હતો. પણ મેં તેને સમજાવીપટાવી શાંત પાડયો.

છેવટે તેની માની મદદથી તેણે બળ કરીને પોતાનો પાછલો ભાગ કાદવમાંથી ખેંચી કાઢયો, અને એક પછી એક બંને પગ પાટીઆ પર માંડી તે ધીમેથી બહાર નીકળી આવ્યો. ટોળામાં સૌ આનંદથી બુમો પાડી ઉઠયા. નક્કર જમીન પર કિરીટને પગ માંડતો જોઇ મને તો એટલો આનંદ થયો કે ન પુછો વાત. કપિ પણ પોતાના દોસ્તને સલામત બહાર નીકળી આવેલો જોઇ ઝાડ પરથી તેની પીઠ ઉપર કુદી આવી બેઠો. પણ અત્યારે કિરીટનો મીજાજ ઠેકાણે નહોતો; તેથી તેણે કપિને ઉથલાવી પાડયો.

પહેલું કામ મેં ઝાડની કુણીકુણી ડાખળીઓ તોડી કિરીટને ખવડાવવાનું કર્યું. તે પણ ભુખ્યો ડાંસ હતો, એટલે ઝાપટવા જ મંડી પડયો. મને પોતાને તો ખરેખરી શીખામણ મળી ગઇ હતી. વાંદરાની અક્કલ પર આધાર રાખી તેની પાછળ ધુમવામાં મેં મારા રતન જેવા હાથીનો જીવ જોખમમાં નાખ્યો હતો. ખરે જ, વાંદરાઓમાં અક્કલ હોય તો જોઇએ શું?

[કિરીટની એક બીજી લાંબી મુસાફરીનાં પરાક્રમોની વાત આવતા અંકમાં]

ફુલપાંદડી *

અહો! કંઇક યુગોથી પ્રકાશ અને અંધકાર વચ્ચે યુદ્ધ ચાલ્યું જતું હતું.

જ્યારે પ્રકાશનો સેનાપતિ સુરજ આવતો, ત્યારે અંધકાર સમુદ્રને તળીએ કે પહાડની એવી ગુફાઓમાં છુપાઇ જતો કે જ્યાં સુરજનાં અણીઆળાં બાણ પહોંચતાં નહિ.

પણ જ્યારે મદોન્મત્ત શ્યામ નિશા પોતાની અંધકારની પતાકા ફરકાવતી ત્યારે પ્રકાશ તારાઓમાં લપાઇ જતો, જ્યાં રાત્રિની વિજયપતાકા ઉડતી નહિ.

અનંતકાળના યુદ્ધ પછી પણ કોઇ જીત્યું નહિ કે હાર્યું નહિ.

હું તેમનું યુદ્ધ જોતો. તેમનું વેર અનંત હતું.

પણ પછી હું ન્યાયાધીશ થયો, અને પ્રકાશ તેમજ અંધકારને મેં આમંત્રણ કર્યું. હૃદયમાં બંનેને સ્થાન આપ્યું, જ્યાં તેમને માટે યુદ્ધ નથી પણ આરામ છે.

હું સર્વને આમંત્રણ કરૂં છું: પ્રભાત કે સંધ્યા, દોસ્ત કે દુશ્મન, શરાબ કે ઝેર, મિલાપ કે જુદાઈ, જીવન કે મૃત્યુ:—હું સર્વને આમંત્રણ કરૂં છું.

પૃથુરાજ શુક્લ

*એ નામના તરતમાં જ પ્રસિદ્ધ થનાર પુસ્તકમાંથી.]

બેલ.

આ વરસની મહાસભા કર્ણાટકમાં બેલગામમાં ભરાવાની છે. આપણે બંગાળાના ભાગલાની વાત તો કેટલી યે સાંભળી છે. પણ અંગ્રેજ સરકારે કંઇ એકલા બંગાળાના જ ભાગલા પાડયા હતા એમ નહિ. મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્ર એ ત્રણે પ્રાંતના ભાગલા ક્યારના પડયા છે; અથવા સરકારે જે વખતે આ ભાગલા પાડયા તે વખતે સરકારની સામે થવાની સુઝ લોકોમાં નહોતી એમ કહીએ તો ચાલે. સરકારી રાજ્યવહીવટની દૃષ્ટિએ કર્ણાટક એક સ્વતંત્ર પ્રાંત નથી. કર્ણાટકનો એક ભાગ મુંબાઈ ઈલાકામાં દક્ષિણે આવેલો છે; કર્ણાટકનો બીજો ભાગ તે મ્હૈસુરનું દેશી રાજ્ય; અને કર્ણાટકનો ત્રીજો કકડો નીઝામના રાજ્યનો એક ભાગ છે.

વિજયનગરનું રાજ્ય જ્યારે જાહોજલાલીમાં હતું ત્યારે કર્ણાટકનો વૈભવરવિ મધ્યાહ્ન ઉપર હતો. આજે વિજયનગર એક વિસ્તીર્ણ ખંડેરના રૂપમાં હમ્પી પાસે પથરાએલું છે. એ વિજયનગરનું સ્મરણ કરીને જ આ વર્ષે મહાસભાના સ્થા-



કિલ્લાના બે કોઠા ફોટો: એસ, મહાદેવ એન્ડ સન. બેલગામ

બેલગામ આવતાં ટ્રેનમાંથી કિલ્લાનું દર્શન થાય છે. જે બાજુથી હુમલો થવાનો સંભવ છે ત્યાં ચંડમુંડ જેવા કે જયવિજય જેવા આ બે કોઠા બાંધેલા છે. જુના વખતમાં આ કોઠાઓ વચ્ચે ખજાનો રાખવામાં આવતો એમ મનાય છે. એમના પરથી બેલગામ-શહાપુરની શોભા સરસ લાગે છે, અને દૂર યાળુરગઢ વાદળાં સાથે વાતો કરતો દેખાય છે.




ખાઇનો કાંઠો ફોટો: એસ, મહાદેવ એન્ડ સન. બેલગામ

ચોમાસામાં કિલ્લાની આસપાસ ખાઈનું પાણી ભરાઇને અપૂર્વ શોભા ધરે છે. જાણે અબ્ધમાં તરતી દ્વારિકા: લીલાલીલા પાણીમાં મેશ જેવી ભેંસો મોજથી તરતી હોય ત્યારે રસિક જોનારને અદેખાઇ આવે. કાંઠે ઉગેલું છે તેવાં ખજુરીને મળતાં શીંદીનાં ઝાડ ઝાઝાં નથી. એનાં પાંદડાંની સાવરણી બને છે.

ગા મ

નકને બેલગામવાસીઓએ 'વિજયનગર'નું નામ આપ્યું છે. નાગપુરે નામ રાખ્યું 'કોંગ્રેસનગર'; અમદાવાદે રાખ્યું 'ખાદીનગર'; ગયામાં 'સ્વરાજ્યપુરી'; કોકોનાડામાં 'ગાંધીનગર'; અને જ્યાં ગાંધીજી પોતે પ્રમુખ થનાર છે ત્યાં નામ રાખ્યું છે 'વિજયનગર'.

કર્ણાટકમાં મહાસભા ક્યાં ભરાય એ વીશે ખુબ હરીફાઇ ચાલી હતી. બીજાપુર, ધારવાડ, મંગળુર અને બેલગામ. દરેકનો આગ્રહ હતો કે મહાસભા અમારે ત્યાં થાય. આખરે બધાએ બેલગામ કબુલ્યું. બેલગામની હવા ઉનાળામાં બહુ સારી હોય છે. આજકાલ પણ ખુબ મઝાની છે. તેથી જ અંગ્રેજોએ લશ્કરનું થાણું અહીં રાખ્યું છે. બેલગામને ગરીબ લોકોનું મહાબળેશ્વર કહેવામાં આવે છે. બેલગામ પાસે જ 'ટીળકવાડી' કરીને બેલગામનું નવું પરૂં બંધાયું છે. આ ટીળકવાડીમાં જ મહાસભાનું 'વિજયનગર' આવેલું છે. મહાસભા માટે એક કામચલાઉ સ્ટેશન ઉભું કર્યું છે. સ્ટેશનમાંથી ઉતર્યા કે આપણે મહાસભાને દરવાજે ઉભા.



જૈનમંદિરની અંદર ફોટો: એસ, મહાદેવ એન્ડ સન. બેલગામ

આ મંદિરોની ઉંચાઇ બહુ નથી. મંદિરો બેઠા ઘાટનાં છે અને પ્રમાણમાં થાંભલા સરસ જાડા છે. કર્ણાટકના લોકોને આવી જ બાંધણી ગમે તો. કારીગરી ઘણી સુંદર અને પ્રમાણબદ્ધ છે, તો પણ દરવાજાનું કોતરકામ ગુજરાત જેવું નથી. પત્થરની શીલાઓમાં કોતરેલી, ઘુમટ અંદરની છત ગોળાકારમાં ઝુમે છે. કમળોની શોભા પી ગયા પછી જ આપણા કારીગરો આવાં શિખરો અને ઘુમટો તૈયાર કરી શક્યા હશે.




ટેકરી ઉપર ફોટો: એસ, મહાદેવ એન્ડ સન. બેલગામ

બેલગામની પશ્ચિમે આવેલી એક ટેકરી પરનું આ કાવ્યમય દૃશ્ય છે. પણ આની આસપાસ હિંસાકુશળ ગોરા સોલ્જરો જ રહે છે, અને રોજરોજ ગોળીબારની તાલીમ લે છે. ઝાડો અને મંદિરો એકબીજાને કેવા સાથ દે છે!



ગામની શેરી ફોટોઃ એસ, મહાદેવ એન્ડ સન. બેલગામ

બેલગામની બળદગાડીઓ અમદાવાદ કે વડોદરાના ટાંગા કરતાં વધુ સવડભરી અને રૂપાળી હોય છે. એમને અહીં 'ધમની' કહે છે. ધમનીની મુખ્ય શોભા તો તેની છત્રી છે. અહીંના ભારે ચોમાસાના વરસાદ સામે આવી જ છત્રી ટક્કર ઝીલે. બળદને ગળે ઘુઘરા બાંધેલા હોવાથી તેઓ સંગીતના તાલમાં દોડે છે. ગોરાઓ પણ સાંજે છત્રી ઉતારી આવી ગાડીઓમાં ફરવા જાય છે.



જૈનમંદિર ફોટોઃ એસ, મહાદેવ એન્ડ સન. બેલગામ


કિલ્લાનાં નાનકડાં બેત્રણ જૈનમંદિરોમાંનું આ એક છે. લશ્કરી અમલદારોએ એમની આસપાસ છાપરાં બાંધી વીશીઓ કરી હતી; પણ પ્રાચીન ખંડેરોના રક્ષણનો કાયદો લૉર્ડ કર્ઝને પસાર કર્યો ત્યારથી એ નવો કચરો કાઢી નંખાયો છે. અને ખંડેરોની શોભા અખંડિત રહી છે.

પણ આપણે કંઈ બધા જ બેલગામ જઈ શકવાના નથી. અમદાવાદથી કેટલું દૂર? રેલ્વેભાડું જ આવતાં જતાં લગભગ ત્રીસ રૂપીઆ થાય. પણ ભાઈ પ્રભુદાસ ગાંધીએ ત્યાં જઈને કેટલાક સરસ ફોટોગ્રાફો* 'કુમાર'ને માટે મોકલ્યા છે, તે ઉપરથી બેલગામની આસપાસનું દૃશ્ય કેવું હશે એનો ખ્યાલ આવશે.

પ્રભુભાઇ લખે છે કે 'અહીંની માટી લાલચોળ

*આ સાથેના ફોટો એસ. મહાદેવ ઍન્ડ સન પાસેથી મેળવેલા છે. એસ. મહાદેવ ઍન્ડ સન એ અહીંની જુનામાં જુની ફોટોગ્રાફીની દુકાન છે. એ દુકાનના મુળ સંસ્થાપક શ્રીનિવાસ મહાદેવ વેલંગી એક મોટા આપકર્મી ફોટોગ્રાફર થઇ ગયા. એક કૅમેરાના આધાર પર તેમણે બાર વર્ષ સુધી હીંદુસ્તાનની મુસાફરી કરી. અમદાવાદમાં પણ તેમણે ઘણો વખત ગાળેલો. તેમના દીકરાએ અહીં 'વેલીંગ કૅમેરા વર્કસ' નામનું એક કારખાનું કાઢ્યું છે. તેમાં બધી જાતના કૅમેરાઓ અહીં જ તૈયાર કરવામાં આવે છે. ફક્ત સ્ક્રૂ બાદ કરતાં બીજું બધું કામ અહીંના જ કારીગરો તૈયાર કરે છે. વીલાયતી કૅમેરા કરતાં આ કૅમેરાઓ વધારે મજબુત અને સુઘડ હોય છે; એટલે કંઇ ખાસ ઉત્તેજન વગર જ તેનો પ્રચાર વધતો જાય છે.

છે. જરાક માણસ બેદરકાર રહ્યો કે બે દિવસમાં સંન્યાસી થઇ જવાનો ! આસપાસના ડુંગરા, ઝાડી, આકાશનાં વાદળાં એવાં તો કાવ્યમય દેખાય છે કે આવું સુંદર નંદનવન છોડી કાકાસાહેબ ગુજરાતમાં કેમ આવ્યા એનું જ આશ્ચર્ય થાય છે. ટળકવાડીમાં ઘરો (અથવા બંગલાઓ કહીએ તો ચાલે) એકબીજાથી અલગ બાંધેલાં છે. દરેક ઘરની આસપાસ સુંદર બગીચો હોય છે; અને પવનની લ્હેર સાથે ખુશબોદાર ફુલોની મ્હેક એવી તો આવે છે કે અસ્વસ્થ થએલું મન પણ ઘડીભર શાંત થઇ જાય.



ગાંધીજીઃ બેલગામની મહાસભાના પ્રમુખ — શ્રી. માહુલીકરના સૌજન્યથી

મહાસભાનું મહાદ્વાર મદુરા, કાંજીવરમ્ વગેરે તીર્થોમાં આવેલાં 'ગોપુર' જેવું બનાવી રહ્યા છે. હુબળીવાળા દાક્તાર હાર્ડીકરે એક હજાર સ્વયંસેવકો ભેગા કર્યા છે. તેમને સ્વયંસેવકોને શોભે એવી તાલીમ અને કેળવણી તેઓ આપી રહ્યા છે. સ્વયંસેવકો લશ્કરી સીપાઇનું ખડતલ જીવન કેવું હોય છે તેનો અનુભવ કરી રહ્યા છે.'

તંત્રી

❀ હું તારી આગળ અક્કડ ઉભો રહું છું, એનો અર્થ એમ નથી કે હું ગર્વિષ્ઠ છું, પણ જો હું તને નમીને પ્રણામ કરવા જાઉં તો તારૂં મુખકમળ મારી દૃષ્ટિમર્યાદામાંથી ખસી જાય.

કોણ કહે છે કે હું કવિ છું ? મારાં મા મને હાલરડાં ગાય છે. હું તો માત્ર તેનું અનુકરણ કરૂં છું. ❀

સુરતનું યુવક-સપ્તાહ



'કુમાર'ને એક વરસે અમે જોઈએ છીએ કે ઉગતી પ્રજાની જાગ્રતિ પ્રજાનું વધુ ને વધુ ધ્યાન ખેંચી રહી છે. એ વાત જરૂરની હતી એમ જ નહિ પણ કુદરતી હતી. ઉગતી પ્રજા ઉઠે ત્યારે જ દેશ જાગે છે. અમે ખાતરીપૂર્વક માનીએ છીએ કે હજુ પણ અઢળક રાષ્ટ્રધન માબાપોના ઘરમાં દટાએલું છે—છુપાએલું છે. એ ધનને ઓળખવા કે બહાર લાવવા સારૂ જોઇએ તેવી મહેનત કે દરકાર આપણે લેતા નથી.

આજલગીનો ઘરકુછેરનો અને શાળાશિક્ષણનો ઇતિહાસ લાલ અક્ષરે લખાયો છે. એ અક્ષરો ઉગતી પ્રજાના થીજેલા લોહીના છે. નિરૂત્સાહી અને હતાશ કેટલાં હૃદય નીસાસા નાખી ચીમળાયાં હશે ? પરીક્ષાઓ, પોપટીઉ જ્ઞાન અને પદવીઓના મોહમાં તવાઇને અમારા અસંખ્ય જુવાનીઆ પ્રાણ વિનાના પંતુજી, સ્વમાન વિનાના નોકર અને સ્વતંત્રતા વિનાના સરકારી લહીઆ બન્યા છે જીવન અને શિક્ષણ જ્યારથી આકાશપાતાળ જેટલાં જુદાં પડ્યાં ત્યારથી પ્રજાની લાચારી અને ગરીબી વધી પડી, રાષ્ટ્રના હુન્નરધંધા પડી ભાંગ્યા અને વિદ્યા તથા વિલાસની ખોટી મોટાઈ આવી ગઇ.

હવે તો આપણો ધર્મ સ્પષ્ટ છે. ઉગતી પ્રજામાં નિર્મળ માહત્ત્વાકાંક્ષા અને પવિત્ર ચારિત્ર્યના સંસ્કાર જાગે અને એમના ઈશ્વરી પ્રસાદને ખીલવવા અવકાશ અને ઉત્તેજન મળે. સુંદર શરીર, બુદ્ધિશાળી ચિત્ત અને ભાવનામય આત્મા: એમ ત્રિવિધ ગુણસમૃદ્ધિ તેઓ સાથોસાથ સાધતા થાય

આ ભાવનાની જ્યોત ગુજરાતનાં અનેક હૃદયોમાં જાગી છે, અને ઘણી સંસ્થાઓ એ દિશામાં પોતાથી બનતા પ્રયત્નો કરી રહી છે. એ દિશામાં એક સુંદર પ્રવૃત્તિ સુરતમાં આ અંક બહાર પડતાં સુધીમાં તો થઇ ગઈ હશે. તા. ૧૪ થી ૨૧ મી ડિસેમ્બર સુધી ત્યાંના સેવામંડળે યુવકસપ્તાહનો ઉત્સવ ઉજવ્યો હશે. सत्यं शिवं सुन्दरम् વાળો એમનો ઉદ્દેશ અમને રૂચિકર થયો છે. અમે આશા રાખીએ છીએ કે આ ઉત્સવનો પ્રાણસંચાર હમેશનો હોય. આવાં સપ્તાહ તો પ્રાણનું પ્રદર્શન છે; પ્રાણનું દર્શન તો સદૈવ યુવકોમાં રહેવું જોઇએ.

યુવકસપ્તાહમાં વિદ્યા, કસરત અને કળાનો સુમેળ રચાયો છે એ જાણી અમને આનંદ થયો છે. નાટ્યપ્રયોગ અને પત્રિકાનો પ્રચાર એ અવનવાં અંગો દાખલ થયાં છે. આવા ઉત્સવોમાં ગુજરાતનાં બીજાં કુમાર-મંડળો પણ ખાસ ભાગ લેવા મળે અને ઉપયોગી મદદ આપે એ ઇચ્છવાજોગ છે. આવી પ્રવૃત્તિ ધીરેધીરે ખીલતી જઇને, ગુજરાત આખાના સૌ કુમારો એકઠા મળી 'કુમાર સર્વોત્સવ' ઉજવે એ ભાવના કેટલી પ્રેરક અને કલ્યાણકર છે !

યુવકસપ્તાહના કાર્યક્રમમાં અમે એકબે રચનાત્મક વિગતો ઉમેરી હોત. શહેરની બેચાર પોળો બધી રીતે ચોક્ખી અને સુંદર કરી બતાવીને નગરજનો આગળ બેસાડેલો દાખલો બહુ સચોટ અસર કરત, અને શહેરસુધરાઇનું સર્વ તંત્ર 'કુમારમંડળ' કરતું થાય એ દિવસનું એ મંગળ મુહૂર્ત મંડાત. 'સ્કાઉટ્સ રૅલી'માં માત્ર 'કૅમ્પિંગ'-નો પ્રયોગ જ ભજવવા ઉપરાંત વનભોજન (ઉજાણી) નાં સુખસગવડ ને સ્વચ્છતા, શાન્તિ ને વ્યવસ્થાની તાલીમ અને સેવા તથા કામનો આનંદ મેળવવાની સુંદર યોજના ઉમેરી હોય તો સારૂં.

આવાં સપ્તાહ બાંધેલા શિષ્ટાચાર કરતાં વધુ અંશે મેળાનું સ્વરૂપ હોય. યોજના તથા તૈયારી એવાં હોય કે પ્રાણને થાક ન લાગે. નાટ્યપ્રયોગ ને સરઘસ આનાં સારાં દૃષ્ટાન્ત છે. એમાં લાંબાંલચક ભાષણો કે સુક્કા ઉપદેશો કરતાં પ્રજાના ઘડતરનાં અંગો વધારે હોય.

આવા ઉત્સવોમાં નાનાં બાળકો તો ન જ ભુલાવાં જોઇએ. તેઓ પણ આ કામ અને આનંદમાં ભાગીદાર થાય એવી રમતગમતો કરવાનું અને જોવાનું રાખવું જોઇએ ઉમરેઠના વિદ્યાર્થીસંમેલનમાં એ સૌથી સરસ અંગ હતું. આજે બાળકો છે તે કાલે કુમારો બનશે. તેમને અત્યારથી જ એ સંસ્કારો મળે તે કેટલું જરૂરી છે !

આ કાર્ય માટે ચુંટાએલા મંત્રીઓ ઉત્સાહી અને ભાવનાશાળી છે એટલે ઉત્સવમાં ઉણપ નહિ રહે એમ લાગે છે.



આકાશદર્શન: દૃષ્ટિ દસમી : ભૌતિક વિચાર

અવનવી ઓળખાણ

અત્યાર સુધી આપણે મુખ્ય મુખ્ય તારાઓનો પરિચય કર્યો અને તેમની ગતિ વીશે થોડુંક જાણ્યું. પણ આ તારાઓ શું હશે, કેટલા હશે, અહીંથી કેટલે દૂર હશે વગેરે અનેક જાણવાલાયક બાબતો વીશે હજુ કંઈ કહેવામાં આવ્યું નથી. આ મહીને આવી થોડીક બાબતો વીશે ટૂંકાણમાં કહીશું.

ત્યારે તારાઓ શું હશે? તારાઓ એટલે બળતી હવાના ગોળા. હવા બળે એટલે ભડકા થાય. એટલે, દરેક તારો એ એક મોટો ભડકો છે. આપણો સૂર્ય પણ એક તારો છે. અથવા બીજી રીતે કહીએ તો દરેક તારો એક એક સૂર્ય છે. ઘણા તારા એવા હોય છે કે લાખો સૂર્યો મળે ત્યારે તે એક તારો થાય; પણ તેઓ નાના દેખાય છે, કેમકે તેઓ સૂર્ય કરતાં લાખોગણા દૂર છે.

તારાઓ કેટલા હશે? નરી આંખે તો પાંચ છ હજાર દેખાય છે; પણ દૂરબીનમાંથી કરોડો તારા દેખાય છે. જેમજેમ દૂરબીન સુધરતાં જાય છે તેમતેમ કરોડો નવા તારા દેખાતા જાય છે. એટલે એમ માનવાને હરકત નથી કે જે તારા દૂરબીનમાં પણ દેખાતા નથી તેમની સંખ્યા કરોડો કરોડ હશે.

તારાઓ આપણાથી કેટલેક દૂર હશે? બધા તારા સરખા દૂર નથી. તારા એટલા દૂર છે કે તેમનું અંતર માપવાને માઇલનું માપ બહુ ટુંકું પડે છે. પ્રકાશ એક સેકંડમાં ૧,૮૬,૦૦૦ માઇલ દૂર જાય છે. આપણી પાસેમાં પાસેનો તારો એટલે દૂર છે કે તેનો પ્રકાશ આપણને પહોંચતાં ૪ વર્ષ લાગે! એટલે તે આપણાથી ૪ પ્રકાશવર્ષ જેટલે દૂર કહેવાય. પણ આ તો પાસેમાં પાસેના તારાની વાત થઇ. દૂરના તારાઓનો પ્રકાશ આપણને પહોંચતાં તો લાખો વર્ષ લાગે છે; અને જે તારા દૂરબીનમાંથી પણ દેખાતા નથી તેમનો પ્રકાશ તો આપણને કરોડો વર્ષે પહોંચતો હશે!

તારાઓ અને સૂર્ય પોતાના તેજે પ્રકાશે છે; પણ ગ્રહો અને ચંદ્ર તો સૂર્યના તેજે પ્રકાશે છે. તેથી ગ્રહોનો પ્રકાશ સ્થિર હોય છે. પણ તારાઓ પલક પલક થયાં કરે છે; કેમકે તેઓ ભડકાની પેઠે બળે છે.

આપણે જોયું કે મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિ એ બધા ગ્રહો નરી આંખે દેખાય છે. આ ઉપરાંત યુરેનસ અને નેપ્ચ્યૂન દૂરબીનમાંથી દેખાતા ગ્રહો છે. તે સીવાય મંગળ અને ગુરુ વચ્ચે અનેક નાના નાના ગ્રહો છે, જે માત્ર દૂરબીનમાંથી જ દેખાય છે. કોઇ કોઇ કહે છે કે સૂર્ય અને બુધ વચ્ચે એક નાનો ગ્રહ છે, અને પૃથ્વીને આ ચંદ્ર ઉપરાંત એક બીજો બહુ નાનો ચંદ્ર પણ છે! આ બંને નરી આંખે દેખાતા નથી. યુરેનસ અને નેપ્ચ્યૂનથી દૂર બીજા કોઇ ગ્રહો છે કે નહિ તે આપણે હજી જાણતા નથી.

ચંદ્ર ઉપર આપણી પૃથ્વીની પેઠે જમીન છે; પણ તેમાં હવા, પાણી કે પ્રાણીઓ નથી. મંગળ પર પણ પૃથ્વીની પેઠે જમીન છે. તેની ઉપર હવાપાણી પણ છે. ત્યાં કોઈ પ્રકારનાં આપણા જેવાં પ્રાણીઓ હોવાનો પણ સંભવ છે. ગુરુ, શનિ, યુરેનસ અને નેપ્ચ્યૂન વાયુરૂપ છે, બુધ અને શુક્ર પર પાણી અને હવા છે, પણ જમીન ઘણુંકરીને નથી. મોટામાં મોટો ગ્રહ ગુરુ અને નાનામાં નાનો બુધ છે. સૂર્યથી પાસેમાં પાસે બુધ, અને આઘેમાં આઘે નેપ્ચ્યૂન છે. બુધ, પૃથ્વી અને ગુરુના વ્યાસ અનુક્રમે ૨૮૦૦, ૭૯૦૦ અને ૮૮૦૦૦ માઇલ છે. સૂર્યથી બુધ, પૃથ્વી અને નેપ્ચ્યૂનનાં અંતર અનુક્રમે ૩॥, ૯॥ અને ૨૭૯ કરોડ માઈલ છે.

ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે, અને પૃથ્વી તેમજ બીજા ગ્રહો સૂર્યની આસપાસ ફરે છે. સૂર્ય અને તારાઓ સ્થિર રહે છે. સૂર્યની આસપાસ બુધ ૮૮ દિવસમાં, પૃથ્વી ૩૬૫ દિવસ (એટલે ૧ વરસ) માં અને નેપ્ચ્યૂન ૧૬૫ વરસમાં ફરી રહે છે.

આ સીવાય અહીં માત્ર ધૂમકેતુ અને ખરતા તારાની વાત કરીશું. આ બંનેને એક રીતે ગ્રહો ગણી શકાય. તફાવત માત્ર એટલો જ કે કેટલાક ધૂમકેતુને સૂર્યની આસપાસ ફરતાં અનેક વરસ લાગે છે, ત્યારે કેટલાક તો એક વખત આવીને ફરી આવતા જ નથી. ધૂમકેતુને માથે તારા જેવું

હોય છે અને તેમાંથી મોટી પુંછડીના આકારનો બહુ જ પાતળાં વાદળાં જેવો ઝાંખો પ્રકાશિત ભાગ નીકળતો માલુમ પડે છે.

કોઇ કોઇ ખરતા તારા તો રોજ રાતે માલુમ પડે છે; પણ અમુક ચોક્કસ રાતે તેઓ મોટી સંખ્યામાં માલુમ પડે છે. ઑગસ્ટની ૧૦મી અને નવેમ્બરની ૨૪મીએ તેઓ દેવયાનીની આસપાસથી ખરતા માલુમ પડે છે. નવેમ્બરની ૧૫ મીએ મઘાની આસપાસથી ખરતા દેખાય છે. આ કરતાં ઓછી સંખ્યામાં અભિજિત્‌ની આસપાસથી એપ્રિલની ૨૦મીએ, મૃગશીર્ષની આસપાસથી ઑક્ટોબરની ૨૦મીએ અને પુનર્વસુની આસપાસથી ડિસેમ્બરની ૧૦મીએ ખરતા દેખાય છે.

ખરતા તારા શું હશે? તેમને નાના નાના ગ્રહો ગણી શકાય, કેમકે તેઓ પણ સૂર્યની આસપાસ ફરે છે. તેઓ પ્રકાશ વગરના હોય છે. સૂર્યની આસપાસ ફરતાં તેઓ ઘણી વખત પૃથ્વીની પાસે થઇને જાય છે. તે વખતે પૃથ્વી તેમને પોતાની તરફ ખેંચી લે છે. પૃથ્વીના વાતાવરણ સાથે તેઓ જોસભેર અથડાય છે, એટલે તેમનામાં ખુબ ગરમી પેદા થાય છે, અને તેથી તેઓ બળવા માંડે છે. ઘણાખરા તો પૃથ્વી પર પહોંચ્યા પહેલાં જ બળીને ભસ્મ થઈ જાય છે. તેમની રાખ પૃથ્વી પર પડે છે ખરી, પણ તે આપણને દેખાતી નથી. જે થોડાઘણા પૃથ્વી પર પહોંચવા પામે છે તેમનો મોટો ભાગ દરીઆ તથા એવાં અજાણ્યાં સ્થાનોમાં પડે છે. માત્ર થોડાક જ તારા માણસોને હાથ આવે છે. ઘણાખરા તો મોટા પથરા જેવા હોય છે. થોડાકમાંથી ક્વચિત લોઢું અને સહેજ નીકલ નીકળે છે. આવા ખરતા તારા સંગ્રહસ્થાનોમાં સંઘરી રાખવામાં આવે છે.

હરિહર ભટ્ટ

અરધે લવાજમે 'કુમાર'

'કુમાર'ના ભાદરવા માસના અંકમાં અમે પ્રકટ કરેલી, પચીસ ગ્રાહકોને અરધે લવાજમે 'કુમાર' આપવાની યોજનાની મુળ સુચના અમને મુંબાઈ ભગિનિસમાજના મંત્રી રા. કરસનદાસ જ. ચીતલીઆ તરફથી થઈ હતી; અને તે સાથે જ તેમણે, અમે શરૂઆતમાં પ્રગટ કર્યા પ્રમાણે, ૨૫ ગ્રાહકોના લવાજમના, દરેકના રૂા. બે લેખે ૫૦) રૂપીઆ મોકલી આપ્યા હતા. એ અરધા લવાજમમાં બાકીના ખુટતા ૨૫ રૂા. અમદાવાદના ગૃહસ્થ રા. ડાહ્યાભાઈ છોટાલાલે ઉદારતાપૂર્વક પુરા કરી દીધા અને એ યોજના અમે પ્રકાશમાં મુકી શક્યા.

એ યોજના પ્રકટ થયા પછીના આ ત્રણ માસના અરસામાં, એને માટે મળેલી અરજીઓમાંથી, તેની શરતો પ્રમાણે પસંદગી પામેલા નીચેના ૧૩ ગ્રાહકોએ એનો લાભ લીધો છે. યોજનાની શરત મુજબ આ વર્ષ આ અંક સાથે પુરૂં થાય છે એટલે બાકીનાં ૧૨ ગ્રાહક પુરતાં 'અરધાં લવાજમો' હજી અમારી પાસે જમે પડ્યાં છે. એનો ઉપયોગ કરવાની જે કંઇ નવી યોજના મુળ દાતાઓ તરફથી સુચવાશે તે આવતા અંકમાં પ્રકટ કરવામાં આવશે.

યોજનાનો લાભ લેનાર ગ્રાહકો

(૧) રા. મસ્તાન; મુ. ઠઠલાલ (નડીઆદ સ્ટેન).

(૨) વિદ્યાર્થી હીરાલાલ રેવાશંકર રાવળ;
મુ. ભીંડોરા (લીંબુડા થઇને) સ્ટેશન બાંટવા.

(૩) તારાચંદ એન. દોશી; મુ. સરધાર (રીબડા થઇને).

(૪) બાલુભાઈ પુરુષોત્તમદાસ પટેલ,
સ્કુલમાસ્તર; મુ. મખીઆવ (અમદાવાદ જીલ્લો).

(૫) છોટાલાલ મ. પટેલ,
આચાર્ય, વિદ્યાર્થીઆશ્રમ; મુ. માંડલ (વીરમગામ થઇને).

(૬) કેશવલાલ વખતરામ બ્રહ્મક્ષત્રી,
ચોથા આસિ. ગુજરાતી નીશાળ;
મુ. વારાહી (રાધનપુર થઇને).

(૭) સેક્રેટરી જીવા નારણ ફ્રી લાયબ્રેરી;
મુ. માળીઆ હાટીના.

(૮) ઇશ્વરભાઈ કલ્યાણભાઈ ગર્જ્જર,
શિક્ષક, લોકલ બોર્ડ ગુજરાતી સ્કુલ;
મુ. દાવોલ (આણંદ થઇને).

(૯) પુરણદાસજી હરિદાસજી;
મુ. શાહપુર, પોસ્ટ વિઠ્ઠલગઢ (વીરમગામ થઇને).

(૧૦) રામજી લવજી આલગીઆ;
મુ. એક્લેરા (પોસ્ટ દામનગર).

(૧૧) વિષ્ણુશંકર શિવશંકર ઉપાધ્યાય;
હેડમાસ્તર, સરકારી ગુજરાતી સ્કુલ;
મુ. રણાપુર, પોસ્ટ સીનોર (મીઆગામ થઇને).

(૧૨) હીંમતલાલ મણિલાલ મહેતા; મુ. સણોસરા,
(બરવાળા બાવીશી થઇને) સ્ટેશન કુંડલાવ.

(૧૩) વિદ્યાર્થી અમુલખ શિવરામ;
ગુજરાતી નિશાળ મુ. સુઇગામ (રાધનપુર થઇને)



માધુકરી

આપકર્મી


માણસ પોતાની પ્રતિભાને બળે દુનીઆમાં નામ કરી જાય છે એવા ઘણાખરા પ્રતિભાશાળી પુરુષોનાં બાળપણ બહુ દુ:ખમાં વીત્યાં હોય છે. ખાવાપીવા ને કપડાંલત્તાંના પણ તેમને સાંસા વેઠવા પડ્યા હોય છે. પરંતુ પોતાની બુદ્ધિને બળે તેઓ એ સર્વ પર વિજય મેળવી આગળ આવે છે અને પોતાના ચારિત્રને બળે લોકમાન્ય બની જાય છે. ઇંગ્લંડના છેલ્લા વડા પ્રધાન રામ્સે મૅકડોનલ્ડના બાળપણની હકીકત પણ આવી જ છે.

સ્કૉટલંડના એક ગામડામાં તે જન્મ્યો હતો. નીશાળેથી ભણી ઉતર્યાં બાદ એને ખેતરનો આશ્રય લેવો પડયો; અને ત્યાં સાથી તરીકે ક્યારા વાળવા, પંખી ટોવાં વગેરે કામ કરતાં કરતાં તે ખેતીમાં પારંગત થવા લાગ્યો. તે કહે છે કે ખેતીની મજુરી મને એટલી મીઠી અને મોહક લાગી કે તેની કઠિનતાનો ખ્યાલ સુદ્ધાં મને ન આવતો.

પણ બાળપણથી જ તે રાજનીતિનો રસીઓ હતો; અને ખેતીમાં કંઇ બરોબર ગુજરાન ન ચાલતું લાગવાથી એને કુદરતની મીઠી ગોદ મુકીને શહેરમાં વસવાનો અવસર આવ્યો. ૧૯ વરસની નાની વયે તે લોસીમાહથ પ્રજાકીય મંડળનો સરનશીન નીમાયો. તરત જ તેને બ્રિસ્ટલમાં તક મળી. અને આખરે લંડનની સુવર્ણમય શેરીઓની તેની લાંબા વખતની કલ્પના નજરોનજર નીહાળવાનો અવસર આવી લાગ્યો.

પરંતુ 'ડુંગર દુરથી જ રળીઆમણા' હતા. લંડનમાં આવીને જોયું તો તેનાં સુવર્ણનાં સ્વપ્નાં સરી પડતાં જણાયાં. તેને ખુણેખુણેથી ભૂખમરાની ચીસો સંભળાતી હતી. તે કહે છે કે 'હું લંડનમાં આવ્યો ત્યારે એક પણ આદમી એવો ન હતો કે જેને હું પીછાનતો હોઉં, અથવા જે મારી પરવા કરે. કામ શોધવા માટે મેં કેટલાં યે અઠવાડીઆ સુધી 'ડેઇલી ટેલિગ્રાફ'ની જાહેરખબરની કટારો વાંચ્યા કરી. પણ ક્યાં યે મારો પત્તો ન લાગ્યો. અઠવાડીઆ સુધી હું એકાકી અને ગ્લાનિયુક્ત દિવસો ગાળતો લંડનની શેરીઓમાં ભમ્યા કર્યો. છાપાં વેચનારા છોકરાઓની પણ મને ઇર્ષ્યા થવા લાગી. છેવટે 'બસ–ગાડી'ના પાસવાનની પણ જગ્યા મળે તો તેની પણ હું તપાસ કરતો રહ્યો. ગાડીના પાટીઆ પર ઉભા રહી 'એક બાજુ, એક બાજુ' કરવાના દહાડા મારે આવત; પણ એવામાં સારે નસીબે અઠવાડીઆના પંદર શિલિંગના દરે મને એક કામ મળી ગયું.

'પણ મારા ઘરનું ભાડું આપવામાં મારી સઘળી મુડી ખુટી ગઈ, અને ઉલટું માથે દેવું થયું. એટલે એક સાઇકલવાળાની દુકાને, અઠવાડીએ દસ શિલિંગને પગારે પરબીડીઆં પર સરનામાં કરવાના હંગામી કામે રહી ગયો અને બાર માસ સુધી ત્યાં જ નભાવી લીધું. ત્યાર પછી મારો પગાર વધીને એક પાઉંડ થયો. એ વર્ષ દરમ્યાન ભોંયરામાં ચાલતી રેલ્વેની ઑફિસમાં ભરતીઆં કરવાના કામે મને રોકવામાં આવ્યો હતો. હું તો બોલી ઉઠયો, વાહ! આ તો જબરી ફતેહ ગણાય!' મારી વાત માનો ન માનો; પણ મારે હીસાબે તો એ વર્ષ મને ભારે વિજય અને પરાક્રમનું નીવડ્યું. એ ૧૫ શીલીંગમાં તો મેં ખાધું પીધું ને રાજ કર્યું. નવરાશની વેળાએ હું બર્કબેકમાં હાયબરી ઇન્સ્ટીટ્યુટ તથા સીટી ઑફ લંડન કૉલેજમાં ભણતો તેની કેટલીક ફી પણ હું આ પગારમાંથી જ ભરતો; એટલું જ નહિ, પણ રજાઓમાં વતન જવાની વાટખર્ચી પણ એમાંથી જ ફાજલ પાડી શકતો.



રામ્સે મૅકડોનલ્ડ

'એ બધું કેમ બન્યું એ કદાચ તમને નહિ સમજાય, એટલે તમે નહિ માનો પણ જુઓ; કિંગક્રૉસ અને ઍંગલ વચ્ચેના બાજુના ભાગની ગલીઓમાંથી હું સોંઘામાંનું સીધું સામાન ખરીદી લેતો. મારા ખોરાકમાં જવનો લોટ મુખ્ય હતો; પણ લંડનમાં તો એ બહુ મોંઘો, એટલે તે હું મારા વતન સ્કૉટલૅંડથી મંગાવી વાપરતો. આમ મારૂં રોજનું ગુજરાન છ સાત આનામાં પતી રહેતું.

'ચા કૉફી જેવા વિલાસનાં તો મને સાંસાં જ હતાં; એટલે એને બદલે સાદા ગરમ પાણીથી ચલાવી લેતો! એ પણ ચા જેવો જ ખોરાક છે, અને મહાવરો પડ્યા પછી તો ચા જેટલું સ્વાદિષ્ટ પણ લાગે છે એમ મને જણાઇ આવ્યું! બપોરનું ખાણું હું પીઅર્સ અને પ્લીનીની સોંઘી વીશીઓમાં ખાઇ આવતો. મને યાદ છે કે તે ખાણા પાછળ મેં રોજના બે કે ત્રણ આનાથી વધુ ખર્ચ્યું નથી. એ ખાણું તો મારા આખા દિવસનું મુખ્ય ભોજન હતું.

'સવારના આઠથી સાંજના છ સુધી મારે નોકરી ભરવી પડતી. તોપણ પરોઢીએ ચારને ટકોરે તો હું પથારી છોડી ઉભો થઇ જતો, અને વિજ્ઞાન તથા અર્થશાસ્ત્રનો અભ્યાસ કરતો. રાત્રે નાઈટ ક્લાસમાં જતો એટલે ૧૧ વાગ્યા પહેલાં સુવા પામતો નહિ.

'એવામાં એ વખતની નૅશનલ લિબરલ ક્લબના ચીટનીસના રહસ્યમંત્રી બનવાની મને તક મળી, અને તે દિવસથી મારો સિતારો ચડવા લાગ્યો.'

* * *

એક મહીના પહેલાં 'કુમાર'માં અમેરિકાના મહાન પુરુષ અબ્રાહમ લિંકનનું ટુંકું ચરિત્ર આપ્યું હતું. આ મહીને ઇંગ્લંડના છેલ્લા વડા પ્રધાન રામ્સે મૅકડોનલ્ડનું થોડું બાળપણ આપ્યું છે. અમેરિકાના 'યુનિટિ' નામના પત્રે એ બંને મહા પુરુષોના જીવનની બહુ સુંદર સરખામણી કરીને છેવટે કહ્યું છે કે રામ્સે મૅકડોનલ્ડને એના સમયનો લિંકન કહીએ તો તેનું બરોબર ઓળખાણ આપ્યું કહેવાય. લિંકન વકીલના ધંધામાંથી રાજદ્વારી પુરુષ બન્યો; મૅકડોનલ્ડ પત્રકારના ધંધામાંથી. લિંકનમાં જ્ઞાન અને ડહાપણની સાથે જે વિનોદની વૃત્તિ હતી તે મૅકડોનલ્ડમાં છે કે નહિ તે હજી સ્પષ્ટ જણાયું નથી. પણ બીજી ઘણી બાબતોમાં તે બંને વચ્ચે મળતાપણું છે. બંને ઘણી જ કંગાલ દશામાં જન્મ્યા હતા. બન્ને જણની માતા નાનપણમાં જ મરી ગએલી, અને બંનેનાં બાળપણ બીજી પ્રતિભાશાળી સ્ત્રીઓએ ઘડ્યાં: લિંકનનું તેની ઓરમાન માતાએ અને મૅકડોનલ્ડનું તેની દાદીએ. બંને સ્વાશ્રયી હતા; બંનેને વાંચવાનો તીવ્ર શોખ હતો; બંને આપ-બળ ને સ્વપ્રયત્નથી જ આગળ આવ્યા; બંનેએ પોતાનો વિકાસ જાતે જ સાધ્યો; અને તેમનાં ચારિત્ર્યને કળશ ચડાવનાર તે બંનેનાં રાજદ્વારી જીવન પણ અજાયબરીતે એકસરખાં જ છે. લિંકને ગુલામગીરીના દુષ્ટ રીવાજની સામે થઇ તેને નાબુદ કરવા પોતાનો નવો જ પક્ષ (રિપબ્લિકનો) સ્થાપ્યો અને પરિણામે તેનો નેતા થઈ એ રિપબ્લિકનો પ્રમુખ થયો. મૅકડોનલ્ડ મજુરપક્ષની ગુલામગીરી જેવી દશા મિટાવવાને બહાર પડ્યો; તેણે પણ પોતાનો નવો પક્ષ (લેબર-મજુર-પક્ષ) સ્થાપ્યો અને તેના તરફથી ઇંગ્લંડના મુખ્ય પ્રધાન તરીકે ચુંટાયો. તેમની integrity, તેમની સાદાઇ, માણસો ઉપરનો તેમનો કાબુ, આમવર્ગ ઉપરની તેમની અચલિત શ્રદ્ધા, તેમની ધાર્મિક વૃત્તિ, અને આખા જગતમાં સ્વાતંત્ર્ય અને બંધુભાવ ફેલાવવાનું તેમનું વિશાળ સ્વપ્ન: એ ગુણો પણ એ બંને મહાપુરુષોનાં ચારિત્રમાં એકસરખા છે.

દેશબંધુનું સમર્પણ

દેશબંધુ દાસના સર્વસ્વ સમર્પણની ખબર અનુપમ આનંદ અને આભારની લાગણીથી સર્વે વધાવી લેશે. ઘણાં વરસોથી બંગાળના રાજકીય અગ્રેસર તરીકે તેઓ પંકાયા હતા. સન ૧૯૦૭-૦૮ માં શ્રી અરવિંદ ઘોષનો કોરટમાં તેમણે બચાવ કર્યો હતો તેના પડઘા હજી પણ ઘણાના કાનમાં વાગે છે. સન ૧૯૧૯ માં ઘણા મહીના સુધી પંજાબની તપાસમાં તેઓ રોકાયા ને તે પછી તેમણે અમૃતસરની મહાસભામાં મહાત્માજી સાથે લડત ખેલી તેથી તેમના પર સૌની વધારે શ્રદ્ધા બેઠી. ૧૯૨૦ ની નાગપુરની મહાસભા પછી તરત જ તેમણે વકીલાત અને લાખો રૂપીઆની કમાણી ફેંકી દઇને ફકીરી લીધી ત્યારથી સારા દેશમાં તેઓ પુજાય છે. તે જ વરસની આખરમાં હજારો બંગાળી યુવાનોની સાથે જેલ પણ તેમણે લીધી ને છુટ્યા પછી સમય અનુસાર રાજનીતિ યોજીને અનુપમ બાહોશી બતાવી. તેમના સ્વરાજ્ય પક્ષે જુજ વખતમાં જે પરાક્રમ કર્યાં છે તેની કદર સરકારે દમનનીતિ આદરીને કરી છે.

આમ જીવન સમર્પણ તો તેમણે કર્યુ જ છે. આજે તેમણે દેશકાર્યમાં તમામ મીલ્કત આપી દઇને પોતાનાં ત્યાગમંદિર પર સુવર્ણ કળશ મુક્યો છે. રાતદિવસ રાજકીય લડતમાં ગુંથાએલા આ પુરુષે પોતાની મીલ્કત સ્ત્રીઓની કૉલેજ અને એક મંદિર માટે અર્પણ કરી છે એ તેમના દિલનું ઉંડુ વલણ સુચવે છે. કોઈ ચક્રવર્તીને પણ શરમાવે એવી ઉદારતાથી પોતાની લાખોની આવકનો મોટો ભાગ જેઓ ગરીબ વિદ્યાર્થીઓને અને નિરાધાર કુટુંબોને આપતા હતા તેઓ આજે બાકી રહેલું ધન પણ ધર્મ અને સ્ત્રી જાતિની સેવામાં અર્પે એમાં શું આશ્ચર્ય!



દેશબંધુ

ધર્મ, શૌર્ય ને શક્તિથી સંપન્ન આ વીર પુરુષ આપણી લડત ચલાવવાને અને સ્વરાજ્ય ભોગવવાને વરસો સુધી જીવે એવી પ્રાર્થના છે. (હીંદુસ્તાન, ૭-૧૨-૨૪)

કરોડોની દોલતમાંથી લાખો કાઢી આપનારા લક્ષ્મીપુત્રો તો આપણે કેટલાયે જોયા; પણ પોતાની બધી મિલ્કત, બધી સંપત્તિ માતાને ચરણે ધરી દઇ, એકના એક પુત્રને અને અર્ધાંગનાને સાથે લઈ, ગરીબોની ઝુંપડી તરફ પગલાં માંડે, એવો તો એક ચિત્તરંજન. વર્ષની લાખોની કમાણી છોડી, પળવાર પણ જંપ્યા વિના દેશભરમાં ઘુમ્યા કરતા હતા: છતાં દેશબંધુને સંતોષ ન્હોતો: માતાને કાજે જેલમાં જઈ આવ્યા છતાં દેશબંધુને તૃપ્તિ ન્હોતી: તેમને સદાય લાગ્યાં જ કરતું કે હજી કંઇક અધુરૂં છે: હજી મારે કંઇક કરવાનું રહે છે: તેમને રાત્રિની શાન્તિમાં માતાનો અવાજ સંભળાયા કરતો હશે: આજે એમણે પોતાની આઠલાખની મિલ્કત માતાના ચરણમાં મુકી દઇ, એ અધુરૂં પુરૂં કર્યું: જીવનનો પરમ સંતોષ મેળવ્યો: દેશબંધુ આજથી સાચે-સાચા મિસ્કીન બની ગયા. હવે તો તે કોઈ ગામડામાં ગરીબોની વચ્ચે પોતાનું નાનું ઘર વસાવી વસશે, અને ગરીબોની સાચી ઓળખાણ કરશે.

પુષ્પ પોતાને પ્રભુની સેવામાં ધરીને પોતાની જાતને ધન્ય માને તેમ દેશબંધુ આજે પોતાને માતાની સેવામાં ધરી, જાતને ધન્ય માનતા વિશેષ પ્રફુલ્લ બનીને આપણી સમક્ષ ખડા છે. ભારતના ઇતિહાસમાં અત્યારે અંધારી રાત્રિ છે; પણ તેમાં, જાણે તારાઓ પ્રકાશના અક્ષરે એક નામ આલેખી રહ્યા હોય તેમ, દેશબંધુનું નામ જળહળી રહ્યું છે. જય દેશબંધુ! (સૌરાષ્ટ્ર તા. ૧૩-૧૨-૨૪, ટુંકાવીને)

બી અમ્મા

ઉછરતા હીંદને સાચી માતા જોઇએ છીએ, બી અમ્મા જેવી—શૌકત મહમ્મદ સરખા વીર સરજાવે તેવી—માતા જોઇએ છીએ.

પણ બી અમ્મા તો ગયાં. જ્યારે આપણને ખરો ખપ પડ્યો ત્યારે જ એ ચાલી નીકળ્યાં. એમણે જીવવું જાણ્યું, મરવું જાણ્યું અને હવે મરીને એ હમેશ જીવશે.

હીંદનો બાળક આજ અપંગ જેવો છે, કારણ કે એની પીઠ પાછળ-વાંસા ઉપર ખરી માતા કે બ્હેનનો હાથ નથી. જ્યારે માતાના વ્હાલસોયા બોલમાં એટલું બળ હશે, બ્હેનના મોંઘા કોડમાં એટલું પ્રેમ હશે કે એ બોલ અને કોડ માટે દરેક જુવાન ગમે તે સાહસ-પરાક્રમ ખેડવા-



પ્યારી અમ્મા

વિજય મેળવવા કમ્મર કસશે, તે દિવસ સોનાનો ઉગશે. હીંદના સ્વરાજ્યની કુંચી તો એમની માતા, બ્હેન અને સ્ત્રી પાસે છે.

ક્રેશ અને ધર્મનો એમનો દેહ બંધાયો હતો; પ્રેમનો એમનો પ્રાણ ચાલતો હતો. વૃદ્ધાવસ્થાના એ વાત્સલ્યમાં હજાર હાથીનું બળ દોડતું હતું. બોલેબોલમાં આબાદ 'મા' બોલતી હતી.

વરસોનું વૈધવ્યતપ વેઠીને એમણે પતિના પ્રાણ જેવા પુત્રો કેળવ્યા, અને તેમને દેશ તથા દીનની દીક્ષા દીધી–મરી ફીટવાનો મંત્ર ફુંક્યો.

એમની જુની આંખમાં નજર નવી ફરતી. મુસલમાન લોકની રુઢિ મુજબ એ પરદેનશીન રહેતાં; પણ જનાનાની ચાર દીવાલો વચ્ચે એનું વાત્સલ્ય ગોંધાયું નહિ. એ સમજ્યાં કે બંધાઈ રહેવું–રૂંધાઇ રહેવું એ મનુષ્યનો–માતાનો ધર્મ નથી. હીંદુસ્તાનના નબળા પુત્રોને માતાનો ચહેરો, બોલ અને પ્રાણ મળવો જોઇએ, એ વગર દેશનો જયવારો નથી. એ સમજ્યાં અને પરદો ફગાવ્યો, બુરખો કાઢ્યો અને બહાર આવી દેશમાતા બન્યાં. આમ નવો જમાનો એમણે ઘડ્યો.

હીંદુમુસલમાનની જાણે એ બીજમાવડી હતાં, ગાંધીજીની જાણે પ્રભુમોકલી પાવડી હતાં.

બહારનાં ભાષણો અને મંડળોમાં ફરનારાઓ ખાનદાન બી અમ્માનું જીવનકામ કદાચ ન સમજે. બી અમ્માની બંદગી અંતરમાં થતી અને પ્રેરણા પુત્રો દ્વારા ફળતી.

ઈસ્લામની આ ફકીરણ એક અલ્લાહને માનતી અને માલેકના હકથી સઘળું હેઠું સમજતી. એ ખુદાઈ ટેક જાળવવા એમણે રામપુરની રિદ્ધિ છોડી, પ્યારા ફરજંદને જેલ મોકલ્યા, જુદાઈની આગમાં હીજરાઈ રહી.

દાદીમાઓને નજરે જોવાનો જમાનો ઉતરતો જાય છે ત્યાં તેમના વત્સલ હાથના ઉછેરની વાત શી કરવી? એ વેળાએ પ્યારી બી અમ્મા જતાં દેશને ખરેખરી વીપત પડી છે.

શૌકતમહમ્મદ ભાઇઓની આ દિલગીરીમાં 'કુમાર' પોતાનાં વાંચનારાંની દિલસોજી નોતરે છે અને એ બેહિશ્તનશીન મૈયાની કબર પર સદ્ભાવનાં ફુલ ચડાવે છે.

જીવનકલા

'સદ્ભાગ્યે મને કળાનું ભાન બહુ મોડું થયું. નાનપણમાં કે મોટપણમાં ભણતરને મેં મારા જીવનવિકાસમાં આડે આવવા દીધું જ નથી એટલે છેક બાળપણથી કુદરતની ગોદમાં જ રમ્યો છું ને ઉછર્યો છું. મુસાફરી એ મારો નાનપણનો આનંદ. અને તે મુસાફરી પણ પાર્સલની પેઠે રેલ્વેના ડબામાં બેસીને કરેલી નહિ, પણ બળદગાડી સાથે મજલ દર મજલ કરેલી. છોકરાઓ કે મોટાઓ સાથે હું ઓછો ભળતો નહિ; પણ પશુપક્ષી અને ઝાડપાન સાથે જ વધારે દોસ્તી બાંધેલી. ડુંગરાઓમાં વહેતાં ઝરણાંને કાંઠે બેસીબેસીને અર્થવગરની વાતો કરતાં પણ હું શીખેલો. થોડા જ દિવસમાં મેં જોયું કે શાળાના ઘણાખરા વિદ્યાર્થીઓએ અરૂણોદયની શોભા જોએલી જ ન હતી. મોડી રાતે ચંદ્રમા જ્યારે આથમે છે ત્યારે તે કેવો મઝાનો તાંસળી જેવો દેખાય છે એનો તો તમને ખ્યાલ જ ક્યાંથી હોય? એક વખત અમે સાવંતવાડીને રસ્તે મુસાફરી કરતા હતા. ચંદ્ર આથમવા આવ્યો હતો, રાતના બેનો શુમાર હશે; ગાડીમાં સુતો સુતો હું ચંદ્ર જોતો હતો. ચંદ્ર છેક ક્ષિતિજ પાસે આવ્યો, અને તેના પર લાલ કાળાશ છવાઇ. આખી કુદરત પણ ભારે ગમગીનીમાં પડી હોય એવી દેખાવા લાગી. કુદરતમાં સૌંદર્ય સાથે ભાવનાઓ પણ હોય છે એની છાપ તે દિવસે મારા દસ વરસના બાળહૃદય પર પહેલવહેલી પડી.

છતાં હજી કળાનું ભાન જાગ્યું ન હતું. ઘરમાં તેમજ મંદિરોમાં ધાર્મિક સંસ્કારો, વિધિઓ, તહેવારોની આયોજનાઓ, અને ઉત્સવોની અસર નાનપણથી જ થતી હતી. ત્રણત્રણ કલાક સુધી ઘરમાં દેવપુજા કરવાનો મારો આગ્રહ હોવાથી, મૂર્તિઓની નવીનવી રચના, રંગરંગનાં ફુલો અને દુર્વા, તુલસી અને બિલિપત્રની નવીનવી શોભા જોવાની ટેવ તથા આનંદ એની સાથે જ મળતાં. દરેક પ્રાંતનાં વાસણો જુદાં, પોશાક જુદો, રીવાજો જુદા, અને ઘરની બાંધણી પણ જુદી, એ જોઇને તેના ભેદ અને સરખાપણા તરફ આપોઆપ ધ્યાન ખેંચાતું. દેશી રાજ્યોની રાજધાનીઓ પણ ફરીફરી જોવાની તક મળતી હોવાથી દરબારી ઠાઠ, ગાયન અને નાચ, રાજમહેલો અને ત્યાંનો વિવેક, એ બધું જોવા મળતું, અને મારૂં તરગી મન આ બધી બાબતો પર અનેક રીતે વિચારો કરી કલ્પનાઓ બાંધતું.

કેળવણી પુરી કર્યા પછી જ્યારે હું જીવનનાં અંગપ્રત્યંગોનું મનન અને વિવેચન કરવા લાગ્યો, ત્યારે જ કળાનું ભાન મને પહેલીવાર થયું, એનું મહત્ત્વ સમજાયું. મોજશોખ અને વિલાસમાં પડેલા લોકોનું જીવન કેટલું હીન, નિંદ્ય, છીછરૂં અને દંભી હોય છે એનું ભાન આ પહેલાં જ મને થએલું હોવાથી સાચી કળાનું સ્વરૂપ સમજતાં મને વાર ન લાગી. આટલી તૈયારી પછી કળા પરના પ્રમાણિક ગ્રંથો વાંચતાં મુશ્કેલી ન નડી, અને શંકાકુશંકાઓનું તોફાન પણ મગજમાં ન ઉઠ્યું.' દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

[સુરતના પુસ્તકસપ્તાહ વખતે વહેંચાએલી એ નામની પત્રિકાના શરૂઆતના ભાગ]

આ માસિક, અમદાવાદ, સારંગપુર, નવજીવન મુદ્રણાલયમાં તંત્રી રવિશંકર મહાશંકર રાવળે છાપી, કુમાર કાર્યાલય, ૪૪૮૦, રાયપુર, અમદાવાદમાંથી પ્રગટ કર્યું.